RNI NO. GUJ/GUJ/2004/15191
LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !
BHAVNAGAR
www.aaspassdaily.com
● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫
● સંવત ૨૦૮૨ જેઠ વદ - ૧૧   શનિવાર તા.૧૧-૦૭-૨૦૨૬   અંક : ૨૧૧ વર્ષ : ૨૩   news@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮
LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

# ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે થયા મહત્વના કરાર

## ઓકલેન્ડમાં પીએમ મોદી અને ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન વચ્ચે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠક બાદ બંને દેશોએ કુલ ૧૮ મોટા કરારો પર કર્યા હસ્તાક્ષર



નવી દિલ્હી,

ઓકલેન્ડમાં પીએમ મોદી અને ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન વચ્ચે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠક બાદ બંને દેશોએ કુલ ૧૮ મોટા કરારો અને જાહેરાતો પર સહમતી વ્યક્ત કરી છે, જેમાં ૧૦ એમઓયુ અને ૮ મોટી જાહેરાતોનો સમાવેશ થાય છે.

આ ઐતિહાસિક નિર્ણયોને પગલે ભારત અને ન્યૂઝીલેન્ડના સંબંધોને હવે 'સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ'નો દરજ્જો મળી ગયો છે. હવે બંને દેશો સંરક્ષણ, દરિયાઈ સુરક્ષા, વેપાર, કૃષિ, શિક્ષણ, રમતગમત અને સંસ્કૃતિ જેવા અનેક ક્ષેત્રોમાં સાથે મળીને કામ કરશે. વૈશ્વિક નિષ્ણાતો આ વ્યૂહાત્મક ભાગીદારીને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ચીનની વધતી જતી દાદાગીરી અને પ્રભાવને સંતુલિત કરવાના એક મજબૂત કદમ તરીકે જોઈ રહ્યા છે.આ ઐતિહાસિક મુલાકાત દરમિયાન સૌથી મહત્ત્વના કરારો સંરક્ષણ અને દરિયાઈ સુરક્ષાને લઈને કરવામાં આવ્યા છે. હવે ભારત અને ન્યૂઝીલેન્ડની સેનાઓ દરિયાઈ સુરક્ષા, ગુપ્ત માહિતીઓ શેર કરવા અને સંયુક્ત સૈન્ય અભ્યાસમાં સાથે મળીને કામ કરશે. આ ઉપરાંત, બંને દેશોએ દરિયાઈ માર્ગોની સુરક્ષાને વધુ સુદ્રઢ બનાવવા માટે સમુદ્રને લગતા નકશા અને હાઈડ્રોગ્રાફી ડેટા એકબીજા સાથે શેર કરવા પર પણ સંમતિ આપી છે. આ રક્ષા કરાર હેઠળ એક મોટો નિર્ણય એ પણ લેવાયો છે કે બંને દેશોની નૌસેનાઓ જરૂરિયાત ઊભી થવા પર એકબીજાને લોજિસ્ટિક સપોર્ટ પણ પૂરી પાડી શકશે.આતંકવાદ અને કુદરતી આપદાઓ સામે લડવા માટે પણ બંને દેશોએ હાથ મિલાવ્યા છે. ભારત અને ન્યૂઝીલેન્ડે આતંકવાદ વિરોધી એક જોઈન્ટ વર્કિંગ ગ્રુપ બનાવવાનું નક્કી કર્યું છે, જે અંતર્ગત આતંકવાદી ગતિવિધિઓ સાથે જોડાયેલી માહિતી શેર કરીને સંયુક્ત વ્યૂહનીતિ બનાવવામાં આવશે.આ સાથે જ ભૂકંપ, સુનામી જેવી કુદરતી આપદાઓ સામે લડવા માટે આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે ટેક્નોલોજીની આપ-લે કરાશે. કૃષિ અને ડેરી સેક્ટરમાં પણ આધુનિક સંશોધનો અને ખેતીની શ્રેષ્ઠ પદ્ધતિઓ શેર કરવામાં આવશે, જેના ભાગરૂપે 'કીવીફ્રૂટ એક્શન પ્લાન' શરૂ કરાયો છે. આ પ્લાન હેઠળ ભારતના નાગાલેન્ડ અને ઉત્તરાખંડમાં કીવીના બે 'સેન્ટર ઓફ એક્સેલન્સ' બનાવવામાં આવશે, જ્યાં ખેડૂતોને નવી લેન્ડ ટેક્નોલોજી અને વિશેષ પ્રશિક્ષણ અપાશે.

આર્થિક મોરચે બંને દેશોએ વર્ષ ૨૦૩૦ સુધીમાં પરસ્પર દ્વિપક્ષીય વેપારને ૭ અબજ ન્યૂઝીલેન્ડ ડૉલર સુધી પહોંચાડવાનું મહત્ત્વનું લક્ષ્ય રાખ્યું છે, જેને ભવિષ્યમાં મુક્ત વ્યાપાર કરાર તરફનું એક મોટું કદમ માનવામાં આવે છે. આ ઉપરાંત પ્રવાસન, રમતગમત અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે નવા કરારો થયા છે, જેમાં ગુજરાતના લોથલ ખાતે બની રહેલા 'નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ'ના વિકાસમાં ન્યૂઝીલેન્ડ સહયોગ આપશે.



ગાઝા શહેરમાં યુદ્ધથી વિસ્થાપિત લોકો માટેના શિબિરમાં ભૂગર્ભ પાઈપોના અવશેષોમાંથી ખેંચાયેલા પાણીથી એક છોકરી કન્ટેનર ભરે છે. દેશના સૌથી મોટા શસ્ત્ર સપ્લાયર, એલ્બિટ સિસ્ટમ્સ દ્વારા રજૂ કરાયેલા પ્રેઝન્ટેશન અનુસાર, ઈઝરાયલે ગાઝા અને લેબનોનમાં યુદ્ધના પ્રથમ બે વર્ષ દરમિયાન દરરોજ લગભગ ૧,૦૦૦ સંભવિત લક્ષ્યોની ઓળખ કરી હતી.

# બ્રિટનમાં પૂર્વ મંત્રી વિડેકોમ્બની તેમના ઘરમાં જ કરાઈ ઘાતકી હત્યા

## પોલીસે કથિત હત્યારા શખ્સની કરી ધરપકડ

નવી દિલ્હી,

બ્રિટનના કન્ઝર્વેટિવ પાર્ટીના વરિષ્ઠ નેતા અને પૂર્વ બ્રિટિશ મંત્રી એન વિડેકોમ્બની તેમના જ ઘરમાં હત્યા કરવામાં આવી હતી. ૭૮ વર્ષીય વિડેકોમ્બનો લોહીથી લથબથ મૃતદેહ તેના નિવાસસ્થાનેથી મળી આવતા સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી ગઈ છે. પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી કરીને એક ૨૮ વર્ષીય બ્રિટિશ યુવકની ધરપકડ કરી છે.પોલીસ તપાસ અનુસાર, એન વિડેકોમ્બ દક્ષિણ-પશ્ચિમ ઈંગ્લેન્ડના ગ્રામીણ વિસ્તારમાં આવેલા તેમના નિવાસસ્થાને એકલા રહેતા હતા. ઘટનાની માહિતી મળતા જ જ્યારે પોલીસ ત્યાં પહોંચી ત્યારે તેનો મૃતદેહ મળી આવ્યો હતો, જેના શરીર પર તીક્ષ્ણ હથિયાર અથવા હુમલાના અનેક ગંભીર ઈજાના નિશાન હતા.પોલીસે ઘટનાસ્થળથી આશરે ૧૫ કિલોમીટર દૂર આવેલા 'ન્યૂટન એબોટ' (Newton Abbot) વિસ્તારમાંથી ૨૮ વર્ષીય બ્રિટિશ નાગરિકની ધરપકડ કરી છે. પ્રાથમિક પૂછપરછ અને તપાસમાં હજુ સુધી આ હત્યા પાછળનો ચોક્કસ હેતુ કે કારણ સામે આવ્યું નથી. પોલીસ તમામ પાસાઓ પર તપાસ ચલાવી રહી છે.એન વિડેકોમ્બ બ્રિટનના રાજકારણમાં એક જાણીતો અને સન્માનિત ચહેરો હતા. પોતાની લાંબી રાજકીય કારકિર્દી દરમિયાન તે કન્ઝર્વેટિવ પાર્ટીના અગ્રણી નેતા રહ્યા હતા.

# ઈરાન હત્યાની કોશીશ કરશે તો ૧૦૦૦ મિસાઈલનો મારો ચલાવીશું : ટ્રમ્પ

## અમેરિકન રાષ્ટ્રપતિની ઈરાનને ખુલ્લી ધમકી



વોશિંગ્ટન,


અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ઈરાનને ધમકી આપી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં ટ્રમ્પે કહ્યું, "જો ઈરાની સરકાર અમેરિકાના વર્તમાન રાષ્ટ્રપતિ પર હુમલો કરવાની કે તેમની હત્યા કરવાની ધમકીનું પાલન કરે છે, તો ઈરાન પર ૧,૦૦૦ મિસાઈલ છોડવા માટે તૈયાર છે. હજારો મિસાઈલ તાત્કાલિક અનુસરશે. આદેશો જારી કરવામાં આવ્યા છે, અને યુએસ સૈન્ય એક વર્ષ સુધી ઈરાન પર હુમલા ચાલુ રાખવા માટે સંપૂર્ણપણે તૈયાર અને સક્ષમ છે, દરેક ઈરાની ક્ષેત્રને સંપૂર્ણપણે નાશ અને વિનાશ કરે છે - ભગવાન તમારું ભલું કરે!"

અમેરિકાએ ઈરાનને અલ્ટીમેટમ જારી કર્યું છે, જેમાં માંગ કરવામાં આવી છે કે ઈરાન હોર્મુઝ સ્ટ્રેટને વાણિજ્યિક શિપિંગ માટે ખોલે અને જહાજો પર હુમલા બંધ કરે. અમેરિકાએ ચેતવણી આપી છે કે જો ઈરાન આમ નહીં કરે, તો તેના પરિણામો ભયંકર આવશે. આ ચેતવણી એવા સમયે આવી છે જ્યારે અમેરિકા અને ઈરાન હવાઈ હુમલાઓની આપ-લે કરી રહ્યા છે.

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે વોશિંગ્ટન ઇચ્છે છે કે ઈરાન જાહેર નિવેદન જારી કરે કે હોર્મુઝ સ્ટ્રેટ બધા જહાજો માટે ખુલ્લું છે અને જહાજો પર વધુ હુમલા નહીં થાય. વધુમાં, અમેરિકાએ સ્પષ્ટ કર્યું છે કે આમ કરવામાં નિષ્ફળ રહેવું ઈરાન માટે હાનિકારક રહેશે.

# બ્રહ્મોસ મિસાઈલ વહન કરવા સક્ષમ સ્વદેશી જહાજ મહેન્દ્રગીરી ભારતીય નૌકાદળમાં સામેલ

## વિશાખાપટ્ટનમ ખાતે રક્ષામંત્રીએ સ્વદેશી બનાવટનું યુદ્ધ જહાજ રાષ્ટ્રને સમર્પિત કર્યું



વિશાખાપટ્ટનમ, આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં આયોજિત એક સમારોહમાં, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે અત્યાધુનિક, ૭૫% સ્વદેશી રીતે નિર્મિત સબમરીન આઈએનએસ મહેન્દ્રગિરી ભારતીય નૌકાદળને સમર્પિત કરી. તે બ્રહ્મોસ મિસાઈલ પણ તૈનાત કરી શકે છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની હાજરીમાં વિશાખાપટ્ટનમમાં આયોજિત એક સમારોહમાં આઈએનએસ મહેન્દ્રગિરીનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. સમારોહમાં, સંરક્ષણ પ્રધાને જણાવ્યું હતું કે આ જહાજમાં વપરાતી ૭૫% સામગ્રી સ્વદેશી છે. મહેન્દ્રગિરી સંપૂર્ણપણે અભેદ્ય છે. રાજનાથ સિંહે એમ પણ કહ્યું હતું કે બ્રહ્મોસ મિસાઈલને આ જહાજ પર પણ તૈનાત કરી શકાય છે. સંરક્ષણ પ્રધાને જણાવ્યું હતું કે આંધ્રપ્રદેશ હવે દેશના સંરક્ષણ અને એરોસ્પેસ ઉત્પાદન ક્ષેત્રમાં એક નવી શક્તિ તરીકે ઉભરી આવ્યું છે. તેમણે એમ પણ કહ્યું હતું કે આઈએનએસ મહેન્દ્રગિરી હવા, સમુદ્ર અને પાણીની અંદરથી આવતા ખતરાઓનો એકસાથે સામનો કરવા સક્ષમ છે. સંરક્ષણ પ્રધાને જણાવ્યું હતું કે સક્ષમ અને ઝડપથી પ્રતિભાવ આપતી નૌકાદળ કોઈપણ રાષ્ટ્ર માટે જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયામાં સંઘર્ષ શરૂ થયો ત્યારથી, ભારતીય નૌકાદળે ઓપરેશન ઉર્જા સુરક્ષા હેઠળ ૯,૦૦૦ કરોડથી વધુ કિંમતના આવશ્યક માલસામાન વહન કરતા વેપારી જહાજોને સુરક્ષિત માર્ગ પૂરો પાડ્યો છે.

# ૨૦ જુલાઈથી શરૂ થઈ રહેલા સંસદના ચોમાસુ સત્રમાં રાજ્યસભામાં ભાજપની તાકાત વધશે

## રાજ્યસભામાં ભાજપનું સંખ્યાબળ ૧૧૭ થશે, જે ઈતિહાસમાં સૌથી વધુ

નવીદિલ્હી,

૨૦ જુલાઈથી શરૂ થઈ રહેલા સંસદના ચોમાસુ સત્રમાં રાજ્યસભામાં ભાજપની તાકાત વધશે. રાજ્યસભામાં આ સંખ્યા મહત્વપૂર્ણ બિલો પસાર કરવામાં મદદ કરશે. ૨૪ જુલાઈ પછી, રાજ્યસભામાં ભાજપનું સંખ્યાબળ ૧૧૭ થશે, જે તેના ઈતિહાસમાં સૌથી વધુ છે. આનાથી ભાજપ ૧૨૩ ની સાદી બહુમતીથી ફક્ત છ દૂર રહે છે. સાત નામાંકિત સભ્યો અને ત્રણ અપક્ષ - પરિમલ નથવાણી, દિલીપ રે અને કાર્તિકેય શર્મા - ને ઉમેરીને ભાજપ સાદી બહુમતીનો આંકડો વટાવીને ૧૨૭ પર પહોંચે છે. સાથી પક્ષો સાથે, આ સંખ્યા બે તૃતીયાંશ મત અથવા ૧૬૪ ની નજીક પહોંચે છે.ભાજપના સાથી પક્ષોમાં ટીડીપી,એઆઈએડીએમકે,જદયુ અને એનસીપીના ચાર-ચાર સાંસદ, શિવસેના અને યુપીપીએલના બે-બે અને આરપીઆઈ,એજીપી એમએવએફ એનપીપી આરએલએમ અને જનસેના પાર્ટીના એક-એક સાંસદનો સમાવેશ થાય છે. આનો અર્થ એ થયો કે ભાજપના કુલ સાથી પક્ષો ૨૬ છે. પરિણામે, એનડીએ ની સંખ્યા ૧૫૩ પર પહોંચી ગઈ છે, જે બે તૃતીયાંશ મતથી ફક્ત ૧૧ ઓછી છે.ભાજપની તાજેતરની તાકાત ત્રણ ભૂતપૂર્વ ટીએમસી રાજ્યસભા સાંસદો, સુખેન્દુ શેખર રોય, સુષ્મિતા દેવ અને પ્રકાશ ચિકને કારણે છે, જેઓ હવે ભાજપના સભ્ય છે. આ ત્રણેય ગુરુવારે સાંજે ભાજપમાં જોડાયા, અને તેના થોડા સમય પછી, ભાજપે તેમને ૨૪ જુલાઈના રોજ પશ્ચિમ બંગાળની ત્રણ રાજ્યસભા બેઠકો માટે યોજાનારી પેટાચૂંટણી માટે પોતાના ઉમેદવારો તરીકે જાહેર કર્યા. આ ત્રણ બેઠકો તેમના રાજીનામાથી ખાલી થઈ હતી, અને તેમની જીત હવે માત્ર ઔપચારિકતા બની ગઈ છે.

# ઉઝબેકિસ્તાનમાં ધર્મ પરિવર્તન માટે દબાણ કરી ભારતીય વિદ્યાર્થિનીની હત્યા

ઉઝબેકિસ્તાન,

ઉઝબેકિસ્તાનમાં અભ્યાસ કરતી ભારતીય મહિલા મેડિકલ સ્ટુડન્ટનું ધર્મ પરિવર્તન માટે દબાણ બાદ કથિત રીતે હત્યા કરવામાં આવી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ કેસમાં પોલીસે એક ભારતીય વિદ્યાર્થી અને તેના સાથી સહાધ્યાયીની ધરપકડ કરી છે. આ ૨૧ વર્ષીય મેડિકલ સ્ટુડન્ટ સાંવરિયા બસંતના પરિવારજનોએ આક્ષેપ લગાવ્યો છે તેની પર આરોપી વિદ્યાર્થી લાંબા સમયથી ધર્મ પરિવર્તનનું દબાણ કરતો હતો.

સાંવરિયા બસંત ઉઝબેકિસ્તાનમાં બુખારા સ્ટેટ મેડિકલ ઈન્સ્ટિટ્યૂટમાં પ્રથમ વર્ષની વિદ્યાર્થીની હતી. તેના પર હુમલો કરીને હત્યા કરવાના આરોપમાં ૨૨ વર્ષીય સદરુલ અનમ નામના વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. આ આરોપી કેરળના મલપ્પુરમ જિલ્લાનો વતની હોવાનું જાણવા મળ્યું છે. ઉઝબેકિસ્તાન પોલીસે તેને કસ્ટડીમાં લીધો છે અને તપાસ શરૂ કરી છે.

સાંવરિયા બસંતના પાર્થિવ દેહને ભારત લાવ્યા બાદ તેના પરિવારની વિનંતી પર ગુરુવારે અલાપ્પુઝા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં બીજી પોસ્ટમોર્ટમ તપાસ કરવામાં આવી હતી. ત્યારબાદ પરિવારે તેના અંતિમ સંસ્કાર કર્યા.

# તેલંગાણામાં પોક્સોના આરોપીએ બે પરિવારના છ સભ્યોની કરી ઘાતકી હત્યા

## પીડિત સગીરા તેમજ તેના ઘરના સભ્યો અને પોતાની પત્ની અને બે સંતાનોની પણ કરી હત્યા

રંગારેડ્ડી,

તેલંગાણાના રંગારેડ્ડી જિલ્લાના શહાબાદ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક રૂવાડા ઉભા કરી દે તેવી ક્રૂર ઘટના સામે આવી છે. અહીં પોક્સો એક્ટના એક આરોપીએ જામીન પર જેલમાંથી બહાર આવતાની સાથે જ એક જ રાતમાં બે પરિવારોના કુલ ૬ લોકોની હત્યા કરી નાખી છે. નરાધમે તેને જેલમાં મોકલનાર સગીર પીડિતાના પરિવારની હત્યા કર્યા બાદ પોતાના ઘરે જઈને પત્ની અને બે માસૂમ બાળકોને પણ મોતને ઘાટ ઉતારી દીધા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, ૩૫ વર્ષીય આરોપી રાજુ કુમાર સામે સગીર છોકરીનો પીછો કરવા બદલ આ જ વર્ષે મે મહિનામાં પોક્સો હેઠળ ગુનો નોંધાયો હતો. શુક્રવારે રાત્રે આશરે ૧૦:૪૫ વાગ્યે આરોપી પોતાના ગામ રાયવલગુડાથી ૬ કિલોમીટર દૂર શહાબાદ પહોંચ્યો, જ્યાં સગીર પીડિતાનો પરિવાર રહેતો હતો. જેમ જ પીડિતાની ૪૨ વર્ષીય માતાએ દરવાજો ખોલ્યો, રાજુએ તેમના પર ચપ્પુ વડે હુમલો કરી દીધો. ત્યારબાદ ઘરમાં ઘૂસીને સૂઈ રહેલી ૬૦ વર્ષીય નાનીની પણ હત્યા કરી નાખી. જોકે, ઘરમાં હાજર પીડિતાની ૨૦ વર્ષીય માનસિક રીતે અસ્વસ્થ બહેનને તેણે કોઈ નુકસાન પહોંચાડ્યું ન હતું.

ઘરમાં બે હત્યાઓ કર્યા બાદ આરોપી રાજુ કુમારે સગીર પીડિતાનું જબરદસ્તી કારમાં અપહરણ કર્યું હતું. તે તેને પોતાના ગામ પાસે આવેલી એક તળાવની પાળ પર લઈ ગયો અને ત્યાં ચપ્પુના ઘા ઝીંકીને તેની પણ ક્રૂરતાપૂર્વક હત્યા કરી નાખી અને શવને ત્યાં જ છોડી દીધો.

તળાવ કિનારે સગીરાની હત્યા કર્યા બાદ રાજુ રાત્રે ૧૧:૨૧ વાગ્યે પોતાના ઘરે પહોંચ્યો હતો. તપાસ અધિકારીઓના મતે તે ઘરમાં માત્ર ૬ મિનિટ જ રોકાયો હતો. આટલી જ વારમાં તેણે રૂમમાં સૂઈ રહેલી પોતાની ૩૧ વર્ષીય પત્ની અને બે માસૂમ દીકરાઓ (એકની ઉંમર ૪ વર્ષ અને બીજાની ૧૮ મહિના) નું ગળું રેતી દીધું હતું.

આ ભયાનક નરસંહારને અંજામ આપ્યા બાદ આરોપીએ તેના પિતાને ફોન કરીને જણાવ્યું કે, "મેં બંને પરિવારોને ખતમ કરી દીધા છે અને હવે હું પોતે આત્મહત્યા કરવા જઈ રહ્યો છું." આ સાંભળી ગભરાયેલા પિતાએ તરત જ પોલીસને જાણ કરી હતી. ફ્યુચર સિટીના પોલીસ કમિશનર તરુણ જોશીએ જણાવ્યું કે આરોપી પોતાની કાર લઈને ફરાર થઈ ગયો છે, તેને પકડવા માટે પોલીસની સ્પેશિયલ ટીમો બનાવવામાં આવી છે અને તમામ ૬ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવાયા છે.



# નવી મહાનગરપાલિકાઓમાં ૧૧ મહત્વના પ્રોજેક્ટ માટે પાંચ વર્ષ સુધી જમીન વિનામૂલ્યે ફાળવાશે

## મહેસાણા, નડિયાદ, આણંદ, નવસારી, વાપી, મોરબી, ગાંધીધામ અને સુરેન્દ્રનગર તથા પોરબંદર મહાનગરપાલિકાને મળશે લાભ

ગાંધીનગર,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં નવી રચાયેલી નવ મહાનગરપાલિકાઓને મજબૂત બનાવીને નાગરિકોને ઝડપી અને ગુણવત્તાસભર પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા એક મહત્વપૂર્ણ ઐતિહાસિક નિર્ણય કર્યો છે.



મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની નગરપાલિકાઓને આવા લાભ આપવાના અગાઉ કરેલા નિર્ણયમાં હવે આ નવી ૯ મહાનગરપાલિકાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

આ નિર્ણય અનુસાર રાજ્યની વાપી, મહેસાણા, પોરબંદર, મોરબી, ગાંધીધામ, નડિયાદ, આણંદ, નવસારી અને સુરેન્દ્રનગર એમ નવી રચાયેલી કુલ ૯ મહાનગરપાલિકાઓને આગામી પાંચ વર્ષ સુધી જાહેર હિતની વિવિધ ૧૧ જેટલી આવશ્યક નાગરિક સુવિધાઓ ઊભી કરવા માટે જરૂરી સરકારી જમીન વિનામૂલ્યે ફાળવવામાં આવશે.

આ મહાનગરપાલિકાઓ અગાઉની "અ"વર્ગની નગરપાલિકાઓમાંથી નવી મહાનગરપાલિકા બનેલી છે અને તેનો હાલ ટ્રાન્ઝિશન ફેઈઝ ચાલે છે. એટલું જ નહીં, નવી મહાનગરપાલિકાઓની હદમાં પણ મોટો વિસ્તાર ઉમેરાયો છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ નવી મહાનગરપાલિકાઓમાં સર્વાંગી વિકાસ કામો ઝડપથી થઈ શકે તે હેતુસર જિલ્લા કક્ષાએ જમીન ફાળવણીની પ્રક્રિયા વધુ સરળ બનાવવાનો અભિગમ અપનાવ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નવી મહાનગરપાલિકાઓને નાગરિક સુખાકારી માટે જે ૧૧ મહત્વના જાહેર પ્રોજેક્ટ્સ માટે વિનામૂલ્યે જમીન ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય કર્યો છે તેમાં નગર સેવા સદન (કચેરી મકાન), ફાયર સ્ટેશન, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ , વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ , ભૂગર્ભ ગટર ડ્રેનેજ, પંપિંગ સ્ટેશન, વૉટર સપ્લાય પ્રોજેક્ટ (પાણી પુરવઠાના કામો), સૉલિડ/ લિક્વિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટ, સ્ટોર્મ વૉટર ડ્રેનેજની કામગીરી (વરસાદી પાણીના નિકાલ માટે), બાલવાડી (આંગણવાડી) તેમજ ટાઉન હૉલ, કોમ્યુનિટી હૉલ અને કન્વેન્શન સેન્ટરનો સમાવેશ થાય છે.

# સુરતમાં વોટ્સએપના માધ્યમથી ચાલતુ હાઈપ્રોફાઈલ સેક્સ રેકેટ : શખ્સ ઝડપાયો

## રેડ દરમિયાન પાલ પોલીસે હોટલમાંથી એક પીડિત યુવતીને મુક્ત કરાવી

સુરત,


સુરત શહેરમાં દેહવ્યાપારના અડ્ડાઓ સામે પોલીસ સતત લાલ આંખ કરી રહી છે. આ કડીમાં સુરતની પાલ પોલીસે એક મોટી સફળતા મેળવતા ગોલ્ડન સિટી હોટલમાં ચાલતા સેક્સ રેકેટનો પર્દાફાશ કર્યો છે. આ રેકેટ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વોટ્સએપના માધ્યમથી ચલાવવામાં આવતું હોવાનું સામે આવ્યું છે. વોટ્સએપના માધ્યમથી ચાલતા હાઈપ્રોફાઈલ સેક્સ રેકેટનો પર્દાફાશ થયો છે. આ સમગ્ર રેકેટમાં સંડોવાયેલા દલાલો ગ્રાહકો મેળવવા અને સોદો નક્કી કરવા માટે તદ્દન આધુનિક અને ડિજિટલ પેટર્નનો ઉપયોગ કરતા હોવાનું સામે આવ્યું છે.

પોલીસને મળેલી ગુપ્ત બાતમીના આધારે, પાલ પોલીસે ગોલ્ડન સિટી હોટલ પર દરોડા પાડ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું હતું કે, દલાલ મુકેશ પવાર ગ્રાહકોને વોટ્સએપ પર યુવતીઓના ફોટા મોકલીને સોદો નક્કી કરતો હતો. આ કિસ્સામાં દલાલ દ્વારા ૭,૦૦૦ રૂપિયામાં સોદો નક્કી કરવામાં આવ્યો હતો. પોલીસે દરોડા દરમિયાન દલાલ મુકેશ પવારને રંગે હાથે ઝડપી લીધો હતો.

પૂછપરછ દરમિયાન બહાર આવ્યું કે, દલાલ મુકેશ પવાર ખૂબ જ સાવચેતીથી કામ કરતો હતો. તે ગ્રાહકો સાથે વોટ્સએપ પર સંપર્ક કરી ફોટા મોકલતો અને સોદો ફાઈનલ થયા બાદ પોતે જ લલનાને લોકેશન પર એટલે કે હોટલ સુધી મૂકવા આવતો હતો. પોલીસના મતે, આ એક સુનિયોજિત નેટવર્ક હતું.

રેડ દરમિયાન પાલ પોલીસે હોટલમાંથી એક પીડિત યુવતીને મુક્ત કરાવી હતી અને સુરક્ષિત સ્થળે ખસેડી હતી. પોલીસે દલાલ મુકેશ પવારની અટકાયત કરીને વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સમગ્ર રેકેટનો મુખ્ય માસ્ટરમાઈન્ડ રોહિત શર્મા હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે.

# અમદાવાદમાં સ્કૂલ બસના પાછળના ટાયરમાં મોપેડ ઘૂસી જતાં યુવકનું ઘટના સ્થળે મોત



અમદાવાદ,

શહેરમાં પ્રભાત ચોકથી શાસ્ત્રીનગર જતાં રોડ પર એક ઈલેક્ટ્રિક મોપેડ સવાર યુવક સ્કૂલ બસના પાછળના ટાયરમાં ઘૂસી જતાં તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. અકસ્માત એટલો ભયાનક હતો કે રસ્તો લોહીલુહાણ થઈ ગયો હતો. મૃતક યુવકની ઉંમર આશરે ૨૦થી ૨૧ વર્ષની હોવાનું અને તેનું નામ યુવરાજ હોવાનું સામે આવ્યું છે.

પ્રભાત ચોકથી શાસ્ત્રીનગર જતા રોડ પર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન(AMC) દ્વારા આશરે ૧ અઠવાડિયા પહેલા પાઈપલાઈનના કામ માટે એક મોટો ખાડો ખોદવામાં આવ્યો હતો. આ કામ હજુ સુધી પૂરું ન થતાં ખાડો એમ જ ખુલ્લો રાખવામાં આવ્યો હતો. આજે ત્યાંથી પસાર થઈ રહેલી એક સ્કૂલ બસ આ ખાડાની બાજુમાંથી ડાબી તરફ ટર્ન લઈ રહી હતી.

# સુરતમાં ભારે વરસાદ અને પૂરની સ્થિતિએ ભારે તબાહી મચાવી : ૪૧ લોકોના મોત

## વધુ આઠ લોકોના મૃતદેહ મળ્યા :૪૧ પરિવારોમાં છવાયેલા માતમ માટે વહીવટી તંત્રની કથિત લાપરવાહી જવાબદાર

સુરત,

સુરતમાં ભારે વરસાદ અને પૂરની સ્થિતિએ ભારે તબાહી મચાવી છે. પૂરના પાણીમાં તણાઈ જવાથી અને ડૂબી જવાથી અત્યાર સુધીમાં મૃત્યુઆંક ૪૧ પર પહોંચી ગયો છે, જેના કારણે સમગ્ર શહેરમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ખરવાસા, લિંબાયત, સારોલી અને ભેસ્તાન જેવા વિસ્તારોમાં પાણીમાં ડૂબી જવાથી અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે, જે અત્યંત દુ:ખદ છે. આંકડાકીય રીતે જોઈએ તો, સોમવારે કરંટ લાગવાથી ૩, મંગળવારે કરંટ અને ડૂબવાની ઘટનાઓમાં ૯, બુધવારે વિવિધ દુર્ઘટનાઓમાં ૧૫ અને ગુરુવારે ડૂબવાથી ૧૩ લોકોના મૃત્યુ નોંધાયા છે. ૪૧ પરિવારોમાં છવાયેલા આ માતમ માટે વહીવટી તંત્રની કથિત લાપરવાહીને પણ જવાબદાર ગણવામાં આવી રહી છે, જેને કારણે લોકોમાં ભારે રોષ અને આક્રોશ જોવા મળી રહ્યો છે.

કુદરતી આફતની સાથે સાથે તંત્રની કથિત લાપરવાહી પણ આ કરૂણાંતિકા માટે જવાબદાર માનવામાં આવી રહી છે. ખરવાસા, લિંબાયત, સારોલી અને ભેસ્તાન જેવા વિસ્તારોમાં પાણી ભરાઈ રહેવાને કારણે અનેક લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. અચાનક આવેલી આ આફતે ૪૧ પરિવારોમાં કાયમી માતમ પાથરી દીધો છે.

છેલ્લા ચાર દિવસમાં શહેરભરમાંથી મૃત્યુના સમાચારો આવતા રહ્યા છેઃ જેમાં સોમવારઃ કરંટ લાગવાથી ૩ લોકોના મોત.,મંગળવારઃ કરંટ અને ડૂબવાની વિવિધ ઘટનાઓમાં ૯ લોકોના મોત.,બુધવારઃ વિવિધ દુર્ઘટનાઓમાં ૧૫ લોકોએ જીવ ગુમાવ્યો.,ગુરુવારઃ પાણીમાં ડૂબવાથી ૧૩ લોકોના મોત થયા.

તાજેતરમાં હાથ ધરાયેલી કામગીરી દરમિયાન વધુ ૮ લોકોના મૃતદેહ પાણીમાંથી મળી આવ્યા છે, જેનાથી મૃત્યુઆંકમાં વધારો થયો છે. ડૂબી જવાથી અને કરંટ લાગવાથી અત્યાર સુધીમાં કુલ ૩૦ થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે, જેમાંથી તાજેતરમાં મળેલી વિગતો મુજબ સુરત શહેરમાં માંથી વધુ ૮ લોકોની પાણીમાંથી લાશ મળી,સુરતમાં અત્યાર સુધીમાં ડુબી જવાથી અને કરંટ લાગવાથી ૩ લોકોના મોત,પાણીમાં ડૂબી જવાથી શહેરના અલગ અલગ વિસ્તારમાં ૮ લોકોના મોત,અમરોલી માંથી ૨ વર્ષીય લક્ષ્મી મંડળ નામની બાળકીની લાશ મળી આવી,ભેસ્તાન ઉન ખાડી માંથી ૬૦ વર્ષીય પ્રમોદ ભદાણી નામના વ્યક્તિ ની લાશ મળી આવી,ઉન ખાડી માંથી આશરે ૩૦ વર્ષીય ૨ અજાણ્યા વ્યક્તિ ની લાશ મળી આવી,સચિન ખાડી માંથી ૧૮ વર્ષીય હર્ષલ પાટિલ નું મોત.સચિન ખાડી માંથી ૨૫ વર્ષીય અજીત બાલારામ પટેલનું મોત .ભેસ્તાન માંથી ૩ યુવકોની લાશ મળી આવી.લિંબાયત માં બે લોકોના પાણીમાં ડૂબી જવાથી ૩ લોકોના મોત.લિંબાયતમાં પાણીમાં ડૂબી જતા ૨૯ વર્ષીય મનોજ લાલજી સારેલ મોત.લિંબાયત માં ૨૨ વર્ષીય જાવેદ હબીદ શાહ નું મોત .લિંબાયત માં ૧૭ વર્ષીય કામરાન સાદિક પટેલ મોત.

# કડી : ભૂસાની આડમાં છુપાવેલો ૫૯.૭૩ લાખનો બિયરનો જથ્થો ઝડપાયો

મહેસાણા,

જિલ્લાના કડી તાલુકાના વિડજ ગામ પાસે એસએમસી પોલીસની ટીમે મોટી કાર્યવાહી કરતાં ભૂસાની આડમાં છુપાવીને લઈ જવાતો અંદાજે ?૫૯.૭૩ લાખનો બિયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. ટ્રક સહિત કુલ ?૮૯.૯૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે અને એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

આ કેસ મામલે મળતી વિગતો અનુસાર, સ્ટેટ મોનિટરિંગ સેલના પોલીસ ઈન્સ્પેક્ટર એ. જે. ચૌહાણ અને તેમની ટીમ મહેસાણા જિલ્લામાં પેટ્રોલિંગ કરતી હતી. આ દરમિયાન નાની કડી કેનાલ પાસે પહોંચતા ખાનગી બાતમીદાર તરફથી માહિતી મળી કે કડી-કલ્યાણપુર રોડ પર વિડજ ગામ પાસે આવેલી રામદેવ હોટલની નજીક એક ટ્રક (GJ-02-GB-5372) ઊભી છે, જેમાં ગેરકાયદેસર રીતે વિદેશી બનાવટનું બિયર ભરેલું છે.

બાતમી મળતાં જ પોલીસે સ્થાનિક પંચ સાથે રામદેવ હોટલ પાસે પંચરની દુકાન આગળ ઊભેલી શંકાસ્પદ ટ્રકને કોર્ડન કરી લીધી. ટ્રકના ડ્રાઈવરને નીચે ઉતારી પૂછપરછ કરતાં તે ભાંગી પડ્યો અને ટ્રકમાં બિયર હોવાની કબૂલાત કરી.

ટ્રક પરથી કાળી-પીળી તાડપત્રી હટાવી તપાસ કરતાં પ્રથમ દેખાતી તો માત્ર સફેદ પ્લાસ્ટિકની ભૂસાભરી કોથળીઓ જ હતી. પરંતુ જ્યારે આ કોથળીઓ હટાવી તપાસ કરવામાં આવી ત્યારે તેની નીચેથી કિંગફિશર સુપર સ્ટ્રોંગ અને ટ્યુબોર્ગ પ્રીમિયમ સુપ્રીમ બ્રાન્ડના સીલબંધ બિયરના ટીનોનો મોટો જથ્થો મળી આવ્યો.

# અમદાવાદ મનપા ૬.૪૩ કરોડના લેપટોપ અને મોબાઈલની ખરીદી કરશે

## કોર્પોરેટરો અને અધિકારીઓ માટે લેપટોપ, પ્રિન્ટર અને મોબાઈલ ફોન ખરીદવાની ૬.૪૩ કરોડની દરખાસ્ત મંજૂર



અમદાવાદ,

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીએ કોર્પોરેટરો અને અધિકારીઓ માટે લેપટોપ, પ્રિન્ટર અને મોબાઈલ ફોન ખરીદવાની ૬.૪૩ કરોડની દરખાસ્તને મંજૂરી આપી છે. આ નિર્ણય બાદ જાહેર નાણાંના ઉપયોગને લઈને વિવિધ સ્તરે ચર્ચા શરૂ થઈ છે. મંજૂર કરાયેલી દરખાસ્ત મુજબ કોર્પોરેશનના ૧૯૨ કોર્પોરેટરો અને વર્ગ-૧થી વર્ગ-૩ સુધીના ૧૦૯૦ અધિકારીઓ માટે ગેજેટ્સ ખરીદવામાં આવશે. આ ગેજેટ્સ માટેનો ખર્ચ કોર્પોરેશનના ભંડોળમાંથી કરવામાં આવશે.

દરખાસ્ત અનુસાર કોર્પોરેટરો માટે અંદાજે ૨.૬૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે, જ્યારે અધિકારીઓ માટે ૩.૮૨ કરોડ ફાળવવામાં આવશે .અધિકારીઓમાંથી આશરે ૯૦ અધિકારીઓને લેપટોપ અને પ્રિન્ટર આપવામાં આવશે, જ્યારે બાકીના અધિકારીઓને મોબાઈલ ફોન આપવામાં આવશે.

માહિતી મુજબ કોર્પોરેટરો અને અધિકારીઓ દ્વારા ખરીદાયેલા ગેજેટ્સ તેમની વ્યક્તિગત માલિકીમાં રહેશે. કોર્પોરેટરો પહેલા પોતાની પસંદગી મુજબ લેપટોપ અને પ્રિન્ટર ખરીદશે અને ત્યારબાદ બિલ રજૂ કરીને કોર્પોરેશન પાસેથી રિઈમ્બર્સમેન્ટ મેળવશે.

# દાહોદના જેકોટ રેલવે સ્ટેશન નજીક માલગાડીના એન્જિનમાં આગ

દાહોદ,

દિલ્હી-મુંબઈ મુખ્ય રેલવે માર્ગ પર આવેલા દાહોદ પંથકના વ્યસ્ત રેલવે રૂટ પર આવેલા જેકોટ રેલવે સ્ટેશન પરથી પસાર થઈ રહેલી એક માલગાડીના મુખ્ય એન્જિનમાં અચાનક જ ભીષણ આગ ફાટી નીકળી હતી. એન્જિનમાંથી અચાનક જ આગની જ્વાળાઓ અને ધુમાડાના કાળા ગોટેગોટા નીકળતા જોઈને રેલવે સ્ટાફ, મુસાફરો અને સ્થાનિક લોકોમાં ભારે નાસભાગ અને અફરાતફરી મચી ગઈ હતી.

આગની આ હોનારત અંગે સ્ટેશન માસ્ટર દ્વારા તાત્કાલિક કંટ્રોલ રૂમ અને ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને સ્થાનિક ફાયર બ્રિગેડની ટીમ ફાયર ફાઈટરો સાથે તાબડતોબ જેકોટ રેલવે સ્ટેશને દોડી આવી હતી. આ સાથે જ પશ્ચિમ રેલવેના ઉચ્ચ વહીવટી અધિકારીઓ અને ટેકનિકલ ટીમ પણ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર વિભાગના જવાનોએ એન્જિનમાં લાગેલી આગ પર પાણીનો મારો ચલાવીને તેને વધુ ફેલાતી અટકાવવા માટે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી હતી.

માલગાડીના એન્જિનમાં કયા કારણોસર આગ લાગી તે હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી અને તે એક અગમ્ય કોયડો બન્યો છે. શોર્ટ સર્કિટ કે ઓવરહીટિંગના કારણે આ ઘટના બની હોવાનું પ્રાથમિક અનુમાન છે. આ દુર્ઘટનાને પગલે દિલ્હી-મુંબઈ રેલવે ટ્રેક પર ટ્રેનોની અવરજવરને થોડા સમય માટે અસર પહોંચી હોવાના અહેવાલ છે. હાલ રેલવે તંત્ર અને ફાયર વિભાગે સંયુક્ત પ્રયાસોથી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો છે અને સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી.

# કડી પોલીસ સ્ટેશનનો કોન્સ્ટેબલ રૂ.૮૦ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાયો

## લાંઘણજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદના નિકાલ માટે લાંચની માંગણી કરી હતી

કડી,

ગુજરાત એન્ટી કરપ્શન બ્યુરાએ વધુ એક સફળ ટ્રેપમાં કડી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અનાર્મ પોલીસ કોન્સ્ટેબલને રૂ.૮૦ હજારની લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપી પાડ્યો છે. આરોપી સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, આરોપી અમીન હુસેન મંજુર હુસેન શેખ, અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ (વર્ગ-૩), કડી પોલીસ સ્ટેશન, તાલુકો કડી, જિલ્લા મહેસાણા ખાતે ફરજ બજાવે છે. ફરિયાદી એક જાગૃત નાગરિક છે. ફરિયાદી તથા તેમના ભાઈઓ સામે લાંઘણજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદના નિકાલ માટે આરોપીએ શરૂઆતમાં રૂ.૨ લાખની લાંચની માંગણી કરી હતી. બાદમાં રકઝક થતાં સોદો રૂ.૮૦ હજારમાં નક્કી થયો હતો.

ફરિયાદી લાંચ આપવા ઈચ્છતા ન હોવાથી તેમણે ગાંધીનગર એસીબી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી લેખિત ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદની પ્રાથમિક તપાસ બાદ ACBએ તા. ૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ ટ્રેપ ગોઠવ્યો હતો. ટ્રેપ દરમિયાન મહેસાણા જિલ્લાના ઈરાણા ત્રણ રસ્તાથી કડી તરફ જવાના જાહેર માર્ગ પર આરોપીએ ફરિયાદી પાસેથી રૂ.૮૦ હજારની લાંચ સ્વીકારી હતી. તે જ સમયે છઝમ્ની ટીમે આરોપીને રંગેહાથ ઝડપી લીધો હતો. આરોપી પાસેથી રૂ.૮૦ હજારની લાંચની રકમ પણ કબજે કરવામાં આવી છે.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આરોપીએ રાજ્ય સેવક તરીકેના હોદ્દાનો દુરુપયોગ કરી ગેરકાયદેસર રીતે લાંચની માંગણી કરી હતી. સમગ્ર મામલે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# પરિવહન સેવાઓ દેશને એકતાના સૂત્રમાં બાંધવાનું અને પ્રગતિને ગતિ આપવાનું કાર્ય કરે છેઃ રાજ્યપાલ

## ગાંધીનગર ખાતે પ્રવાસ ૫.૦ અંતર્ગત ભારત પ્રવાસ પુરસ્કાર-૨૦૨૬ સમારોહ યોજાયો



ગાંધીનગર,

ગાંધીનગરના હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને પ્રવાસ ૫.૦ અંતર્ગત ભારત પ્રવાસ પુરસ્કાર–૨૦૨૬ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહ દરમિયાન જાહેર પરિવહન ક્ષેત્રમાં સેવા, સલામતી, નવીનતા, ટેક્નોલોજી અને શ્રેષ્ઠ વ્યવસ્થાપનમાં નોંધપાત્ર યોગદાન આપવા બદલ વિવિધ સંસ્થાઓ અને વ્યક્તિ વિશેષને 'ભારત પ્રવાસ એવોર્ડ્સ–૨૦૨૬' અર્પણ કરી સન્માનિત કરાયા હતા.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ પ્રસંગે દેશભરમાંથી પધારેલા બસ અને કાર ઓપરેટરોને સંબોધતા જણાવ્યું હતું કે, પરિવહન સેવાઓ દેશને એકતાના સૂત્રમાં બાંધવાનું અને પ્રગતિને ગતિ આપવાનું કાર્ય કરે છે. એટલે જ, કોઈપણ દેશની ઉન્નતિ અને પ્રગતિ માટે સુગમ યાતાયાત અને પરિવહનના સાધનો પાયાની જરૂરિયાત હોય છે.

રાજ્યપાલશ્રીએ ગુજરાતને મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ અને મહર્ષિ દયાનંદ સરસ્વતી જેવા મહાનુભાવોની ધરતી ગણાવી હતી. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા ૨૫ વર્ષોમાં ગુજરાતે ઓટોમોબાઈલ, ઉદ્યોગ, ટેકનોલોજી અને સેમિકન્ડક્ટર જેવા ક્ષેત્રોમાં અભૂતપૂર્વ પ્રગતિ કરીને વિશ્વ સ્તરે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, પરિવહન સેવાઓ દ્વારા લોકો એકબીજાના સંપર્કમાં આવે છે, જેનાથી ભાઈચારો વધે છે અને પ્રધાનમંત્રીશ્રીનો 'એક ભારત શ્રેષ્ઠ ભારત'નો સંકલ્પ સાર્થક થાય છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, છેલ્લા ૧૨ વર્ષોમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશનું રોડ નેટવર્ક અત્યંત મજબૂત બન્યું છે, જેણે પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ સુધીની મુસાફરી સુગમ બનાવી છે.

ગ્લોબલ વોર્મિંગના પડકારનો સામનો કરવા માટે સાર્વજનિક પરિવહનનો ઉપયોગ વધારવા પર રાજ્યપાલશ્રીએ ભાર મૂક્યો હતો.

# અમદાવાદના કોટ વિસ્તારનાં મકાનો હવે ત્રણ રંગમાં રંગાશે : યુનેસ્કોની મુલાકાત બાદ નિર્ણય

## બફર ઝોનમાં આવતાં તમામ નવા સરકારી કે ખાનગી વિકાસ પ્રોજેક્ટ માટે હવે હેરિટેજ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ફરજિયાત

અમદાવાદ,

ભારતના પ્રથમ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદના કોટ વિસ્તાર અને તેની આસપાસના ૨૦૦ મીટરના બફર ઝોનમાં હવે નવાં સરકારી તથા ખાનગી મકાનોને માત્ર લાઈટ સ્કાય બ્લૂ, ક્રીમ અને લાઈટ બ્રાઉન રંગથી જ રંગી શકાશે. હેરિટેજ ઝોનમાં એકરૂપતા અને દૃશ્યસૌંદર્ય જળવાઈ રહે તે હેતુથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી)એ આ નવી નીતિ અમલમાં મૂકી છે.

હેરિટેજ પ્રકારનાં મકાનોમાં આગળના મુખ્ય ભાગ સિવાયની કોતરણી માટે અન્ય રંગોનો ઉપયોગ કરી શકાશે, ઉપરાંત કોટના છ ચોરસ કિમી વિસ્તાર અને ૨૦૦ મીટરના બફર ઝોનમાં આવતાં તમામ નવા સરકારી કે ખાનગી વિકાસ પ્રોજેક્ટ માટે હવે હેરિટેજ ઈમ્પેક્ટ એસેસમેન્ટ (એચઆઈએ) ફરજિયાત બનાવાયું છે.

એએમસીના જણાવ્યા મુજબ ગત માર્ચ મહિનામાં યુનેસ્કોની બે સભ્યોની ટીમે કાલુપુર રેલવે સ્ટેશન રિડેવલપમેન્ટ, દાણાપીઠ મલ્ટિલેવલ પાર્કિંગ અને ગીતામંદિર બસ ટર્મિનસ સહિતના પ્રોજેક્ટની મુલાકાત લઈને હેરિટેજ પર તેની અસરનું મૂલ્યાંકન કર્યું હતું. આ ત્રણેય પ્રોજેક્ટમાં પણ મંજૂર કરાયેલા ત્રણ રંગોનો ઉપયોગ થવાની શક્યતા છે. આ ટીમ ટૂંક સમયમાં પોતાનો વિગતવાર અહેવાલ રજૂ કરશે.

એચઆઈએ માટે એએમસીએ ૧૦૦થી વધુ આર્કિટેક્ટ્સની નોંધણી કરી છે, સાથે જ નવી ઈમારતો માટે અર્બન ડિઝાઈન ગાઈડલાઈન, ડિઝાઈન ટૂલકિટ અને એચઆઈએ પોલિસી અમલમાં મૂકી છે. નોન-હેરિટેજ ઈમારતોની એચઆઈએ અરજીની ઝડપી તપાસ માટે હેરિટે

પોળના દરવાજાઓના સંરક્ષણ માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી) તૈયાર કરવામાં આવી છે, ઉપરાંત દેશભરનાં ઐતિહાસિક અને હેરિટેજ સ્મારકોના સંરક્ષણ અને જાળવણી માટે વિશેષ સંસ્થાની સ્થાપનાના પ્રસ્તાવને પણ મંજૂરી આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે ૮ જુલાઈ, ૨૦૧૭ના રોજ યુનેસ્કોએ અમદાવાદને વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો આપ્યો હતો. શહેરમાં હાલમાં ૨,૬૯૨ નોંધાયેલી હેરિટેજ મિલકતો અને કોટ વિસ્તાર બહારની ૩૮૨ સંભવિત હેરિટેજ મિલકતો છે. હેરિટેજ ટ્રેડેબલ ડેવલપમેન્ટ રાઈટ્સ (ટીડીઆર) યોજના હેઠળ અત્યાર સુધી ૧૪૫ મિલકતોનું કુલ ૧૭,૫૧૯ ચોરસ મીટર વિસ્તારમાં સંરક્ષણ અને પુનઃસ્થાપન કરવામાં આવ્યું છે.

# ભાવનગરમાં રથયાત્રા પૂર્વે શહેર એકતા સમિતિની મળી બેઠક

## રથયાત્રા પરંપરા મુજબ શાંતિપૂર્ણ અને ધર્મમય વાતાવરણમાં ઉજવવા ચર્ચા, 'લોહી અને મહેંદીનો રંગ એક જ છે' ના સંદેશ સાથે પોલીસ દ્વારા આયોજિત રક્તદાન-મહેંદી સ્પર્ધાની સમિતિ દ્વારા પ્રશંસા

ભાવનગર,તા.૧૧

આગામી તા.૧૬ના રોજ ભાવનગરમાં નીકળનારી ભગવાન જગન્નાથજીની ૪૧મી રથયાત્રા સંદર્ભે ગત શુક્રવારે શહેર એકતા સમિતિની બેઠક મેયર અને સમિતિના અધ્યક્ષ ઉષાબેન કે. તલરેજાના અધ્યક્ષસ્થાને મળેલ આ બેઠકમાં ભાવનગર પૂર્વના ધારાસભ્ય સેજલબેન પંડ્યા, મહાનગરપાલિકા કમિશનર એન.કે. મીના, અધિક કલેક્ટર એન.ડી. ગોવાણી, સભ્ય સચિવ અને નાયબ પોલીસ અધિક્ષક



આર.વી. ડામોર સહિતના અગ્રણી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરમાં શાંતિ, એકતા અને સદ્ભાવના થકી કોમવાદ અને જ્ઞાતિવાદ જેવા દૂષણોને મૂળમાંથી નાબૂદ કરવાનો હતો. આગામી રથયાત્રા પરંપરા મુજબ શાંતિપૂર્ણ અને ધર્મમય વાતાવરણમાં ઉજવાય તે માટે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન, આઈ.જી.પી. આર.વી. અસારીના માર્ગદર્શન હેઠળ ભાવનગર પોલીસ દ્વારા શરૂ કરાયેલી અનોખી પહેલની નોંધ લેવાઈ હતી. "તમામ ધર્મના લોકોના લોહી અને મહેંદીનો રંગ એક જ હોય છે" તેવા પ્રેરણાદાયક સંદેશ સાથે સર્વધર્મ માટે આયોજિત બ્લડ ડોનેશન કેમ્પ અને બહેનો માટેની મહેંદી સ્પર્ધાની સમિતિના અધ્યક્ષ તથા સભ્યોએ મુક્તકંઠે પ્રશંસા કરી હતી.

સમિતિના સભ્યો અને વિવિધ જ્ઞાતિના અગ્રણીઓએ વિશાળ જનસમુદાયને તહેવારો ભાઈચારાથી ઉજવવા અનુરોધ કર્યો હતો. અંતમાં, મેયર ઉષાબેન તલરેજાએ પ્રેસ મીડિયા મારફતે સંસ્કારી અને શાંતિપ્રિય ભાવેણાના સૌ નગરજનોને રથયાત્રામાં કોમી એખલાસ અને એકતા જાળવી રાખવા ભાવભરી અપીલ કરી હતી.

# ૯૬૫ ગ્રામ અફીણના જંગી જથ્થા સાથે રાજસ્થાની શખ્સ ઝડપાયો

## એસઓજીએ ૪.૮૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો, ભારતનગર પોલીસ મથકમાં ગુનો દાખલ

ભાવનગર, તા. ૧૧

ગુજરાત સરકારના "નશા મુક્ત ગુજરાત" અભિયાન અંતર્ગત ભાવનગર પોલીસને મોટી સફળતા હાથ લાગી છે. રેન્જ આઇ.જી.પી રાજેન્દ્ર વી. અસારી અને જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયની નાર્કોટીક્સ ડ્રગ્સની બદીને નેસ્તનાબુદ કરવાની કડક સૂચના અન્વયે એસ.ઓ.જી. દ્વારા સઘન પેટ્રોલિંગ અને ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં અફીણના જથ્થા સાથે એક શખ્સને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.



એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સ્પેકટરના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમો બનાવી વિસ્તારમાં વોચ રાખવામાં આવી રહી હતી. તે દરમિયાન ટીમ ભરતનગર પોલીસ સ્ટેશન વિસ્તારના રિંગરોડ, મંત્રેશ સર્કલથી ટોપ-થ્રી સર્કલ વચ્ચે પેટ્રોલિંગમાં હતી. આ સમયે તરસમીયા-ગાયત્રીનગર ચોકડી પાસેથી એક શંકાસ્પદ ઈસમને ઝડપી પાડવામાં આવ્યો હતો. જેની પૂછપરછ કરતા આ ઈસમ ઓશકકુમાર રતનલાલ જાટ ઉ.વ. ૨૧, મૂળ ચિત્તોડગઢ, રાજસ્થાન વાળો અને હાલ રહે. આનંદનગર, ભાવનગર હોવાનું ખુલ્યું હતું. પોલીસે તલાસી લેતા તેની પાસેથી ૯૬૫ ગ્રામ અફીણનો જથ્થો મળી આવતા જપ્ત કર્યો છે, જેની બજાર કિંમત રૂ. ૪,૮૨,૫૦૦/- જેટલી થાય છે. પોલીસે મુદ્દામાલ કબજે કરી આરોપી વિરુદ્ધ ભરતનગર પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભરણપોષણ કેસમાં ફરાર આરોપીને ઝડપી લેતી ભાવ, પેરોલ ફર્લો સ્કવોડ

ભાવનગર, તા. ૧૧

શિહોર કોર્ટ દ્વારા ભરણપોષણના કેસમાં સજા પામેલ અને લાંબા સમયથી નાસતા ફરતા આરોપીને પેરોલ ફર્લો સ્કવોડે ઝડપી પાડી જેલહવાલે કર્યો છે.

ગઈકાલે શુક્રવારે ભાવનગર પેરોલ ફર્લો સ્કવોડ પેટ્રોલિંગમાં હતી, ત્યારે બાતમી મળી હતી કે શિહોર કોર્ટના ક્રિમિનલ કેસ નં. ૧૧૩/૨૦૨૫ માં રૂ. ૧,૯૩,૦૦૦ નો દંડ અથવા ૮ માસની સજાનો હુકમ પામેલ અને કોર્ટનું એરેસ્ટ વોરંટ ધરાવતો આરોપી હીતેશભાઇ વાલજીભાઇ મકવાણા તેના ઘરે (રેલ્વે હોસ્પિટલ પાછળ, ભાવનગર) હાજર છે. બાતમીના આધારે પોલીસે સ્થળ પર પહોંચી વોન્ટેડ આરોપીની ધરપકડ કરી હતી. ત્યારબાદ તેને શિહોર કોર્ટના એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવતા, નામદાર કોર્ટના આદેશથી આરોપીને ભાવનગર જિલ્લા જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

# સિહોરમાં નીકળશે જિલ્લાની બીજા નંબરની રથયાત્રા, તડામાર તૈયારીઓ

## ઠાકરદ્વારા મંદિરે મહા આરતી, પહિંદવિધિ કરીને રથયાત્રાનું પ્રસ્થાન થશે, વિવિધ વિસ્તારોમાં ફરીને રાત્રે નિજમંદિરે પરત ફરશે

સિહોર,તા.૧૧

સિહોરના આંગણે ભાવનગરજિલ્લાની બીજા નંબરની ગણાતી ભગવાનશ્રી જગન્નાથજીની રથયાત્રા ને લઈને હવે તડામાર તૈયારીઓ શરૂ થવા લાગી છે આગામી ૧૬ જુલાઈ ના રોજ ભગવાન શ્રીજગન્નાથજીની ૨૨ મી રથયાત્રા સિહોરમા નીકળશે,સિહોર મોટી શાકમાર્કેટ પાસે આવેલ ઠાકરદ્વારા મંદિરથી આ યાત્રા પ્રસ્થાન થઈને શહેરમાં ૫થી વધુ કિલોમીટરના રૂટ ઉપર ફરશે અને ભગવાન શ્રીજગન્નાથજી ભાઈ બલરામજી તથા બહેન સુભદ્રાજી સાથે નગરજનોને દર્શન આપવા નીકળશે જ્યા સિહોરવાસીઓ આસ્થાભેર સ્વાગત કરશે.



સિહોરમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળનાર હોઈ આયોજકો અને ભક્તજનોમાં અત્યારથી જ ખુશીનો માહોલ જોવા મળે છે. સિહોરમાં દર વર્ષે આ રથયાત્રામાં ભગવાનના રથ સાથે સાથે ભજન મંડળીઓ, રાસ રમઝટ, અલગ અલગ ફ્લોટ્સ સાથે નીકળશે. ભગવાન શ્રીજગન્નાથજી, બલરામજી તથા બહેન સુભદ્રાની મહાઆરતી ઠાકરદ્વારા મંદિરના પૂજારી રામબાલકદાસજી દ્વારા કરવામાં આવશે બાદ સામાજિક, રાજકીય તેમજ ભક્તજનોના વિશાળ સમુદાય સાથે પહિંદવિધિ કરવામા આવશે અને ભગવાન નગરચર્યાએ નીકળશે. આ રથયાત્રા સિહોરના ખારાકુવા ચોક, જૂની શાકમાર્કેટ, તમાકુ બજાર, કંસારી બજાર,સુરકા દરવાજા ટાણા ચોકડી બસ સ્ટેન્ડ થઈ વડલાચોક પહોંચશે જ્યાં દરેક સામાજિક સંસ્થાઓ તેમજ રાજકીય પક્ષો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવશે બાદ બપોરે ૧૨ કલાકે સ્ટેશન રોડ પાબુજી મહારાજના મંદિર ખાતે વિરામ લેશે અને બપોર બાદ રેલવે સ્ટેશન, ઘાંઘળી ફાટક થઈ શાંત હનુમાનજી થઈ ખાડિયાચોકથી ભાવનગર રાજકોટ હાઈવે રોડ પેટ્રોલપંપ થઈ વડલા ચોક થઈ સિંધીકેમ્પથી મેઈનબજાર થઈ નિજ મંદિરે ૮ વાગે પહોચશે અને મહાઆરતી થશે. આમ આખોદીવસ ભગવાન નગરચર્યાએ નીકળી સાંજે નિજ મંદિર પહુચશે ત્યારે આખા દીવસ દરમ્યાન વિશાળ ભક્તજનો, ગ્રામજનો આ રથયાત્રામાં જોડાશે અને દર્શનનો લાભ લેશે આ દિવસે સમગ્રસિહોર ભક્તિમય વાતાવરણમાં ફેરવાશે તેમજ કોમી એકતાના દર્શન પણ થશે. વહીવટી તંત્ર દ્વારા પણ રથયાત્રા અનુસંધાને તમામ તૈયારીઓ કરેલ છે તેમજ પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે શ્રી જગન્નાથજી રથયાત્રા સમિતિ દ્વારા પણ તૈયારીઓ થઈ રહી છે.

# સિહોરના રાજપરામાં દફનવિધિ મામલે દેકારો થતાં તંત્ર દોડી ગયું

ભાવનગર,તા.૧૧

સિહોર તાલુકાના રાજપરા ગામે વાલ્મીકિ સમાજના એક યુવકની દફનવિધિને લઈને ભારે વિવાદ સર્જાયો હતો, જેમાં ઉચ્ચ અધિકારીઓ અને સામાજિક અગ્રણીઓની લાંબી મથામણ બાદ આખરે સુખદ અંત આવ્યો છે.

રાજપરા ગામના રહીશ વિજયભાઈ વાઘેલાનું અવસાન થતાં પરિવારજનો અને સમાજના લોકો રીત-રિવાજ મુજબ મૃતદેહને દફનવિધિ માટે લઈ ગયા હતા. વાલ્મીકિ સમાજ દ્વારા છેલ્લા ૪૦ વર્ષથી આ નિર્ધારિત જગ્યા પર જ અંતિમ સંસ્કાર કરવામાં આવતા હતા. જોકે, આ વખતે સ્થાનિક રહીશે આ જમીન પોતે ખરીદી લીધી હોવાનો દાવો કરીને દફનવિધિ અટકાવી દીધી હતી જેને પગલે ગામમાં તંગદિલી સર્જાઈ હતી.ઘટનાની ગંભીરતાને પગલે સિહોર પોલીસ સ્ટેશનના પી.આઈ., પી.એસ.આઈ., તાલુકા વિકાસ અધિકારી તેમજ દલિત સમાજના અગ્રણી માવજીભાઈ સરવૈયા અને રાજપરા ગામના અન્ય આગેવાનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. વહીવટી તંત્ર અને ગ્રામજનો વચ્ચે લાંબી ચર્ચા અને સમજાવટના અંતે રાજપરા ગામના સરપંચ દ્વારા વાલ્મીકિ સમાજના સ્મશાન માટે તાબડતોબ અડધો વીઘો જમીન ફાળવવાનો નિર્ણય લેવાયો હતો. ત્યારબાદ, નવી જમીન પર કરાયેલી ફેન્સિંગના તાર હટાવીને વિજયભાઈના મૃતદેહની દફનવિધિ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન કરવામાં આવી હતી.

# નેત્રમ શાખાએ રિક્ષામાં ભુલાયેલી બેગ ગણતરીની કલાકોમાં પરત અપાવી

ભાવનગર,તા.૧૧

ભાવનગર પોલીસ મહાનિરીક્ષક અને જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા ગુનાઓનો ભેદ ઉકેલવા અને નાગરિકોને મદદરૂપ થવા એડવાન્સ ટેકનોલોજીનો ઉપયોગ કરવાની આપેલી સૂચનાને નેત્રમ શાખાએ સાર્થક કરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, તળાજાના પાદરગઢના રહીશ ભારતુ વિરાભાઈ ભમ્મર (ઉ.વ. ૨૨) ગત તા. ૧૦/૦૭/૨૦૨૬ના રોજ બપોરે વાઘાવાડી રોડથી ઓટો રિક્ષામાં બેસી ઘોઘાગેટ ચોક ઉતર્યા હતા. ઉતાવળમાં તેઓ પોતાની બેગ રિક્ષામાં જ ભૂલી ગયા હતા, જેમાં રૂ. ૧૦૦૦ રોકડા, કપડાં અને અગત્યના દસ્તાવેજો હતા. આ અંગે તેઓએ તુરંત નેત્રમ શાખાનો સંપર્ક કર્યો હતો.ત્યારબાદ ગોહિલના માર્ગદર્શન હેઠળ તેમની ટીમે અરજદારે જણાવેલ સમય અને રૂટના આધારે સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા.જેમાં જશોનાથ ચોક જંકશનના કેમેરામાં અરજદાર જે રિક્ષા ય્ન-૦૪-છેં-૮૬૫૧માં બેઠા હતા તે કાળુભા રોડ તરફ જતી જોવા મળી હતી. પોલીસે તાત્કાલિક રિક્ષા ચાલકનો સંપર્ક કરી,અરજદારની બેગ અને તમામ સામાન હેમખેમ પરત અપાવીને સરાહનીય કામગીરી કરી છે.

# ભાવનગરમાં બલ્ક વેસ્ટ જનરેટર્સ માટે માર્ગદર્શન સેમિનાર યોજાયો

## સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના માધ્યમથી સંસ્થાઓને CPCB પોર્ટલ પર સત્વરે રજીસ્ટ્રેશન કરાવાયું

ભાવનગર,તા.૧૧

ભારત સરકારના પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા તાજેતરમાં 'સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૨૬' જાહેર કરવામાં આવ્યા છે, જે સમગ્ર દેશમાં ગત ૧ એપ્રિલ ૨૦૨૬થી અમલી બન્યા છે. આ નવા નિયમો અંતર્ગત "બલ્ક વેસ્ટ જનરેટર (BWG)" ની સુધારેલી વ્યાખ્યા મુજબ, જે એકમ કે સંસ્થાનો ફ્લોર એરિયા ૨૦,૦૦૦ ચો.મી. કે વધુ હોય, દૈનિક પાણીનો વપરાશ ૪૦,૦૦૦ લિટર કે વધુ હોય અથવા દૈનિક ૧૦૦ કિ.ગ્રા. કે તેથી વધુ ઘન કચરો ઉત્પન્ન થતો હોય, તેનો સમાવેશ બલ્ક વેસ્ટ જનરેટરમાં થશે. આ માપદંડો પૂર્ણ કરતા શહેરના એકમો



અને સંસ્થાઓને તેમની કાયદાકીય ફરજો અને કરવાની થતી કામગીરીથી અવગત કરવા ભાવનગર મહાનગરપાલિકા દ્વારા મ્યુનિસિપલ કમિશનરની અધ્યક્ષતામાં ઝવેરચંદ મેઘાણી મિનિ ઓડિટોરિયમ, સરદારનગર ખાતે એક ખાસ સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં પ્રેઝન્ટેશનના માધ્યમથી બલ્ક વેસ્ટ જનરેટરોને વિસ્તૃત માહિતી અપાઈ હતી. આ પ્રસંગે જાહેર આરોગ્ય કમિટીના ચેરમેન, ડેપ્યુટી ચેરમેન, સ્વચ્છ ભારત મિશનના બ્રાન્ડ એમ્બેસેડર, સ્વચ્છાગ્રહીઓ અને પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે મહાનગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવી હતી કે ઉક્ત માપદંડમાં આવતા તમામ એકમોએ ફરજિયાતપણે ભારત સરકારના CPCB પોર્ટલ 'https://swm.cpcb.gov.in/register' પર જાતે અથવા મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના માધ્યમથી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા સત્વરે પૂર્ણ કરાવવી.




# સર ભાવસિંહજી વર્ષી સ્મારક ટ્રસ્ટ દ્વારા વિધવા સહાય

ભાવનગર,તા.૧૧

સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ જ્ઞાતિની નિરાધાર વિધવા બહેનો માટે વર્ષ ૨૦૨૫-૨૬ ની રોકડ સહાય માટેના ફોર્મ રોહિતભાઈ હર્ષદરાય દવે, વાવવાળી શેરી, ડેલા સામે, વડવા-ચોરા, ભાવનગર (મો. ૯૩૭૪૮૩૯૨૧૩) પાસેથી સવારના ૧૦ થી ૧ દરમ્યાન મેળવી, સંપૂર્ણ ભરી તા.૨૬ને રવિવાર સુધીમાં પહોંચાડવા જણાવાયું છે. છેલ્લી તારીખ પછી તથા અધુરી વિગત વાળા ફોર્મ સ્વિકારવામાં આવશે નહિ. આ સહાય ફક્ત ભાવનગર શહેર પૂરતી મર્યાદિત છે.

# પીએનઆરમાં સી.પી.સર્જીકલ કેમ્પ

ભાવનગર,તા.૧૧

PNR સોસાયટી સંચાલિત, નટરાજ સી.પી. સ્કૂલ દ્વારા હાડકા, સ્નાયુઓ, કરોડરજ્જૂની તકલીફવાળા દિવ્યાંગ દર્દીઓને પ્રાથમિક નિદાન તથા સારવાર માટે બાળકોના પીડિયાટ્રિક ડો.આસીમાબેન ચૌધરીનો કેમ્પ પીએનઆર હોસ્પિટલ, અંધઉદ્યોગ શાળા કેમ્પસ, વિદ્યાનગર ખાતે રાખેલ છે. જેમાં સ્નાયુઓની અક્કડતા તથા સંકુચન, હાડકાની વિકૃતિ, કરોડરજ્જૂને લગતી તકલીફોનું સચોટ નિદાન અને સારવાર રાહતદારે કરી આપવામાં આવશે.

### જાહેર નોટીસ

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૨૩૩/૨૦૨૬**
**જન્મ તારીખ ૨૬/૦૫/૧૯૬૮**

**શ્રી જોહરાબહેન રહીમભાઈ વારૈયા W/O ઈકબાલભાઈ માંકડ,**
**રહે. કન્યાશાળા પાછળ, મુસ્લીમ સોસાયટી,**
**બોટાદ. મો-૯૪૨૭૧૭૪૯૬૫**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી જોહરાબહેન રહીમભાઈ વારૈયાએ તેમનો જન્મ તા.૨૬/૦૫/૧૯૬૮ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૨/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

### જાહેર નોટીસ

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૨૯૭/૨૦૨૬**
**જન્મ તારીખ ૧૮/૦૭/૧૯૫૬**

**શ્રી નફીસ નુરમહંમદ કપાસીયાવાલા,**
**રહે. બ્લોક નં.૩૪, ખ્વાજા ગરીબે નવાઝ પાર્ક, વાણંદવાડી, જમનાકુંડ,**
**ભાવનગર. મો-**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી નફીસ નુરમહંમદ કપાસીયાવાલાએ તેમનો જન્મ તા.૧૮/૦૭/૧૯૫૬ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ઘારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૭/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

### જાહેર નોટીસ

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં-પાલીતાણા**

**બી.એન્ડ ડી. રજી નં.૧૪૦/૨૦૨૬**

**શ્રી કળદોરીયા રજીયાબેન ઇમરાનભાઇ**
**રહે.પીરવાડી, વરતેજ**
**......અપીલવાળા**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રાર અને**
**ચીફ ઓફિસરશ્રી નગરપાલીકાપાલીતાણા**
**તા.પાલીતાણા, જિ:ભાવનગર ........સામાવાળા**

**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી રજીયાબેન ઉસ્માનભાઇ ડેરૈયાનો જન્મ તા.૧૦/૦૫/૧૯૮૦ના રોજ પાલીતાણા ખાતે થયેલ હોઇ અરજદારશ્રીના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેઓના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણાનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઇને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૧૦-૦૭-૨૦૨૬

કોર્ટનો સિક્કો

**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ**
**પાલીતાણા**

### જાહેર નોટીસ

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં-પાલીતાણા**

**બી.એન્ડ ડી. રજી નં.૧૮૬/૨૦૨૬**

**શ્રી ચિથરભાઇ વાલાભાઇ વાઘેલા**
**રહે.મોટી પાણીયાળી,તા.પાલીતાણા.**
**......અપીલવાળા**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રાર અને**
**તલાટી-કમ-મંત્રીશ્રી, મોટી પાણીયાળી ગ્રામ પંચાયત કચેરી,**
**મુ.મોટી પાણીયાળી,તા.પાલીતાણા, જિ.ભાવનગર ........સામાવાળા**

**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે મરણ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી ચિથરભાઈ વાલાભાઈ વાઘેલાના ભાભી સ્વ.સંતોકબેન ગોરધનભાઇ વાઘેલા તે સ્વ.ગોરધનભાઇ વાલાભાઇના પત્નીનું અવસાન તા.૦૩/૦૫/૧૯૭૯ના રોજ મોજેઃમોટી પાણીયાળી પાલીતાણા ખાતે થયેલ હોઇ અરજદારશ્રીના ભાભીના અવસાન અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. અવસાન અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના ભાભીના અવસાન નોંધ તલાટી-કમ-મંત્રીશ્રી, મોટી પાણીયાળી ગ્રામ પંચાયત કચેરી,મુ.મોટી પાણીયાળી,તા.પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઇને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૦૭-૦૭-૨૦૨૬

કોર્ટનો સિક્કો

**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ**
**પાલીતાણા**


સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

## સૌરાષ્ટ્ર આસપાસ

# સુરતને જળબંબોળ થતું અટકાવવા કાયમી વ્યુહરચનાની અનિવાર્યતા

ભાવિ આપત્તિઓના પડછાયા વચ્ચે દર ચોમાસે ડાયમંડ સિટી અને ટેક્સટાઇલ હબ તરીકે ઓળખાતા સુરત શહેર પર પૂરનો ગંભીર ખતરો મંડરાતો રહે છે. તાપી નદીના ઉપરવાસમાંથી બિનઆયોજિત રીતે છોડાતા પાણી, અણધાર્યા અતિભારે વરસાદ, સમુદ્રી ભરતી અને બેફામ શહેરીકરણના ત્રિવેણી સંગમથી ઊભી થતી જળબંબોળની સ્થિતિ સુરતના અર્થતંત્ર અને જનજીવનને ઝાટકો આપે છે. ભૂતકાળમાં અનેક વહીવટી પ્રયોગો અને અબજો રૂપિયાના આયોજનો કાગળ પર અને જમીન પર આવ્યા હોવા છતાં સુરતની જનતાને આ વાર્ષિક આફતમાંથી કાયમી મુક્તિ મળી શકી નથી. વર્તમાન સમયની માંગ છે કે માત્ર પૂર આવ્યા પછી બચાવ અને રાહત કાર્ય કરવાને બદલે, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અને આધુનિક ઇજનેરી કૌશલ્યનો સમન્વય કરીને એક સક્ષમ તથા કાયમી પૂર સંચાલન પ્રણાલી ઊભી કરવામાં આવે.

આગામી ચોમાસામાં જાનમાલનું નુકસાન અટકાવવા માટે લાંબાગાળાના આયોજનોની સાથે તાત્કાલિક અને આપાતકાલીન પગલાં લેવા અત્યંત અનિવાર્ય છે. પૂરની સ્થિતિ સર્જાય ત્યારે વહીવટીતંત્રે કટોકટીના વ્યવસ્થાપન માટે પ્રથમ કલાકથી જ સક્રિય થવું પડે તેમ છે. આ માટે નીચાણવાળા વિસ્તારોમાંથી નાગરિકોને સલામત સ્થળે ખસેડવા માટે આધુનિક આશ્રયસ્થાનોની પૂર્વ તૈયારી, પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા અને રોગચાળો ન ફેલાય તે માટે તબીબી ટીમોની આગોતરી ગોઠવણી યુદ્ધના ધોરણે થવી જોઈએ. આ ઉપરાંત પૂરના પાણી ઝડપથી ઓસરે તે માટે મહાનગરપાલિકાએ અત્યારથી જ હાઈ-કેપેસિટી ધરાવતા ડીવોટરિંગ પંપો વ્યૂહાત્મક સ્થળો પર તૈનાત રાખવા પડશે. આપત્તિના સમયે ફસાયેલા લોકોને તાત્કાલિક ફૂડ પેકેટ્સ અને જીવનજરૂરી કીટો પહોંચાડવા માટે સામાજિક સંસ્થાઓ સાથેનું સંકલન અત્યારથી જ સુદ્રઢ કરી લેવું જોઈએ, જેથી આપાતકાલીન સ્થિતિમાં સમયનો સહેજ પણ બગાડ ન થાય.સુરતની ભૌગોલિક સ્થિતિ જોતાં તેની પૂર સમસ્યાનો સીધો સંબંધ તાપી નદીના વહેણ અને ઉપરવાસમાં આવેલા ઉકાઈ ડેમના જળસ્તરના સંચાલન સાથે જોડાયેલો છે. જ્યારે પણ ઉપરવાસના કેચમેન્ટ એરિયામાં ભારે વરસાદ પડે છે ત્યારે ડેમની સલામતી માટે લાખો ક્યુસેક પાણી તાપી નદીમાં છોડવાની ફરજ પડે છે. જો આ જ સમયે સુરતમાં સ્થાનિક સ્તરે સાંબેલાધાર વરસાદ ચાલુ હોય કે દરિયામાં હાઈટાઈડ એટલે કે ભરતીની સ્થિતિ હોય, તો નદીનું પાણી શહેરમાં બેક મારે છે.



# ૧૩- હરભાઈ : કેળવણીના ક્રાંતિવીર સહશિક્ષણ અને જાતીય શિક્ષણના પુરસ્કર્તા

- **શિક્ષણ એ માત્ર માહિતી આપવી કે બુદ્ધિનો વિકાસ કરવો નથી, પણ સર્વાંગીણ જીવનને ખીલવનારી પ્રક્રિયા છે.**
- **કેવળ છોકરાઓને જ ભણાવવા અને સમાન બુદ્ધિ ધરાવતી છોકરીઓને પ્રવેશ ન આપવો એ કન્યાઓ પર અત્યાચાર છે.**
- **"જાતીય આવેગ એ માનવજીવનની સહજ પ્રક્રિયા છે. તેને દબાવવાને બદલે વૈજ્ઞાનિક રીતે સમજવી જોઈએ.**

**ભાવનગર ૩૦૦**

**- બળદેવસિંહ ગોહિલ**

હરભાઈ ત્રિવેદી માત્ર એક શિક્ષક કે આચાર્ય નહોતા, પરંતુ શિક્ષણ ક્ષેત્રે વિચાર, ચિંતન અને પ્રયોગનો ત્રિવેણી સંગમ હતા. કોઈ પણ પ્રશ્ન પર તલસ્પર્શી વિચાર કરવો, મનોવૈજ્ઞાનિક પરિબળો ચકાસવાં અને પરિણામોનું મૂલ્યાંકન કરીને જ આગળ વધવું એ તેમની જીવનશૈલી હતી. દક્ષિણામૂર્તિની ત્રિપુટી (નાનાભાઈ ભટ્ટ, ગિજુભાઈ બધેકા અને હરભાઈ ત્રિવેદી)માં તેઓ સૌથી વધુ ગતિશીલ અને ક્રાંતિકારી હતા. તેમનો અખૂટ પ્રેમભાવ, કરુણા અને ક્રોધમુક્ત સ્મિતભર્યો વ્યવહાર સહુના હૃદય જીતી લેતો. તેઓ માનતા કે શિક્ષણ એ માત્ર માહિતી આપવી કે બુદ્ધિનો વિકાસ કરવો નથી, પણ માનવીના સર્વાંગીણ જીવનને ખીલવનારી પ્રક્રિયા છે. જે યુગમાં સમાજ વહેમ અને અજ્ઞાનમાં ડૂબેલો હતો, ત્યારે તેમણે ધર્મ અને સમાજના રૂઢિચુસ્ત વિચારો સામે જઈને શિક્ષણમાં નવી દિશા ચીંધી. તીવ્ર સામાજિક વિરોધ અને જાનના જોખમ વચ્ચે પણ તેમણે ધૈર્યથી કામ લીધું, જે તેમને 'મુઠ્ઠી ઊંચેરા કેળવણીકાર' બનાવે છે.

સહશિક્ષણનો આરંભ અને સામાજિક વિરોધ : જે સમયે કન્યા કેળવણી દુષ્કર હતી અને છોકરા છોકરીઓનું સાથે ભણવું પાપ ગણાતું, ત્યારે હરભાઈનું હૃદય આ સ્થિતિ બદલવા વ્યાકુળ હતું. એક લગ્નપ્રસંગે તેમણે જાહેર કર્યું : "જો ઘરમાં અને સામાજિક પ્રસંગોમાં સ્ત્રી-પુરુષો સાથે રહી શકતાં હોય, તો શાળામાં દીકરીઓ દીકરાઓ સાથે કેમ ન ભણી શકે?" આ વિચારોથી સમાજમાં ભારે ખળભળાટ મચી ગયો. ચોરે ને ચૌટે તેમની નિંદા થઈ. સંસ્થાના આદ્યસ્થાપક નાનાભાઈ ભટ્ટે પણ વિરોધ કરતાં કહ્યું કે સમાજની લાગણી વિરૂદ્ધ જઈને સહશિક્ષણની વાત કરવી આપણને શોભતી નથી. પરંતુ હરભાઈએ ધારદાર દલીલ કરી: "કેવળ છોકરાઓને જ ભણાવવા અને સમાન બુદ્ધિ ધરાવતી છોકરીઓને પ્રવેશ ન આપવો એ કન્યાઓ પર અત્યાચાર છે." આખરે, ઊંડી ચર્ચા બાદ દક્ષિણામૂર્તિમાં કન્યાઓને પ્રવેશ આપવાનો સૈદ્ધાંતિક સ્વીકાર થયો.

શરૂઆતમાં આખા ભાવનગરમાંથી માત્ર ચાર કન્યાઓ મળી. હરભાઈએ પોતે જ પોતાની પુત્રીઓ જશીબહેન અને અરુણાબહેનને દાખલ કરી આદર્શ પૂરો પાડ્યો. ત્યારબાદ ભાવનગરના પ્રગતિશીલ પારેખ કુટુંબની કન્યાઓ જોડાઈ અને જોતજોતામાં દક્ષિણામૂર્તિનું 'વિનય મંદિર' સહશિક્ષણની અગ્રેસર શાળા બની ગયું.

નાનાભાઈ અને સંચાલક મંડળ જ્યારે સામાજિક વિરોધથી થાક્યા, ત્યારે પણ હરભાઈએ પત્રિકાઓ અને ભાષણો દ્વારા સહશિક્ષણનો મજબૂત બચાવ કર્યો. તેમણે તર્ક આપ્યો કે છોકરા-છોકરીઓને સાથે ભણાવવાથી પરસ્પર સ્નેહ, સહકાર અને આત્મવિશ્વાસ વધે છે. તેમને કૃત્રિમ રીતે દૂર રાખવાથી આકર્ષણ વિકૃત બને છે. જોકે, તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે સહશિક્ષણવાળી સંસ્થામાં જાતીય આવેગો આડે માર્ગે ન જાય તે જોવાની જવાબદારી શિક્ષકની છે, અને તે માટે યોગ્ય 'જાતીય શિક્ષણ' (Sex Education) અનિવાર્ય છે.

જાતીય શિક્ષણનો પ્રયોગ : સહશિક્ષણનો પ્રયોગ સફળ થઈ રહ્યો હતો ત્યારે એક દિવસ વિનય મંદિરની એક તેજસ્વી વિદ્યાર્થિની સતત ચાર દિવસ ગેરહાજર રહી. વર્ગશિક્ષકની પૂછપરછ પર મૌન સેવનારી આ બાળકીને હરભાઈએ શાળા છૂટ્યા પછી પ્રેમથી વિશ્વાસમાં લીધી. આજુબાજુ જોઈ, નીચી નજરે તેણે ધીમેથી કહ્યું, "લોહીથી મારા કપડાં બગડે છે એટલે..." હરભાઈ તરત જ પરિસ્થિતિ સમજી ગયા. તેમણે અત્યંત આશ્વાસનભર્યા સ્વરે સમજાવ્યું, "દીકરી, તું હવે ચૌદ-પંદર વર્ષની થઈ છે એટલે શરીરમાં કુદરતી ફેરફાર થાય છે. ઈશ્વરે દરેક સ્ત્રીના શરીરમાં આ પ્રક્રિયા મૂકી છે, જેથી શરીર શુદ્ધ થાય. વિજ્ઞાનની ભાષામાં આને 'રજોદર્શન' (સીહર્જોર્ક્ૈહ) કહેવાય. આનાથી ગભરાવાની સહેજ પણ જરૂર નથી." આ સમજણથી બાળકી ભયમુક્ત થઈ. ધીમે ધીમે આ વાત અન્ય વિદ્યાર્થિનીઓ સુધી પહોંચી અને તેમનામાં પણ પોતાના શરીર વિશે સાચી માહિતી મેળવવાની જિજ્ઞાસા જાગી. વિદ્યાર્થિનીઓની વિનંતીને માન આપીને હરભાઈએ શાળા સમય પછી પ્રયોગશાળામાં આકૃતિઓ દ્વારા સ્ત્રીની શરીરરચના અને સ્વાસ્થ્ય અંગે વૈજ્ઞાનિક માર્ગદર્શન આપવાનું શરૂ કર્યું. અંગ્રેજી પુસ્તકોના ઊંડા અભ્યાસના આધારે તેઓ નિયમિત રીતે વયસ્ક છોકરીઓને માર્ગદર્શન આપવા લાગ્યા.

વિદ્યાર્થીઓનો રોષ અને નવો વળાંક : શરૂઆતમાં આ પ્રવૃત્તિ માત્ર છોકરીઓ પૂરતી મર્યાદિત હતી. જ્યારે ઉપલા ધોરણના છોકરાઓને આ બાબતની ખબર પડી, ત્યારે તેમનામાં પણ કુતૂહલ જાગ્યું. પક્ષપાતના આક્ષેપ સાથે કેટલાક તોફાની વિદ્યાર્થીઓએ રાત્રે વર્ગખંડનું તાળું તોડી કબાટમાંથી જાતીય વિજ્ઞાનના પુસ્તકો ચોરીને વાંચ્યા અને સમાજમાં આ પ્રવૃત્તિનો વિરોધ કર્યો. હરભાઈએ આ વર્તન પાછળનું મનોવૈજ્ઞાનિક કારણ તુરંત સમજી લીધું. તેમણે ગુસ્સે થવાને બદલે છોકરાઓને સામેથી બોલાવ્યા અને તેમને પણ જાતીય શિક્ષણના પાયાના પાઠ ભણાવ્યા. આ સકારાત્મક અભિગમને કારણે વિદ્યાર્થીઓમાં અદભુત પરિવર્તન આવ્યું; તેમની ક્રિયાશીલતા વધી અને શાળામાં શિસ્ત, વિવેક તથા જવાબદારીની ભાવના વિકસી.

મનોવૈજ્ઞાનિક ઉકેલો અને સામાજિક વિરોધ : હરભાઈ માત્ર સિદ્ધાંતો નહીં, પણ વ્યવહારિક ઉકેલો આપતા. સંસ્થાના તેજસ્વી વિદ્યાર્થી ગુલાબચંદની માનસિક ચિંતા અને મૂર્છા આવવાની બીમારી પાછળનું કારણ જ્યારે તબીબો ન શોધી શક્યા, ત્યારે હરભાઈએ મનોચિકિત્સક દૃષ્ટિએ તપાસ કરી. તેમને ગુલાબચંદની નોટબુકમાંથી જાનકી નામની વિદ્યાર્થિની પર લખેલો પ્રેમપત્ર મળ્યો. હરભાઈએ બંને વિદ્યાર્થીઓ સાથે પરિપક્વતાથી વાતચીત કરી, તેમની લાગણીઓને સમજીને યોગ્ય દિશા આપી. આ જ રીતે ચંદનબેન અને સતીશ કાલેલકર વચ્ચેના સંબંધોમાં પણ તેમણે માર્ગદર્શકની ભૂમિકા ભજવી.જોકે, સન ૧૯૩૬-૩૭ દરમિયાન આ પ્રયોગો જેમ પરિપક્વ બન્યા, તેમ સમાજનો વિરોધ પણ વકર્યો. વાલીઓ અને શિક્ષકોએ દક્ષિણામૂર્તિના વડા નાનાભાઈ ભટ્ટ સમક્ષ ઉગ્ર ફરિયાદો કરી. નાનાભાઈ પોતે વૈજ્ઞાનિક અભિગમનો આદર કરતા હતા, પરંતુ સમાજ હજુ આ સ્વીકારવા તૈયાર નહોતો.

ગાંધીજીની નૈતિક કસોટી અને વારસો

આ વિવાદ છેક મહાત્મા ગાંધી સુધી પહોંચ્યો. ગાંધીજીએ આખી ઘટનાની તટસ્થ તપાસ કરી, સંબંધિત વ્યક્તિઓના નિવેદનો લીધા અને અંતે જાહેર કર્યું કે હરભાઈ સામેના આક્ષેપો પાયાવિહોણા છે. ગાંધીજીએ તેમને "૯૯ ટકા નિર્દોષ" જાહેર કર્યા, જે હરભાઈ માટે મોટી નૈતિક જીત હતી.હરભાઈનો જીવનસંદેશ : "જાતીય આવેગ એ માનવજીવનની સહજ પ્રક્રિયા છે. તેને દબાવવાને બદલે વૈજ્ઞાનિક રીતે સમજવી જોઈએ. અજ્ઞાન, ભય અને સંકોચ જ સામાજિક વિકૃતિઓને જન્મ આપે છે."હરભાઈ ત્રિવેદીએ શિક્ષણક્ષેત્રે માત્ર પ્રયોગો જ નહોતા કર્યા, પરંતુ રૂઢિચુસ્ત સમાજની અંધમાન્યતાઓ સામે વૈજ્ઞાનિક વિચારધારાનો દીપ પ્રગટાવીને એક નવો ચીલો ચાતર્યો હતો.

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** આ સપ્તાહ દરમિયાન ગુરુ ગ્રહ તમારી ચંદ્ર રાશિના ચોથા ભાવમાં સ્થિત રહેશે, જેના કારણે જો તમે એસિડિટી, અપચો અને સંધિવા (ગઠિયા) જેવી બીમારીઓથી પરેશાન હતા, તો તમને આ રોગોમાંથી રાહત મળવાના યોગ બનશે. જો કે, આમ છતાં તમને સમય-સમય પર થતી શરદી, ઉધરસ જેવી નાની-મોટી સમસ્યાઓથી પોતાનો બચાવ કરવાની સલાહ આપવામાં આવે છે. નાણાકીય રોકાણ માટે આ સપ્તાહ ઘણું સારું રહેવાનું છે. પરંતુ જો તમે આ માટે કોઈ નવું વાહન કે ઘર ખરીદવાનું વિચારી રહ્યા છો, તો તમારે ઘરના કોઈ વડીલ કે અનુભવી વ્યક્તિની યોગ્ય સલાહ લઈને જ રોકાણ કરવાની જરૂર પડશે. આ સપ્તાહે તમે પરિવારમાં શાંતિ જાળવી રાખવા અને સભ્યો સાથે તમારા સંબંધો સુધારવા માટે વધારાના પ્રયત્નો કરશો. પરંતુ તેમ છતાં, તમને પરિવારના સભ્યોનો જરૂરી સહકાર મળશે નહીં. તેથી આ સમયગાળા દરમિયાન તમારે કોઈ અનુભવી વ્યક્તિ સાથે આ સમસ્યા અંગે વાત કરવી જોઈએ. શનિદેવ તમારી ચંદ્ર રાશિના બારમા ભાવમાં બિરાજમાન હોવાને કારણે, આ સપ્તાહે વેપારી જાતકોએ પોતાના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે કોઈ મોટો નિર્ણય લેવો પડી શકે છે. જો કે, આ અઠવાડિયે કોઈપણ પ્રકારનો નિર્ણય લેતી વખતે તમારા અહમને વચ્ચે ન આવવા દો. સાથે જ, જરૂર પડ્યે તમારા જુનિયર સહકર્મીઓની મદદ લો અને તેમના વિચારો તથા સૂચનો પર પણ ધ્યાન આપો.

**વૃષભ - (બ, વ, ઉ)** કેતુ દેવ તમારી ચંદ્ર રાશિના ચોથા ભાવમાં ઉપસ્થિત રહેશે અને આવી સ્થિતિમાં, સ્વાસ્થ્યની દ્રષ્ટિએ આ સમયગાળો તમારા માટે અતિ મહત્વપૂર્ણ છે. કારણ કે આ દરમિયાન તમારે સ્વાસ્થ્ય સંબંધિત કોઈ મોટી તકલીફોનો સામનો તો નહીં કરવો પડે, પરંતુ તેમ છતાં તમે પોતાને સ્વસ્થ રાખવા માટે યોગ અને વ્યાયામને તમારી દિનચર્યામાં સામેલ કરતા જોવા મળશો. તમારા કોઈ જૂના રોકાણ જેમ કે પૈતૃક સંપત્તિ, જમીન, પ્રોપર્ટી, પોલિસી વગેરેના કારણે આ સપ્તાહે તમારી આવકમાં વધારો થતો જણાય છે. આવી સ્થિતિમાં તમે એ ધન પ્રાપ્ત કરીને, તેને ફરીથી કોઈ સારી યોજનામાં રોકાણ કરવાનો નિર્ણય પણ લઈ શકો છો. કેટલાક લોકો માટે, પરિવારમાં કોઈ નવા મહેમાનનું આગમન ઉત્સવ અને ઉલ્લાસની ક્ષણો લઈને આવશે. આનાથી ઘરમાં નવી-નવી વાનગીઓ બનશે અને સાથે જ તમને લાંબા સમય પછી આખા પરિવાર સાથે બેસવાનો અને સમય વિતાવવાનો અવસર પણ મળશે. ગુરુ ગ્રહ તમારી ચંદ્ર રાશિના ત્રીજા ભાવમાં ઉપસ્થિત રહેશે અને તેના પરિણામે, આ સપ્તાહે તમારા ભાગીદાર (બિઝનેસ પાર્ટનર) સાથે સંવાદ સાધવો તમારા માટે ઘણો મુશ્કેલ સાબિત થવાનો છે. આવી સ્થિતિમાં જો તમે વેપારનો વિસ્તાર કરવા માંગો છો, તો તમારે પોતાના અહમને બાજુ પર મૂકીને પાર્ટનર સાથેના દરેક મતભેદને દૂર કરવાની જરૂર રહેશે. આ સપ્તાહે વિદ્યાર્થીઓએ એ વાત સારી રીતે સમજવી પડશે કે કોઈપણ પાઠ કે અભ્યાસને આવતીકાલ પર ટાળવાથી ક્યારેય કોઈનું ભલું થતું નથી.

**મિથુન - (ક, છ, ઘ) :-** કેતુ ગ્રહ તમારી ચંદ્ર રાશિના ત્રીજા ભાવમાં સ્થિત રહેશે અને આવી સ્થિતિમાં, આ અઠવાડિયે તમને પગનો દુખાવો, મચકોડ અને સાંધાના દુખાવા જેવી સમસ્યાઓમાંથી મુક્તિ મળી શકશે. વિશેષ કરીને ૫૦ વર્ષથી વધુ ઉંમરના જાતકો માટે આ સપ્તાહ ખાસ કરીને ઉત્તમ રહેવાના યોગ બનશે. આ સપ્તાહે તમારે સૌથી વધુ પોતાના ખર્ચાઓ પર કાબૂ રાખવાની જરૂર પડશે. આ માટે ઘરની ખરીદી કરતી વખતે ખુલ્લા હાથે પૈસા વાપરવાનું ટાળો. અન્યથા ભવિષ્યમાં તમારે ભારે આર્થિક સંકટોના કારણે મુશ્કેલી વેઠવી પડી શકે છે. પરિવારના સભ્યો સાથે તમે આ સપ્તાહે આરામની કેટલીક ક્ષણો વિતાવી શકશો. આ દરમિયાન તમને તમારા માતા-પિતા પાસેથી કોઈ જૂના પરિચિતોને મળવાની અથવા તેમના વિશે કંઈક નવું અને મહત્વપૂર્ણ સાંભળવાની તક મળશે. શનિ ગ્રહ તમારી ચંદ્ર રાશિના દસમા ભાવમાં બિરાજમાન હોવાને કારણે, આ સપ્તાહે તમે દરેક પરિસ્થિતિમાં પોતાને આશાવાદી રાખવામાં સફળ રહેશો, જેના કારણે તમે મુશ્કેલ સમયનો પણ મક્કમતાથી સામનો કરી શકશો. આ સાથે જ આ સમયગાળા દરમિયાન તમે તમારા કૌશલ્ય અને અનુભવ પર કામ કરીને તેનો યોગ્ય લાભ ઉઠાવવામાં પણ સફળ રહેશો.

**કર્ક - (ડ, હ) :-** આ સપ્તાહે તમારી વારંવાર ખાવાની આદત તમને મુશ્કેલીમાં મૂકી શકે છે. તેથી એ વાત સમજો કે ઠાંસી-ઠાંસીને ખાવું એ તમારા શોખ માટે ભલે સારું હોય, પરંતુ તે તમારું સ્વાસ્થ્ય બગાડવા માટે પૂરતું છે. આવી સ્થિતિમાં આ અઠવાડિયે તમારે વધુ કેલરીવાળી વસ્તુઓ ખાવાથી બચવું જ જોઈએ. બૃહસ્પતિ દેવ (ગુરુ) તમારી ચંદ્ર રાશિના પ્રથમ/લગ્ન ભાવમાં હાજર હોવાને કારણે, તમારી રાશિના જાતકો માટે ધન સંબંધિત બાબતો આ સપ્તાહે લાભદાયી પરિણામો આપશે. આ સમયે તમારી આર્થિક સ્થિતિ તો મજબૂત થશે જ, સાથે જ કોઈ પણ આર્થિક નિર્ણય લેવા માટે આ સમય સામાન્ય કરતાં ઘણો અનુકૂળ પણ દેખાઈ રહ્યો છે. આ સપ્તાહે તમે તમારા જૂના મિત્રો અથવા નજીકના સંબંધીઓને કોઈ પાર્ટી કે દાવત આપી શકો છો. કારણ કે આ દરમિયાન તમારી પાસે અતિરિક્ત ઊર્જા હશે, જે તમને કોઈ મેળાવડા કે કાર્યક્રમનું આયોજન કરવા માટે પ્રેરિત કરશે. જો કે, આવું કંઈપણ કરતાં પહેલાં તમારા ઘરના સભ્યો સાથે વિચાર-વિમર્શ અવશ્ય કરી લેવો. સિતારાઓની ચાલ અને શનિદેવ તમારી ચંદ્ર રાશિના નવમા ભાવમાં બેઠા હોવાના કારણે, આ દરમિયાન તમારી નેતૃત્વ અને વહીવટી ક્ષમતા વધુ ખીલી ઉઠશે.

**સિંહ - (મ, ટ) :-** શનિ ગ્રહ તમારી ચંદ્ર રાશિના આઠમા ભાવમાં ઉપસ્થિત રહેશે અને આવી સ્થિતિમાં, જો તમે નિયમિત રૂપે દોડતા (રનિંગ કરતા) હોવ તો, કઠણ કે પાકી જગ્યાઓ પર દોડવાને બદલે રેતી અથવા માટી પર જ દોડો અને રનિંગના શૂઝ પહેરીને જ દોડવાનું રાખો. કારણ કે આનાથી તમારા પગ પર ખરાબ અસર નહીં પડે, સાથે જ તમને તમારું પાચનતંત્ર મજબૂત કરવામાં પણ મદદ મળશે. આનાથી તમે પોતાને સ્વસ્થ રાખવાની સાથે-સાથે તમારી કોઈ જૂની સમસ્યાઓથી પણ છુટકારો મેળવી શકશો. આ સપ્તાહે તમને કોઈ રોકાણમાંથી એટલો લાભ નહીં થાય જેટલો તમે વિચાર્યો હતો. પરંતુ આ લાભ તમને ઘણા અંશે સંતોષ આપશે અને તમે તેની મદદથી તમારા વેપારમાં ફરી રોકાણ કરવાનો નિર્ણય લઈ શકશો. જેમાં જો તમે સાચી વ્યૂહરચના અપનાવશો તો તમે ધનને ઝડપથી બમણું કરી શકો છો. બીજાના પ્રયાસો કે કામમાં તમારું વગર કારણે નુક્સ (ખામીઓ) કાઢવું, આ સપ્તાહે પરિવારના કેટલાક સભ્યો સાથે તમારો ઝઘડો કરાવી શકે છે.

**કન્યા - (પ, ઠ, ણ) :-** શનિ ગ્રહ તમારી ચંદ્ર રાશિના સાતમા ભાવમાં બેઠા હશે અને આવી સ્થિતિમાં, આ સપ્તાહે તમારા સ્વભાવમાં તમારા સ્વાસ્થ્યને લઈને થોડી વધુ સજાગતા જોવા મળશે. જેના કારણે તમે પહેલા કરતાં વધુ સારો આહાર લેતા જોવા મળશો. તેથી તમારી રહેણીકહેણી યોગ્ય રાખો અને સારા સ્વાસ્થ્યનો આનંદ માણો. આ સપ્તાહે તમારી પાસે ધન તો હશે, પરંતુ કોઈ વસ્તુની ખરીદીના કારણે તે તમારા માટે પૂરતું સાબિત નહીં થાય. જેના લીધે શક્ય છે કે તમે કોઈ બેંક અથવા અન્ય કોઈ સંસ્થામાંથી લોન કે કરજ લેવાનું આયોજન કરી શકો છો. જો કે, શક્ય હોય તો અત્યારે એવું કરવાનું ટાળો અને ખરીદીને પછીના સમય પર ટાળી દો. સાપ્તાહિક રાશિફળ મુજબ, રાહુ દેવ તમારી ચંદ્ર રાશિના છઠ્ઠા ભાવમાં હાજર રહેશે અને આવી સ્થિતિમાં, તમારી રાશિના જાતકોને આ અઠવાડિયે પોતાના પારિવારિક જીવનમાં અપાર સુખ મળવાના યોગ બનશે. આ સમયે તમે પરિવારના સભ્યો વચ્ચેના ભૂતકાળના તમામ પ્રકારના મતભેદોને દૂર કરવામાં પણ સફળ રહેશો. આનાથી તમારા માતા-પિતાને તમારા પર ગર્વની અનુભૂતિ થશે. બેરોજગાર જાતકોએ સારી નોકરી મેળવવા માટે આ સપ્તાહે પહેલા કરતાં વધુ મહેનત કરવાની જરૂર પડશે.

**તુલા - (ર, ત) :-** જે જાતકો પોતાના ઘરથી દૂર રહે છે, તેમને ફોન કે અન્ય સંવાદના માધ્યમો દ્વારા પરિવારના કોઈ નજીકના સભ્યના ખરાબ સ્વાસ્થ્ય વિશે માહિતી મળશે. જેના કારણે તમારું મન બેચેન થઈ જશે. આ સપ્તાહે કેતુ દેવ તમારી ચંદ્ર રાશિના અગિયારમા ભાવમાં સ્થિત હોવાના કારણે, તમારી રાશિના લોકોનું આર્થિક જીવન સામાન્ય કરતાં વધુ સારું રહેશે. કારણ કે એક તરફ જ્યાં અણધાર્યા ખર્ચાઓ તમને થોડી પરેશાની આપશે, તો બીજી તરફ ગુરુ દેવ તમારી ચંદ્ર રાશિના દસમા ભાવમાં સ્થિત હોવાને કારણે ઘણા સ્ત્રોતોમાંથી ધનની પ્રાપ્તિ થશે, જેનાથી તમને આ તમામ ખર્ચાઓમાંથી મુક્તિ મળી શકશે. આ કારણોસર તમારા ચહેરા પર એક અલગ જ સ્મિત જોવા મળશે, તેથી આ શુભ સમયનો લાભ ઉઠાવો. સામાજિક ઉત્સવો કે કાર્યક્રમોમાં તમારી ભાગીદારી તમને સમાજના ઘણા પ્રભાવશાળી વ્યક્તિઓના સંપર્કમાં આવવાની તક આપશે. આવી સ્થિતિમાં આ તમામ તકોને પોતાના હાથમાંથી જવા દીધા વિના, તેનો ઉત્તમમાં ઉત્તમ લાભ ઉઠાવવાનો પ્રયાસ કરો. આ સપ્તાહે તમારું મન તમારા કેટલાક જૂના મિત્રોને મળવાનું થશે, જેના કારણે તમે કાર્યક્ષેત્ર (ઓફિસ/બિઝનેસ) માંથી રજા પણ લઈ શકો છો.

**વૃશ્ચિક - (ન, ય) :-** આપણું સ્વાસ્થ્ય જ જીવનની સાચી મૂડી છે, આ વાતને તમે આ સપ્તાહે તમારા જીવનમાં અપનાવીને તેના પર અમલ કરશો. જેના કારણે તમે ઘરની સાથે-સાથે તમારા કાર્યસ્થળ પર પણ સારા સ્વાસ્થ્યની પ્રાપ્તિ માટે, દરેક માનસિક તણાવને બાજુ પર મૂકીને લોકો સાથે ખુલ્લા મને હસી-મજાક કરશો. આ આખું અઠવાડિયું ભાગ્ય અને નસીબ તમારા પક્ષમાં રહેશે, કારણ કે શનિદેવ તમારી ચંદ્ર રાશિના પાંચમા ભાવમાં બિરાજમાન હશે. તેથી તમને સલાહ આપવામાં આવે છે કે કોઈપણ કામમાં વગર કારણે ઉતાવળ ન દાખવો, ધીરજથી કામ લો અને જીવનની પ્રક્રિયા પર ભરોસો રાખીને જ કોઈપણ રોકાણમાં તમારા પૈસા લગાવો. આ સપ્તાહે તમારા અંગત જીવનમાં એવી ઘણી પરિસ્થિતિઓ ઊભી થશે, જ્યારે તમને એવો અહેસાસ થશે કે તમારા મિત્રો સહકારી સ્વભાવના છે. આમ છતાં, તેમને કંઈપણ બોલતી વખતે તમારે વિશેષ સાવધાની રાખવાની જરૂર પડશે. અન્યથા તમે ન ઈચ્છવા છતાં પણ તેમને ઠેસ પહોંચાડી શકો છો.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** રાહુ ગ્રહ તમારી ચંદ્ર રાશિના ત્રીજા ભાવમાં ઉપસ્થિત રહેશે અને તેના પરિણામે, આ સપ્તાહે તમારું સ્વાસ્થ્ય જીવન ઘણું ઉત્તમ રહેવાની આશા છે. આ દરમિયાન તમે એવા લોકો સાથે વધુ મળવાનું કે ભળવાનું પસંદ નહીં કરો, જેઓ તમને નકામી ચિંતાઓ આપે છે. જેના કારણે તમારું માનસિક સ્વાસ્થ્ય પણ ઘણું સારું રહેશે. આ સપ્તાહે તમને કમિશન, ડિવિડન્ડ (લાભાંશ) અથવા રોયલ્ટીના કાર્યો દ્વારા કોઈ મોટો ફાયદો થશે. સાથે જ તમારામાંથી ઘણા લોકો એવી કોઈપણ યોજનામાં પૈસા રોકવા માટે તૈયાર થશે, જેમાં નફાની શક્યતા દેખાતી હોય અને જે વિશેષ હોય. પરિવારમાં આ સપ્તાહે તમને તમારા ભાઈ-બહેનોનો સહકાર પ્રાપ્ત થશે નહીં. આના લીધે તમને કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં ખાસી મુશ્કેલી પડી શકે છે. આવી સ્થિતિમાં તમારા માટે એ જ યોગ્ય રહેશે કે તેમની સાથે તમારા સંબંધો સુધારવા માટે તમે સતત પ્રયત્નો કરતા રહો. કેતુ દેવ તમારી ચંદ્ર રાશિના નવમા ભાવમાં સ્થિત હોવાના કારણે, આ સપ્તાહે કાર્યક્ષેત્રમાં પરિસ્થિતિઓ સંપૂર્ણપણે તમારા પક્ષમાં રહેશે. જેના લીધે તમે કાર્યસ્થળ પર તમારા દરેક અધૂરા પડેલા કાર્યોને પૂરા કરીને તમારા વરિષ્ઠ અધિકારીઓ અને બોસને ખુશ કરી શકશો. આનાથી ભવિષ્યમાં તમને પ્રગતિ મળવાની સંભાવના પણ દેખાઈ રહી છે.

**મકર - (ખ, જ) :-** ગુરુ ગ્રહ તમારી ચંદ્ર રાશિના સાતમા ભાવમાં સ્થિત રહેશે અને તેના પરિણામે, આ સપ્તાહે તમારા સ્વાસ્થ્યમાં સુધારો આવશે. તેથી એવી પ્રવૃત્તિઓમાં સામેલ થાઓ જે રોમાંચક હોય અને તમને માનસિક શાંતિ આપે. કારણ કે આનાથી તમે પોતાને માનસિક તણાવથી દૂર રાખવામાં સફળ થઈ શકશો. શનિદેવ તમારી ચંદ્ર રાશિના ત્રીજા ભાવમાં બેઠા હોવાના કારણે, આ સપ્તાહે આર્થિક સ્થિતિમાં સુધારો થવાને લીધે તમારા માટે ઘરની જરૂરી વસ્તુઓની ખરીદી કરવી ઘણી બધી અંશે સરળ રહેશે. જેના કારણે તમારા ઘરના સભ્યો પણ તમારાથી ખુશ રહેશે, સાથે જ તમને પણ કંઈક વધુ સારું કરવાનું પ્રોત્સાહન મળશે. આ સપ્તાહે તમારે તમારી વાણી અને તમારા શબ્દો પર નિયંત્રણ રાખવાની ખાસ જરૂર પડશે. કારણ કે એવી આશંકા છે કે આ દરમિયાન તમે પરિવારના કોઈ સભ્ય સાથે વાત કરતી વખતે કંઈક એવું બોલી દો, જેથી તેઓ તમારી વાતનો ખોટો અર્થ કાઢીને તમારી સાથે ઝઘડો કરી બેસે. આ સપ્તાહે તમારી આંતરિક શક્તિ જ તમારી સૌથી મોટી તાકાત સાબિત થશે. કારણ કે આ દરમિયાન તમે કાર્યક્ષેત્ર પર તમારા પ્રભાવને જાળવી રાખીને બીજાની મદદ કરતા જોવા મળશો. તમારો આ સહકાર જોઈને તમારા શત્રુઓ અને વિરોધીઓ પણ તમારા મિત્ર બની જશે, જેનાથી તમને આગળ જતાં શુભ પરિણામો પ્રાપ્ત થઈ શકશે.

**કુંભ - (ગ, શ, ષ, સ) :-** શનિ મહારાજ તમારી ચંદ્ર રાશિના બીજા ભાવમાં ઉપસ્થિત રહેશે અને આવી સ્થિતિમાં, આ સમયે તમારા દ્વારા રમત-ગમત જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લેવો એ તમને સ્વસ્થ રાખવામાં મદદરૂપ સાબિત થશે. જો કે, રમતી વખતે તમને દરેક પ્રકારના સંક્રમણ અને ઈજાથી બચવા માટે જરૂરી તમામ સુરક્ષા સાધનો (સ્પોર્ટ્સ ગિયર) પહેરવા પણ આવશ્યક રહેશે. આ સપ્તાહે અટકેલા આર્થિક મામલાઓ વધી શકે છે, સાથે જ આ દરમિયાન ઘણા પ્રકારના ખર્ચાઓ તમારા મગજ પર હાવી થઈ જશે. જેના કારણે તમને ન ઈચ્છવા છતાં પણ બેચેની થઈ શકે છે અને તમે ઘણા પ્રકારના નિર્ણયો લેવામાં પોતાને અસમર્થ અનુભવશો. આવી સ્થિતિમાં દરેક પરિસ્થિતિમાં પોતાને શાંત રાખો અને ખર્ચાઓ પર પણ લગામ લગાવો. આ સપ્તાહે પરિવારના સભ્યોનું તમારા જીવનમાં વિશેષ મહત્વ રહેશે. જેના કારણે તમે તેમના જીવનના ઘણા મહત્વપૂર્ણ નિર્ણયોમાં તેમની સલાહ-મસલત લેતા જોવા મળશો. આ સાથે જ તમારામાંથી કેટલાક જાતકો દાગીના (ઘરેણાં) અથવા ઘરના સામાનની ખરીદી પણ કરી શકે છે. આ આખા સપ્તાહ દરમિયાન તમારી રાશિમાં ઘણા ગ્રહોની ઉપસ્થિતિ પ્રોફેશનલ્સ (નોકરીયાત/વ્યાવસાયિકો) માટે સારા પરિણામો લાવનારી સાબિત થશે. આ ઉપરાંત, આ સમયગાળો એવા લોકો માટે પણ સારો સાબિત થશે જેઓ પોતાના મુખ્ય વ્યવસાય કે નોકરી સિવાય કોઈ નવો વ્યવસાય શરૂ કરવાનું વિચારી રહ્યા છે.

**મીન - (દ, ચ, ઝ, થ) :-** જો તમે એસિડિટી, અપચો અને સંધિવા (ગઠિયા) જેવી બીમારીઓથી પરેશાન હતા, તો આ સપ્તાહે તમને આ રોગોમાંથી થોડી રાહત મળવાના યોગ બનશે. જો કે, આમ છતાં તમને સમય-સમય પર થતી શરદી, ઉધરસ જેવી નાની-મોટી સમસ્યાઓથી પોતાનો બચાવ કરવાની સલાહ આપવામાં આવે છે. ગુરુ દેવ તમારા પાંચમા ભાવમાં હાજર હોવાના કારણે, આગામી સપ્તાહ રોકાણની દ્રષ્ટિએ ખૂબ જ સારું રહેશે. આ દરમિયાન તમારા દ્વારા કરવામાં આવેલું દરેક રોકાણ ભવિષ્યમાં તમને પૂરતો લાભ આપે તેવી સંભાવના છે. આવું એટલા માટે થશે કારણ કે આ સમયે તમારા ધન અને નાણાંના સ્વામી સકારાત્મક સ્થિતિમાં હશે. આ સપ્તાહે તમે તમારા સૂચનો અને તમારો દ્રષ્ટિકોણ મિત્રો તથા સંબંધીઓ પર થોપતા જોવા મળશો. જો કે, તમને આવું કરવાથી બચવાની સલાહ આપવામાં આવે છે. કારણ કે આ માત્ર તમારી છબી માટે જ નુકસાનકારક સાબિત નહીં થાય, પરંતુ તેનાથી તમે બીજા લોકોને નારાજ કરીને પોતાના વિરોધમાં પણ ઉભા કરી શકો છો. કેતુ દેવ તમારી ચંદ્રના છઠ્ઠા ભાવમાં બેઠા હોવાના કારણે, આ સપ્તાહે તમે કરિયરમાં પ્રગતિ મેળવવા માટે કોઈ ખર્ચાળ કામ કે યોજનામાં હાથ નાખી શકો છો. આવી સ્થિતિમાં તમારે આનાથી જોડાયેલું કોઈપણ પગલું ભરતાં પહેલાં તેના વિશે સારી રીતે વિચાર-વિમર્શ કરવાની જરૂર રહેશે.

# ભારતમાં E20 ઇંધણ: વિવાદ, પડકારો અને દૂરોગામી અસરો

ભારત સરકાર હાલમાં પ્રદૂષણ ઘટાડવા અને ક્રૂડ ઓઈલની આયાત પરની નિર્ભરતા ઓછી કરવા માટે બાયોફ્યુઅલ તરફ ઝડપથી આગળ વધી રહી છે. આ દિશામાં સૌથી મોટું કદમ ઈ૨૦ ઈંધણ (૮૦% પેટ્રોલ અને ૨૦% ઈથેનોલનું મિશ્રણ) છે. સરકારે દેશભરમાં ઈ૨૦ પેટ્રોલ ઉપલબ્ધ આ ઈંધણ માટે સક્ષમ નથી.

ઈથેનોલ પ્રકૃતિમાં ભેજ શોષક છે, જે વાહનની ટાંકીમાં પાણી જમા કરી શકે છે. તેનાથી એન્જિનના પાર્ટ્સ, પાઈપલાઈન અને રબરના ભાગો કટાઈ જવાનો કે બગડવાનો ભય રહે છે.શુદ્ધ પેટ્રોલની સરખામણીમાં ઈથેનોલની ઉર્જા ક્ષમતા ઓછી હોય છે. પરિણામે, દેશમાં જ્યાં હજુ પણ ભૂખમરો અને કુપોષણ મોટી સમસ્યા છે, ત્યાં ખેતીની જમીનનો ઉપયોગ વાહનોના ઈંધણ માટે કરવો કેટલો યોગ્ય? જો ભવિષ્યમાં અનાજની અછત સર્જાય, તો ઈથેનોલનું ઉત્પાદન ખાદ્ય સુરક્ષા માટે જોખમ ઊભું કરી શકે છે. ઉપરાંત, શેરડીના પાક માટે પુષ્કળ પાણીની શકાશે.પર્યાવરણીય ફાયદા (ગ્રીન હાઉસ ગેસોમાં ઘટાડો)

ઈથેનોલ બળવાથી કાર્બન મોનોક્સાઈડ અને હાઈડ્રોકાર્બનનું ઉત્સર્જન નોંધપાત્ર રીતે ઘટે છે. મેટ્રો શહેરોમાં વાયુ પ્રદૂષણની ગંભીર સુરક્ષા માટે એક ક્રાંતિકારી પગલું છે, પરંતુ ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવું પણ એટલું જ જરૂરી છે.

સરકારે ઓટોમોબાઈલ કંપનીઓ સાથે મળીને જૂના વાહનો માટે સસ્તા કન્વર્ઝન કીટ

## E20 ઈંધણ એ ભારતની ઉર્જા સુરક્ષા માટે એક ક્રાંતિકારી પગલું છે, પરંતુ ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવું પણ એટલું જ જરૂરી છે

**[વાત અને વિચાર]**

કરાવવા માટેનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. જો કે, આ પર્યાવરણલક્ષી પગલું જેટલું આકર્ષક લાગે છે, તેની સામે એટલા જ મોટા વિવાદો અને પડકારો પણ ઉભા થયા છે.

E20 ઈંધણ એટલે પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલનું મિશ્રણ. ઈથેનોલ મુખ્યત્વે શેરડી, મકાઈ અને બગડેલા અનાજમાંથી બનાવવામાં આવે છે. વિવાદનું મુખ્ય કારણ એ છે કે ભારતના રસ્તાઓ પર દોડતા મોટાભાગના જૂના વાહનો (ખાસ કરીને BS-IV અને તેનાથી જૂના) E20 ઈંધણ વાપરવાથી વાહનોની માઈલેજમાં ૫ થી ૧૦ ટકાનો ઘટાડો નોંધાઈ શકે છે.આ ઉપરાંત જૂના વાહનોને E20 અનુરૂપ બનાવવા માટે મોટો ખર્ચ કરવો પડી શકે છે, અથવા ગ્રાહકોએ ફરજિયાતપણે નવા વાહનો ખરીદવા તરફ વળવું પડશે.

વાહનધારકોની સમસ્યાની સાથોસાથ ઈથેનોલ બનાવવા માટે મોટા પાયે શેરડી અને અનાજનો ઉપયોગ થાય છે. નિષ્ણાતોના મતે, ભારત જેવા વિશાળ વસ્તી ધરાવતા જરૂર પડે છે, જે ભારતના જળ સંકટને વધારી શકે છે.

પડકારો અને વિવાદો છતાં, E20 ઈંધણની ભારતીય અર્થતંત્ર અને પર્યાવરણ પર ખૂબ જ વ્યાપક અને દૂરોગામી સકારાત્મક અસરો પણ જોવા મળશે.આ અસરોમાં આર્થિક મોરચે મોટી બચત થશે.

ભારત તેની જરૂરિયાતનું અંદાજે ૮૦-૮૫% ક્રૂડ ઓઈલ આયાત કરે છે. E20 ના સફળ અમલીકરણથી દેશને દર વર્ષે હજારો કરોડ રૂપિયાના વિદેશી હૂંડિયામણની બચત થશે, જે દેશના આર્થિક વિકાસમાં વાપરી




સમસ્યાનો સામનો કરવા માટે આ એક મોટું હથિયાર સાબિત થઈ શકે છે.ઈથેનોલના ઉત્પાદનથી ખાંડ મિલોની આર્થિક સ્થિતિ સુધરશે અને ખેડૂતોને તેમની ઉપજના સમયસર અને સારા ભાવ મળી રહેશે. આનાથી ગ્રામીણ અર્થતંત્રને મોટો વેગ મળશે.

ઈ૨૦ ઈંધણ એ ભારતની ઉર્જા ઉપલબ્ધ કરાવવા જોઈએ. આ સાથે જ, ઈથેનોલ બનાવવા માટે ખાદ્ય પદાર્થોને બદલે કૃષિ કચરાનો ઉપયોગ વધારવો જોઈએ, જેથી 'ખોરાક વિરુદ્ધ ઈંધણ' નો વિવાદ ટાળી શકાય. જો યોગ્ય આયોજન સાથે આગળ વધવામાં આવે, તો ઈ૨૦ ભારત માટે આત્મનિર્ભરતાનું નવું સોપાન બની રહેશે.

# પ્રેમીને પામવા માટે મહિલા બની હેવાન : નિદ્રાધીન પતિની કરી ઘાતકી હત્યા

## પોલીસને ગેરમાર્ગે દોરનારી પત્ની જ નીકળી પતિની હત્યા કેસમાં મુખ્ય સૂત્રધાર: બિહારના રિઝવાન આલમ હત્યા કેસનો સનસનાટીભર્યો ખુલાસો

બિહારના કિશનગંજ જિલ્લામાં આવેલા વિશનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક એવી ઘટના સામે આવી છે જેને સંબંધોને તાર-તાર કરી દીધા છે. પતિની ક્રૂર હત્યા બાદ સૌથી વધુ આક્રંદ કરનારી અને પોલીસને ચોરીની ખોટી વાર્તા કહીને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરનારી પત્ની જ આ સમગ્ર હત્યાકાંડની મુખ્ય સૂત્રધાર હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.




પત્ની ડેઝી પરવીને તેના ૧૦ વર્ષ નાના બોયફ્રેન્ડ અનવર હુસૈન સાથે મળીને આ ભયાનક કાવતરું ઘડ્યું હતું અને પોતાના જ પતિને મોતને ઘાટ ઉતારી દીધો હતો.

મૃતક રિઝવાન આલમ લાંબા સમયથી રોજગારી અર્થે કુવૈતમાં રહેતો હતો. તે માત્ર બે મહિના પહેલા જ પોતાના વતન પાછો ફર્યો હતો. ૪ જુલાઈની રાત્રે જ્યારે રિઝવાન પોતાના ઘરમાં સૂતો હતો, ત્યારે લોખંડના ભારે સળિયા અને તીક્ષ્ણ હથિયાર વડે તેની ઘાતકી હત્યા કરવામાં આવી હતી. ઘટના બાદ મૃતકના પિતાના નિવેદનના આધારે વિશનપુર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ગુનેગારો સામે કેસ નોંધવામાં આવ્યો હતો. શરૂઆતમાં રિઝવાનની પત્ની ડેઝી પરવીને પોલીસને જણાવ્યું હતું કે ઘરમાં ચોર ઘૂસ્યા હતા અને લૂંટના ઈરાદે તેના પતિની હત્યા કરી નાસી ગયા હતા.

પ્રેમ સંબંધ અને હત્યાનું કારણ

પોલીસ અધિક્ષક સંતોષ કુમારના સીધા નિર્દેશન હેઠળ એસડીપીઓ ખુસરુ શિરાઝના નેતૃત્વમાં એક વિશેષ પોલીસ ટીમની રચના કરવામાં આવી હતી. આ ટીમે જ્યારે કાયદાકીય તપાસ અને પૂછપરછ શરૂ કરી ત્યારે ડેઝી પરવીનના નિવેદનોમાં વારંવાર વિરોધાભાસ જોવા મળ્યો હતો, જેનાથી પોલીસની શંકા વધુ દ્રઢ બની હતી. પોલીસે જ્યારે ડેઝીના કોલ રેકોર્ડ્સની તપાસ કરી ત્યારે જાણવા મળ્યું કે તેને અનવર હુસૈન નામના યુવક સાથે છેલ્લા નવ વર્ષથી પ્રેમ સંબંધ હતો. અનવર ઉંમરમાં ડેઝી કરતાં ૧૦ વર્ષ નાનો હતો.

રિઝવાન કુવૈતથી પાછો આવ્યો ત્યારથી ડેઝી પરવીન અને તેના પ્રેમી અનવરને મળવામાં ભારે મુશ્કેલીઓ પડી રહી હતી.

**[ક્રાઈમ સ્ટોરી]**

પકડાયેલા આરોપી અનવર હુસૈને પૂછપરછ દરમિયાન પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી કે ડેઝી પોતાના પતિથી છુટકારો મેળવવા માંગતી હતી અને તેના પર રિઝવાનને મારી નાખવા માટે સતત દબાણ કરી રહી હતી. બંનેએ સાથે મળીને રિઝવાનને રસ્તામાંથી હટાવવાનો આખરી પ્લાન તૈયાર કર્યો હતો.

ઘટનાની રાત્રે પૂર્વ આયોજિત યોજના મુજબ, પત્ની ડેઝી પરવીને ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો છોડી દીધો હતો જેથી અનવર સરળતાથી અંદર આવી શકે. રિઝવાન જ્યારે ગાઢ નિદ્રામાં હતો, ત્યારે અનવર લોખંડના સળિયા સાથે રૂમમાં દાખલ થયો હતો અને સૂતેલા રિઝવાન પર સળિયા અને છરી વડે ઉપરાઉપરી ઘાતકી પ્રહાર કરીને તેની હત્યા કરી નાખી હતી.

હત્યાની આ સનસનાટીભર્યા ઘટના બાદ, ગુનાને લૂંટનું રૂપ આપવા માટે રૂમનો તમામ સામાન અસ્તવ્યસ્ત કરી દેવામાં આવ્યો હતો જેથી પોલીસ અને પરિવારજનોને લાગે કે આ કોઈ ચોરનું કામ છે. એટલું જ નહીં, પોલીસને કોઈ તકનીકી કડી ન મળે તે માટે મૃતક રિઝવાનનો મોબાઈલ ફોન અને હત્યામાં વપરાયેલો લોખંડનો સળિયો પણ નિકાલ કરીને છુપાવી દેવામાં આવ્યો હતો.

મીડિયા સાથે વાતચીત કરતા પોલીસ અધિક્ષક હરિમોહન શુક્લાએ જણાવ્યું હતું કે, પોલીસે વૈજ્ઞાનિક અને તકનીકી પુરાવાઓના આધારે બંને આરોપીઓની ધરપકડ કરી લીધી છે. આરોપીઓએ આપેલી સચોટ માહિતીના આધારે પોલીસે હત્યામાં વપરાયેલો લોખંડનો સળિયો અને ગુના સાથે સંકળાયેલા બે મોબાઈલ ફોન પણ જપ્ત કર્યા છે. બંને આરોપીઓએ પોલીસ સમક્ષ પોતાનો ગુનો સ્વીકારી લીધો છે. કાયદાના રક્ષકો દ્વારા આ મામલે કોર્ટ સમક્ષ કડક કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે જેથી ગુનેગારોને સખત સજા અપાવી શકાય.

# ભગવાન રામના નામે રાજકારણીઓ તારી જશે કે ડૂબશે ?

## આસ્થાના કેન્દ્રમાં પૂર્ણ પારદર્શિતા હોવી અનિવાર્ય છે, જેથી સામાન્ય માણસનો વિશ્વાસ ક્યારેય ડગે નહી : અયોધ્યામાં આમ આદમીની આસ્થાને રાજકારણીઓએ ઠેબે ચડાવી દીધી છે

અયોધ્યામાં પ્રભુ શ્રીરામનું ભવ્ય મંદિર કરોડો હિન્દુઓની આસ્થાનું પ્રતીક છે. વર્ષોના કાનૂની અને સામાજિક સંઘર્ષ બાદ જ્યારે મંદિરનું નિર્માણ કાર્ય શરૂ થયું અને ત્યારબાદ પ્રાણ પ્રતિષ્ઠા થઈ, ત્યારે સમગ્ર દેશમાં ઉત્સાહનો માહોલ હતો. પરંતુ, આ ભવ્યતાની સાથે જ રામ મંદિરના નામે મળેલા દાન અને જમીનની ખરીદીમાં થયેલી કથિત ગેરરીતિઓએ એક મોટો રાજકીય અને સામાજિક વિવાદ પણ છેડ્યો છે. ઉત્તરપ્રદેશના રાજકારણમાં આ મુદ્દો લાંબા સમયથી ગરમાયેલો રહ્યો છે.

રામ મંદિર વિવાદના કેન્દ્રમાં 'શ્રીરામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટ' દ્વારા ખરીદવામાં આવેલી કેટલીક જમીનોના સોદા છે. વિપક્ષી પક્ષો, મુખ્યત્વે સમાજવાદી પાર્ટી અને કૉંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે, જે જમીન એક વ્યક્તિએ માત્ર થોડી મિનિટો પહેલાં કરોડો રૂપિયામાં ખરીદી હતી, તે જ જમીન ટ્રસ્ટે ગણતરીની મિનિટોમાં જ ભક્તિભાવના નામે અનેક ગણી ઊંચી કિંમતે ખરીદી લીધી.

આ ઉપરાંત, સોશિયલ મીડિયા અને અખબારોમાં એવા અહેવાલો પણ વહેતા થયા હતા કે રામ મંદિરના નામે ઉઘરાવવામાં આવેલા દાન (જેમ



કે નકલી રસીદો કે ડિજિટલ ફ્રોડ) માં કેટલીક જગ્યાએ છેતરપિંડી થઈ છે. વિપક્ષોએ આને "રામ નામના નામે લૂંટ" અને "દાન ચોરી" ગણાવીને સીધા સત્તાધારી પક્ષ ભાજપ અને ટ્રસ્ટના સભ્યો પર નિશાન સાધ્યું.

**[રાજકારણ]**

ઉત્તરપ્રદેશના રાજકારણમાં અયોધ્યા હંમેશાં કેન્દ્રસ્થાને રહ્યું છે. વિપક્ષી નેતાઓએ આ વિવાદને વટાવી ખાવા માટે કોઈ કસર છોડી નથી. અખિલેશ યાદવ અને અન્ય વિપક્ષી નેતાઓએ દલીલ કરી કે કરોડો ગરીબ અને સામાન્ય લોકોએ પોતાની મહેનતની કમાણીમાંથી રામ મંદિર માટે ૧૦, ૫૦ કે ૧૦૦ રૂપિયાનું દાન આપ્યું છે.આ આસ્થાના નાણાંનો દુરુપયોગ એ માત્ર નાણાકીય ભ્રષ્ટાચાર નથી, પરંતુ હિન્દુ ધર્મ અને આસ્થાનું અપમાન છે.આ સમગ્ર મામલાની સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ તપાસ થવી જોઈએ.

બીજી તરફ, રામ જન્મભૂમિ ટ્રસ્ટ અને ઉત્તરપ્રદેશની ભાજપ સરકારે આ તમામ આક્ષેપોને પાયાવિહોણા અને રાજકીય રીતે પ્રેરિત ગણાવ્યા છે. ટ્રસ્ટના પદાધિકારીઓએ સ્પષ્ટતા કરી કે,જમીનની ખરીદી બજાર ભાવ અને ભવિષ્યના વિકાસ નકશાને ધ્યાનમાં રાખીને કાયદાકીય રીતે જ કરવામાં આવી છે.સોદામાં પારદર્શિતા જાળવવામાં આવી છે અને તમામ વ્યવહારો બેંકિંગ ચેનલો દ્વારા થયા છે.વિપક્ષી પક્ષો માત્ર ચૂંટણીલક્ષી ફાયદો મેળવવા અને રામ મંદિરના નિર્માણને બદનામ કરવા માટે આવા ભ્રામક પ્રચારો કરી રહ્યા છે.

ઉત્તરપ્રદેશની રાજનીતિમાં ધર્મ અને વિકાસનો સમન્વય જોવા મળે છે. ભાજપ માટે રામ મંદિર એ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને તેમની સૌથી મોટી ઉપલબ્ધિનું પ્રતીક છે. જ્યારે પણ દાન ચોરી કે જમીન કૌભાંડના આક્ષેપો થાય છે, ત્યારે ભાજપ તેને 'રામ વિરોધી માનસિકતા' તરીકે રજૂ કરવાનો પ્રયાસ કરે છે.પરંતુ, જનતાના એક વર્ગમાં અને ખાસ કરીને અયોધ્યાના સ્થાનિક લોકોમાં જમીન સંપાદન અને વળતરને લઈને કેટલીક નારાજગી પણ જોવા મળી છે, જેની અસર તાજેતરની ચૂંટણીઓના પરિણામોમાં પણ પ્રતિબિંબિત થઈ છે.

અયોધ્યાનું રામ મંદિર માત્ર ઈંટો અને પથ્થરનું માળખું નથી, પરંતુ ભારતના કરોડો લોકોની સંવેદનાઓ તેની સાથે જોડાયેલી છે. આ સંજોગોમાં દાન કે જમીન ખરીદી અંગે ઉઠેલા સવાલો લોકશાહીમાં સ્વાભાવિક છે. રાજકીય પક્ષો આ મુદ્દાનો ઉપયોગ પોતાના ફાયદા માટે ગમે તે રીતે કરે, પણ સત્ય એ છે કે આસ્થાના કેન્દ્રમાં પૂર્ણ પારદર્શિતા હોવી અનિવાર્ય છે, જેથી સામાન્ય માણસનો વિશ્વાસ ક્યારેય ડગે નહીં.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | ઔ | ન | શિ | અ: | મા | ઉ | ખ | કા | હા | સા | ધ |
| ઔ | લ | ક્ષ | મા | રી | ધ | ક | ક્ષ | ફ | ર | કી | ફ |
| ઔ | ક | સ | મ | દ | વિ | ઊ | ર | મા | બં | પ્રા | લ |
| પ્રા | ગં | લા | બા | ઈ | જ્ઞા | ગ | દ | ણ | ધ | કી | ઊ |
| લી | ભ | ઓ | ક | ર | ન | અ | ઓ | બ | ળ | વિ | જ્ઞા |
| કા | રો | લ | લ | ર | સા | સા | ત | કુ | લ | આ | હા |
| ધ | ઈ | ક | અ: | ર | બ | ખ | બૂ | કા | મો | ર | લા |
| ભા | દા | વિ | ણ | તી | ભો | મો | વિ | ર | ભો | બ | ક |
| ગી | ગ | કા | વિ | એ | મ | ક | આ | લ | પ્ર | બિ | સ |
| કા | ર | ળ | ચા | ન | ભો | ઐ | બ | જ | રી | ર | બ |
| ર | ડો | ળ | ર | ર | બ | ણે | ડો | ક્ષ | વા | જ | મા |
| રી | દ | કા | ણા | એ | ભો | બા | સ | ળો | શિ | ક્ષ | ણ |

**શબ્દ શોધો:** મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# બ્રહ્માના તપથી પ્રસન્ન થઈને ભગવાન શંકર અર્ધનારીશ્વર સ્વરૂપે પ્રગટ થયા


ભગવાન શિવની લીલાઓનો પાર કોઈ પામી શક્યું નથી.નિર્ગુણ અને નિરાકાર છતાં પરમાત્મા તેમની લીલા કરે છે.પરમાત્માની લીલા થકી જ આ જગત ઉત્પન્ન થયું છે,અને તેમની લીલાથી જ લય પામશે.આ ઉત્પત્તિ,સ્થિતિ અને લયની પ્રક્રિયા એ જ શિવલીલા છે.ભગવાન શિવનો પરમ ભક્ત જ તેમની લીલાઓ જાણી શકે છે.શિવ મહાપુરાણમાં ભગવાનની લીલાઓનું વર્ણન કરવામાં આવ્યું છે.આ લોકમાં શિવના પ્રાગટ્યની અનેક કથાઓ છે,સાથોસાથ દેવતાઓને પણ ભગવાનની લીલાઓનો પ્રસાદ મળ્યો છે.

બ્રહ્મા,વિષ્ણુ અને મહેશ,આ ત્રણ પ્રધાન દેવતાઓ આ જગતના કાર્ય અને કારણરૂપ છે.કલ્પની શરૂઆતમાં બ્રહ્માજી આ સૃષ્ટિનું સર્જન કરે છે.સૃષ્ટિના સર્જન પછી બ્રહ્માને આ સૃષ્ટિમાં પ્રજા ઉત્પન્ન કરવાની ઈચ્છા થઈ,આથી તેમણે પ્રજાની ઉત્પત્તિ માટે રુદ્રને સર્જ્યા અને પ્રજા કરવા કહ્યું.રુદ્રએ પોતાની સમાન પ્રજા ઉત્પન્ન કરી.રુદ્રની પ્રજાથી બ્રહ્માજીને સંતોષ ન થયો આથી તેમના મનમાં વિચાર આવ્યો કે ભગવાન શંકરના પ્રસાદ વગર પ્રજાની વૃદ્ધિ શક્ય નથી.આમ વિચાર કર્યા પછી ભગવાન શંકરને પ્રસન્ન કરવા બ્રહ્માજીએ તપ કર્યું.

**[ધર્મ દર્શન]**

બ્રહ્માજીએ શક્તિ સહિત ભગવાન શંકરનું અંત:કરણમાં ધ્યાન કર્યું. બ્રહ્માજીના તપથી પ્રસન્ન થઈને ભગવાન શિવ અર્ધનારીશ્વર સ્વરૂપ ધારણ કરીને પ્રગટ થયા.અર્ધનારીશ્વર સ્વરૂપે પ્રગટ થયેલા શંકર અને પર્વતીજીની બ્રહ્માએ સ્તુતિ કરી.બ્રહ્માજીના સ્તવનથી પ્રસન્ન થયેલા ભગવાન શંકરે કહ્યું, હે બ્રહ્મા,તમે પ્રજાની વૃદ્ધિ માટે તપ કર્યું છે માટે યોગ્ય વરદાન માગી લ્યો'.આમ કહી ભગવાન શિવે પોતાના શરીરમાંથી એક શક્તિરૂપ દેવીને ઉત્પન્ન કર્યા.

શંકરના શરીરમાંથી ઉત્પન્ન થયેલ શક્તિરૂપી દેવીને પ્રણામ કરી બ્રહ્માજીએ તેમની સ્તુતિ અને પ્રણામ કરીને પ્રજાના પ્રયોજન માટે દક્ષપ્રજાપતિના ઘરે અવતાર લેવા દેવીને વિનંતી કરી.શક્તિ સ્વરૂપ દેવીએ બ્રહ્માજીને દક્ષપ્રજાપતિના ઘરે જન્મીશ તેવું વચન આપી બ્રહ્માને અનંત શક્તિ આપીને ભગવાન શિવમાં લીન થઈ ગયા.શિવ અને શક્તિના વરદાન પછી બ્રહ્માજીએ આ સૃષ્ટિમાં પ્રજોત્પતિનું કાર્ય આરંભ્યું. ભગવાન શિવ અને તેમની શક્તિ એ બંને એક સ્વરૂપ જ છે.શિવ એજ શક્તિ છે,અને શક્તિ એજ શિવ છે.સાધકોએ શિવશક્તિનું એક સાથે પૂજન કરવું જોઈએ.ભગવાન શિવના અર્ધનારીશ્વર સ્વરૂપના પ્રાગટ્યની કથાનું આખ્યાન સાંભળનાર મનુષ્ય સુખ,સંતતિની સાથોસાથ ઉત્તમ એવું પુણ્ય પામે છે.



## શનિવાર નિમિતે શ્રીકષ્ટભંજનદેવને ફળોનો અન્નકૂટ



વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર સાળંગપુર ખાતે આજે શનિવારના રોજ દાદાને દિવ્ય શણગાર સાથે કેરી, કેળાં અને તરબૂચ વગેરે ફ્રૂટનો અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. સવારે ૦૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા એવં સવારે શણગાર આરતી કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. દાદાના દિવ્ય દર્શન હજારો દર્શનાર્થીઓએ કરી ધન્યતા અનુભવી હતી.

## બોર્ડમાં ધોરણ ૧૦માં ૧૦૦% પરિણામ લાવનાર મહુવા તાલુકાની ૧૫ શાળાઓનું કરાયું સન્માન

### HSCની પરીક્ષામાં ૧૦૦% પરિણામ લાવનાર ૩૦ શાળાઓના આચાર્યોને પણ સન્માનિત કરાયા

ભાવનગર,તા.૧૧

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, ભાવનગર તથા એસ.વી.એસ-૫ (મંથન) મહુવાના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં મહુવાની નૂતન વિદ્યાપીઠ ખાતે એક વિશેષ સન્માન સમારોહ તેમજ શૈક્ષણિક અને વહીવટી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શિક્ષણક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ અને શ્રેષ્ઠ શાળાઓને બિરદાવવામાં આવ્યા હતા.




આ સેમિનારમાં મહુવા તાલુકામાં વર્ષ ૨૦૨૬ની SSC અને HSC બોર્ડની પરીક્ષામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનાર તેજસ્વી તારલાઓનું વિશેષ સન્માન કરાયું હતું. આ ઉપરાંત, ગૌરવરૂપ સિદ્ધિ હાંસલ કરી SSCની પરીક્ષામાં ૧૦૦% પરિણામ લાવનાર મહુવા તાલુકાની ૧૫ શાળાઓ અને HSCની પરીક્ષામાં ૧૦૦% પરિણામ લાવનાર ૩૦ શાળાઓના આચાર્યોને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારી હિતેન્દ્રસિંહ પઢેરીયાએ વિશેષ ઉપસ્થિત રહીને સૌને ઊંડાણપૂર્વકનું શૈક્ષણિક અને વહીવટી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને તેમના હસ્તે સન્માન કરાયું હતું. કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણ કચેરીના ઇ.આઈ. ડૉ. ડી. એસ. સોલંકી, ઇ.આઈ. એ.વી. સરવૈયા તથા એ.ઇ.આઈ. નિલેશભાઈ બારૈયા પણ ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શિક્ષણજગતના પી. બી. મકવાણા, ભરતભાઈ બલદાણીયા, ભરતભાઈ હડિયા, સંજયભાઈ સોલંકી અને સુખાભાઈ ડાભી સહિતના મહુવાના ગુરુજનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કારમાટે ઓનલાઈન નોમિનેશન શરૂ

### ૩૧ જુલાઈ સુધી અરજી કરી શકાશે,અસાધારણ સિદ્ધિ મેળવનારા બાળકોને મળશે રાષ્ટ્રીય સન્માન

ભાવનગર,તા.૧૧

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર-૨૦૨૬ માટે રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ પર ઓનલાઈન નોમિનેશન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. વિવિધ ક્ષેત્રોમાં અસાધારણ પ્રતિભા અને પ્રેરણાદાયી કાર્ય કરનાર બાળકોને રાષ્ટ્રીય સ્તરે સન્માનિત કરવા માટે આ પ્રતિષ્ઠિત પુરસ્કાર આપવામાં આવે છે. આ પુરસ્કાર અંતર્ગત સાહસિકતા, રમતગમત, સમાજસેવા, કલા અને સંસ્કૃતિ, વિજ્ઞાન અને ટેક્નોલોજી, પર્યાવરણ તથા નવીનતા જેવા ક્ષેત્રોમાં નોંધપાત્ર અને અનુકરણીય સિદ્ધિ મેળવનારા બાળકોને રાષ્ટ્રીય સન્માન એનાયત કરવામાં આવે છે.

પુરસ્કાર માટે ૧૮ વર્ષથી ઓછી ઉંમરના એવા બાળકો પાત્ર રહેશે, જેમણે છેલ્લા બે વર્ષ દરમિયાન કોઈપણ ક્ષેત્રમાં અસાધારણ અને પ્રેરણાદાયી કાર્ય અથવા સિદ્ધિ હાંસલ કરી હોય. આવા બાળકોના નોમિનેશન માટે જરૂરી આધાર-પુરાવા સાથે તા. ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધી https://awards.gov.in પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી શકાશે.પુરસ્કાર અંગે વધુ માહિતી માટે જિલ્લા બાળ સુરક્ષા એકમ, ટી-૧૬, બહુમાળી ભવન, એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે, ભાવનગર ખાતે સંપર્ક સાધવા જિલ્લા બાળ સુરક્ષા એકમના સભ્ય સચિવે જણાવ્યું છે.

## તળાજાની ફુલસર સરકારી પ્રાથમિક શાળા દ્વારા કરી ઉજવણી



આજના સમયમાં જ્યારે પર્યાવરણનું જતન કરવું એ સમયની સૌથી મોટી માંગ છે, ત્યારે તળાજા તાલુકાના ફુલસર ગામની સરકારી પ્રાથમિક શાળા દ્વારા એક ખૂબ જ પ્રેરણાદાયક અને સરાહનીય કાર્ય કરવામાં આવ્યું છે. શાળા પરિવાર દ્વારા પર્યાવરણ જાગૃતિના ભાગરૂપે કુલ ૨૦૧ વૃક્ષોનું વિતરણ કરવામાં આવ્યું હતું.શાળાના શિક્ષક શામજીભાઈ પરમાર દ્વારા વૃક્ષોનું મહત્વ સમજાવવામાં આવ્યું.શાળા ના તમામ બાળકો એ દરેક વૃક્ષને દત્તક લીધા અને તેમને ઉછેરવાનો સંકલ્પ કર્યો.

## ભાવનગરના અજય જાડેજાના પુસ્તક સડક સુરક્ષાનું વિમોચન

ભાવનગર,તા.૧૧

ભાવનગરના ઈસ્કોન ક્લબ ખાતે ભાવનગરના જાણીતા ફોટોગ્રાફર અને રોડ સેફ્ટી એવોર્ડ વિનર ડોક્ટર અજયસિંહ જાડેજા પ્રકાશિત સડક સુરક્ષા નામના પુસ્તકનું વિમોચન રોડ સેફ્ટી ઓથોરિટીના કમિશનર સતીશ પટેલના હસ્તે કરવામાં આવ્યું આ પ્રસંગે ભાવનગર એસ ડી એમ અક્ષર વ્યાસ, ડોક્ટર ચિન્મય શાહ ડીન મેડિકલ કોલેજ ભાવનગર, વાસુદેવસિંહ ગોહિલ ગોહિલવાડ




રાજપૂત સમાજના પ્રમુખ, એમ ટી મકવાણા આરટીઓ ભાવનગર, અમિત ખત્રી રોડ સેફ્ટી એક્સપોર્ટ, જે વી શાહ આરટીઓ રાજકોટ, ટ્રાફિક પીએસઆઈ અમીન, ડોક્ટર કાબરીયા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા , આ પુસ્તકના વિમોચન પ્રસંગે ડો, અજયસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે આજના સમયમાં લોકોને પુસ્તક વાંચવું ગમતું નથી ત્યારે આ પુસ્તક વાંચવા માટે નહી પણ જોવા માટે છે અને જોઈને લોકોમાં અવરનેસ આવે એ માટે આ ખાસ કલર પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે પુસ્તક વીમોચનના મુખ્ય મહેમાન પટેલે જણાવ્યું હતું કે આજના સમયે પુસ્તક બનાવવું ખૂબ અઘરું છે અજયસિંહ જાડેજા જેવા ૫૦ વ્યક્તિ તૈયાર થાય તો ગુજરાતમાં મોટાભાગની ટ્રાફિક અવેરનેસ આવી શકે છે, જીલ્લા અક્ષર વ્યાસએ જણાવ્યું હતું કે સમાજ માટે આવા પુસ્તકો ખૂબ જરૂરી છે,કાર્યક્રમનું સંચાલન મિતુલ રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું અને આભાર વિધિ પુસ્તકના ડિઝાઈનર નમ્રતાબા ગોહિલ દ્વારા કરવામાં આવી હતી.

## ગઢડામાં ૩૩મી જગન્નાથજી રથયાત્રા પૂર્વે BAPS મંદિરે શાંતિ સમિતિની બેઠક મળી





તસવીર : વિપુલ લુહાર

ગઢડા,તા.૧૧

બોટાદ જિલ્લાના ગઢડા શહેરમાં આગામી ભગવાન જગન્નાથજીની ૩૩મી રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં અને કોમી ભાઈચારા સાથે સંપન્ન થાય તે હેતુથી BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે શાંતિ સમિતિની વિશેષ બેઠક યોજાઈ હતી.


જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્મા, ડીવાયએસપી મહર્ષિ રાવલ, પીઆઈ કે.એન. ચોપરા સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં આયોજિત આ બેઠકમાં રથયાત્રા સમિતિ, સાધુ-સંતો અને હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો હાજર રહ્યા હતા. બેઠકમાં નાગરિકો દ્વારા શહેરની ટ્રાફિક સમસ્યા અને રખડતા ઢોરના ત્રાસ અંગે રજૂઆતો કરવામાં આવી હતી.પોલીસ તંત્ર દ્વારા રથયાત્રાના રૂટ, જોડાનારા વાહનો, શ્રદ્ધાળુઓની સંખ્યા તેમજ રૂટ પર આવતા જર્જરિત મકાનો અને વીજતારોના જોખમ અંગે વિસ્તૃત સમીક્ષા કરી જરૂરી કાર્યવાહીની ખાતરી આપવામાં આવી હતી. ઉપસ્થિત નગરજનોએ રથયાત્રામાં શાંતિ જાળવવા સંપૂર્ણ સહકાર આપવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના અંતે મંદિરના સંતો દ્વારા જિલ્લા પોલીસ વડા અને ડીવાયએસપીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

## શિશુવિહારમાં રઈશ મનીઆર ગઝલની તાલીમ આપશે

ભાવનગર,તા.૧૧

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને શિશુવિહાર બુધસભાના સંયુક્ત ઉપક્રમે તા.૨૩ ઓગસ્ટ ૨૦૨૬ રવિવારના રોજ ગઝલના પારંગત,તજજ્ઞ કવિ રઈશ મનીઆર ભાવનગરના આંગણે ગઝલ શીખવવા આવી રહ્યા છે. આ શિબિરમાં મર્યાદિત સંખ્યા લેવાની હોય. વહેલા તે પહેલાના ધોરણે સંપર્ક નંબર ૮૮૬૬૬૭૯૪૦૪ અને ૯૮૨૪૫૧૫૯૯૫ ઉપર નામ નોંધણી થઈ શકશે શિબિરનો સમય સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી રહેશે. સવારે નાસ્તો અને બપોરના ભોજનની વ્યવસ્થા શિશુવિહાર બુધસભા ખાતે રહેશે. તજજ્ઞ ડોક્ટર રઈશ મનીઆર પાસે ગઝલનું સ્વરૂપ.રદીફ.કાફિયા. છંદની સમજ અને શેરીયાત શીખવા ઈચ્છુક ભાવકો અને કવિમિત્રોને બુધ સભા દ્વારા જાહેર અનુરોધ કરાયો છે.

## પ્રેમ ન્યૂઝ વાળા કેતનભાઈ ગણાત્રાનું નિધન



ભાવનગર શહેરની જાણીતી પ્રેમ ન્યૂઝ એજન્સીવાળા કેતનકુમાર જયંતીભાઈ ગણાત્રા (ઉંમર વર્ષ ૬૩) નું તારીખ ૧૦ જુલાઈ ૨૦૨૬ ના રોજ દુઃખદ અવસાન થયું છે. તેમના નિધનના સમાચારથી સ્થાનિક મીડિયા જગત, સ્નેહીજનો અને મિત્રવર્તુળમાં શોકની લાગણી ફરી વળી છે.સ્વર્ગસ્થનું તેમની ઈચ્છા અનુસાર ચક્ષુદાન કરવામાં આવ્યું છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે અને પરિવારને આ અસહ્ય દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.ભાવનગરના મીડિયા જગતે કરી છે.

## કંપવા રોગના દર્દીઓ માટે ફ્રી થેરાપી અને માર્ગદર્શન સેશન

ભાવનગર,તા.૧૧

BKPPDMDS અને PNR Societyના સંયુક્ત ઉપક્રમે ભાવનગરમાં પાર્કિન્સન (કંપવા) રોગના દર્દીઓ માટે વિશેષ સપોર્ટ ગ્રુપ કાર્યરત છે, જેમાં રોગના લક્ષણોને નિયંત્રિત કરવા તેમજ જીવનની ગુણવત્તામાં સુધારો લાવવા માટે દર રવિવારે સવારે ૧૦:૩૦ થી ૧૨:૩૦ કલાકે પી.એન.આર. હોસ્પિટલ, ભાવનગર ખાતે વિનામૂલ્યે થેરાપી, કસરત અને માર્ગદર્શન આપવામાં આવે છે. આ સેશન દ્વારા દર્દીઓને શારીરિક તથા માનસિક રીતે સક્રિય રહેવા અને હકારાત્મક અભિગમ સાથે જીવન જીવવા પ્રેરણા મળે છે. પાર્કિન્સનથી પીડાતા દર્દીઓ અને તેમના પરિવારજનોને આ સોનેરી તકનો લાભ લેવા અનુરોધ કરાયો છે.

## અવસાન નોંધ

**સિંધી રાજાઈ મરણ- ભાવનગર**

હંસાબેન આસુભાઈ રાજાઈ (ઉ.વ.૬૦) નું તા.૧૦ને શુક્રવારે અવસાન થયેલ છે.જેઓ સ્વ.આસુભાઈ ચાંડુમલ રાજાઈના પત્નિ, ગીરીશભાઈ, દીપકભાઈ ના માતા, દયારામ, ગોપીચંદ, સ્વ. અશોકભાઈ, ચેતનભાઈ, ઈશ્વરભાઈના ભાભી, જગદીશભાઈ, સંજયભાઈ, સ્વ.રવિભાઈ, તરૂણભાઈ, મેહુલ, જીગ્નેશ, ભાવિક, સાગર, નિલેશના કાકી થાય. સ્વ.નું બેસણું - પગડીયુ તા.૧૧ને શનિવારે સાંજે ૬ કલાકે ગુરૂકૃપા ટ્રસ્ટ મંદિર, સિંધુનગર ચોક, ભાવનગર ખાતે ભાઈઓ અને બહેનોનું સાથે રાખેલ છે.

**મુસ્લિમ સિપાઈ મરણ**

શેખ શબીરભાઈ ઉંમરભાઈ (એસબીઆઈ વાળા)ના દીકરી જુનેરાબેન (ઉં.વ.૩૩)નો તા.૧૦ને શુક્રવારે ઈન્તેકાલ થયેલ છે. તે ફરહાનભાઈના બહેન, જાકીરભાઈ રીક્ષાવાળાના ભત્રીજી, અસ્લમભાઈ, સોહિલભાઈ, જાહીદભાઈ, અકિલભાઈ, શકીલભાઈ, મંજુરભાઈ, મુદ્દસરભાઈ, જહુરભાઈ, સાલીકભાઈના બહેન થાય છે. મર્હુમાની જીયારત મર્દો માટે તા.૧૨ને રવિવારે સવારે ૮:૩૦ કલાકે કાઝીવાડ મસ્જીદમાં તથા ઓરતો માટેની જીયારત તેમના નિવાસ સ્થાને કાઝીવાડ ચોક, ભાવનગર ખાતે રાખેલ છે.

**લોહાણા મરણ**

ભાવનગર નિવાસી ગણાત્રા કેતનભાઈ જયંતિભાઈ, ઉ.વ. ૬૩ (પ્રેમ ન્યૂઝ એજન્સીવાળા) તા.૧૦ને શુક્રવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જયંતિભાઈ પ્રેમજીભાઈ ગણાત્રાનાં પુત્ર, અશોકભાઈ અને હેમંતભાઈનાં નાના ભાઈ તથા પ્રિયેશભાઈનાં મોટા ભાઈ, વંદનાબેનનાં પતિ, ઉત્પલભાઈ અને હિરેનભાઈનાં પિતા, મીરાબેન અને વૈદેહીબેનનાં સસરા,ત્રીશા, જીશા,અને દ્વિજનાં દાદા,તથા સ્વ. પ્રવિણચંદ્ર બાબુલાલ અઢિયાનાં જમાઈ થાય. સદગતનું બેસણું તા.૧૩ને સોમવારના રોજ લોહાણા વિદ્યાર્થી ભવન, પીલ ગાર્ડન પાસે, ભાવનગર ખાતે સાંજે ૪ થી ૬ દરમિયાન રાખેલ છે.સસરા પક્ષની સાદડી સાથે રાખેલ છે.

**સિંધી રાજાઈ મરણ**

ભરતભાઈ ગેહીમલ રાજાઈ (ઉ.વ.૪૬) (લાઈટ ડેકોરેશન વાળા)નું તા.૧૧ને શનિવારે અવસાન થયેલ છે.જેઓ વરૂણ, ક્રિષ્નાના પિતા, દિલીપભાઈ ટેકચંદ રાજાઈ (શક્તિ રોડવેઝ), સ્વ.આનંદભાઈ હેમનદાસ રાજાઈના ભાઈ, જગદીશ દિલીપભાઈ, પંકજ દિલીપભાઈ, ધીરજ આનંદભાઈ, સાગર આનંદભાઈના કાકા થાય. સ્વ.નું બેસણું - પગડીયુ તા.૧૨ને રવિવારે સાંજે ૫-૩૦ થી ૬ કલાકે પૂજ રાજાઈ પંચાયત ભવન, ઝુલેલાલ મંદિરની બાજુમાં, સિંધુનગર, ભાવનગર ખાતે ભાઈઓ અને બહેનોનું સાથે રાખેલ છે.

**ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા નં ૦૪ સને ૨૦૨૬-૨૭**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, વિદ્યુત મા અને મ પેટા વિભાગ, ભાવનગર, પી.ડબ્લ્યુ.ડી. કેમ્પસ, પાનવાડી, ભાવનગર - ૩૬૪૦૦૧ દ્વારા ૧ (એક) કામ માટે અંદાજીત કીંમત ૨૦૯૭૫૦.૩૪ માટે ટેન્ડર નોંધાયેલા વિદ્યુત ઇજારદારો પાસેથી માંગવામાં આવે છે.

ટેન્ડર ડોક્યુમેન્ટ તથા ઇટેન્ડરીંગ અંગેનું સમયપત્રક તા. ૧૮/૦૭/૨૦૨૬ નં. ૧૬.૦૦ કલાક સુધી https://rnbtender.nprocure.com ઉપર ઉપલબ્ધ રહેશે . બાનાની રકમ, ટેન્ડર ફી તથા અન્ય જરૂરી દસ્તાવેજો સ્કેન કરી ઓનલાઈન ટેન્ડર સાથે (અપલોડ) રજુ કરવાના રહેશે અને તેના જ ટેન્ડરો ખોલવામાં આવશે. (Any modification / correction will be display on website only.)

માહિતી-ભાવ-૩૮૪/૨૬

**જાહેર નિવિદા નં. ૦૬ સને ૨૦૨૬—૨૭**

**કાર્યપાલક ઈજનેરશ્રી, (મા. અને મ.) વિભાગ, પાનવાડી કમ્પાઉન્ડ, ભાવનગર ( ફોન નં. ૨૪૨૮૩૮૬) ની કચેરી દ્વારા ૩ કામ જેની કુલ અદાંજીત રકમ રૂા. ૭૬૦.૪૯ લાખની છે. આ કામ નાં ટેન્ડર તા. ૨૯/૦૭/૨૦૨૬ (અનું. નં. ૧ માટે) તા. ૨૩/૦૭/૨૦૨૬ (અનું. નં. ૨ અને ૩ માટે) નાં ૧૮.૦૦ કલાક સુધી ઓનલાઈન જોવા મળશે તથા આ કામનાં ટેન્ડરો website tender.nprocure.com ઉપર ઓનલાઈન ભરવાનાં રહેશે. આ કામની વધુ વિગત કચેરી સમય દરમ્યાન રૂબરૂ સંપર્ક કરવાથી આપવામાં આવશે. આ કામો અંગેની વિગતવાર માહીતી નોટીસ બોર્ડ અને માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders. gujarat.gov. in પર જોવા મળશે. હવે પછીનાં દરેક સુધારા ફકત ઓનલાઈન કરવામાં આવશે.**

માહિતી-ભાવ-૩૮૮/૨૬

**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૨૩૩/૨૦૨૬**
**જન્મ તારીખ ૨૬/૦૫/૧૯૬૮**

**શ્રી જોહરાબહેન રહીમભાઈ વારૈયા W/O ઈકબાલભાઈ માંકડ,**
**રહે. કન્યાશાળા પાછળ, મુસ્લીમ સોસાયટી,**
**બોટાદ. મો-૯૪૨૭૧૭૪૯૬૫**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી જોહરાબહેન રહીમભાઈ વારૈયાએ તેમનો જન્મ તા. ૨૬/૦૫/૧૯૬૮ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૨/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**કોર્ટનો સિક્કો**

**હુકમથી**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

જાહેરનામું
ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ, ૨૦૧૩)
(૨૦૧૩ નો ૩૦મો)

જિલ્લોઃ ભાવનગર — તા. ૨૯ JUN ૨૦૨૬

ક્રમાંકઃ અમ-મ-૨૦૨૬-૬૨૨-જભવ-૧૭૨૦૨૬-૧૩૪-ધ.૧

જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦મો)ની કલમ-૧૧ની પેટા કલમ-(૧) હેઠળ (હવે પછી તેનો ‘‘સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવશે.) ગુજરાત સરકાર આથી જાહેર કરે છે કે આ સાથે જોડેલ અનુસુચિમાં બતાવવામાં આવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે ‘‘બુધેલ જુથ પાણી પુરવઠા યોજના પ્રોજેક્ટ"ના પ્રોજેક્ટ માટે જરૂર છે.

૨. આથી જાહેર કરે છે કેઃ

(૧) ઉપર જણાવેલ પ્રોજેક્ટ માટે જરૂરી જમીન કુલ ક્ષેત્રફળ હે. ૦૦-૧૨-૦૦ ચો.મી. છે અને તે મોજે. વાળૂકડ, તા. ઘોઘા, જિ. ભાવનગરમાં આવેલ છે.

(૨) ઉપર જણાવેલ પ્રોજેક્ટમાં નીચે મુજબના જાહેર હિતનો સમાવેશ થાય છે. "બુધેલ જુથ પાણી પુરવઠા યોજના પ્રોજેક્ટ’’ના આંતરમાળખાકીય પ્રોજેક્ટના બાંધકામ માટે.

(૩) અસરગ્રસ્ત વ્યક્તિઓને ખસેડવાની જરૂરના કારણો નીચે મુજબ છે. "બુધેલ જુથ પાણી પુરવઠા યોજના પ્રોજેક્ટ’’ માટે અનુસુચિત વિસ્તારની જમીન સંપાદનના કારણે.

(૪) સામાજિક અસરોના મુલ્યાંકન અહેવાલ સંક્ષિપ્તમાં નીચે મુજબ છે. ગુજરાત અધિનિયમ-૧૨/૨૦૧૬ની કલમ-૧૦(એ) હેઠળ મહેસૂલ વિભાગના ગુજરાત સરકારના જાહેરનામાં ક્રમાંકઃ અમ-મ-૨૦૨૬-૪૨૫-જભવ-૧૭૨૦૨૬-૧૩૪-ધ.૧, તા.૩૦.૦૪.૨૦૨૬થી મુક્તિ આપવામાં આવેલ છે. અધિનિયમની કલમ-૧૦(એ) હેઠળ સામાજિક અસરોના મુલ્યાંકનનો સંક્ષિપ્ત અહેવાલ આપવો જરૂરી નથી.

(૫) અધિનિયમની કલમ-૪૩ હેઠળ નિયુક્ત કરવામાં આવેલ વહીવટદારની વિગતો નીચે મુજબ છે. નાયબ કલેકટરશ્રી, ભાવનગર

૩. આ જમીનોમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને આથી જાણ કરવામાં આવે છે કે કોઈ પણ સર્વેયરને અથવા અન્ય કર્મચારીઓને આ જમીન પર દાખલ થવા અને જમીનનો સર્વે કરવા અટકાવવા નહી. આ જાહેરનામુ બહાર પાડ્યા કલેક્ટરની પરવાનગી વગર આ જમીનની કે તેના કોઈ ભાગની કોઈ પણ સ્વરૂપે તબદીલી જેમાં વેચાણ, ભાડા પટ્ટે આપવી, ગીરવે મુકવી, નામ બદલવું અથવા નોંધણીમાં ફેરફાર કરવા નહી. જો તેમ કરવામાં આવે તો અધિનિયમની કલમ-૨૭ હેઠળ જમીન સંપાદનના વળતરનું મૂલ્યાંકન કરતી વખતે આવા ફેરફાર પર વિચારણા કરવામાં નહી આવે.

૪. ગુજરાત સરકારને જો ઉપર જણાવેલ જાહેર હેતુ માટે જમીન સંપાદન કરવા અંગે સંતોષ થશે તો સદરહુ અધિનિયમની કલમ-૧૯ હેઠળ, અધિનિયમમાં નિયત કરેલ સમયમર્યાદામાંની અંદર આખરી જાહેરનામું બહાર પાડશે. જો સંપાદન કરવાનું આંશિક રીતે અથવા પુરેપુરી રીતે રદ કરવામાં આવે તો હકીકત અધિનિયમની જોગવાઈ યોગ્ય રીતે જાહેર કરવાની રહેશે. તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિધ્ધ કરવામાં આવશે. સંપાદન અંશતઃ કે પુર્ણતઃ જતું કર્યું હોય તો તે હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

૫. સદરહુ અધિનિયમની કલમ-૩(જ) હેઠળ મળેલ સત્તાની રૂએ નાયબ કલેકટરશ્રી, ભાવનગરને અધિનિયમની જોગવાઈઓ હેઠળ આ જમીનો માટે કલેક્ટર તરીકે ફરજો બજાવવા માટે નિયુક્ત કરે છે.

૬. આ જાહેરનામા પ્રસિદ્ધિની તારીખથી ૫૦ દિવસની અંદર અધિનિયમની કલમ-૧૫ મુજબ જો કોઈને સંપાદન બાબતે વાંધો હોય તો તેઓ કલમ-૧૫ હેઠળ નાયબ કલેકટરશ્રી, ભાવનગરને રજુઆત કરી શકશે.

અનુસૂચિ

જિલ્લોઃ ભાવનગર — તાલુકોઃ ઘોઘા — મોજે. વાળૂકડ

| અ.નં. | સર્વે નંબર/બ્લોક નંબર | સંપાદન હેઠળની જમીનનું ક્ષેત્રફળ (હે આરે.ચોમી.) |
|---|---|---|
| ૧ | ૧૭૫ | ૦૦-૧૨-૦૦ |
| | કુલ ક્ષેત્રફળઃ | ૦૦-૧૨-૦૦ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
(રાજ નમેરા)
સરકારના ઉપ સચિવ

માહિતી-ભાવ-૩૮૨/૨૬

# ઈન્ટ્રા-વિલેજ રોડ કોડિંગ અને ગ્રેડિંગ સિસ્ટમ પર જાહેર પરામર્શ દસ્તાવેજ

પંચાયતી રાજ મંત્રાલય, ભારત સરકાર, MyGov ના સહયોગથી, પ્રસ્તાવિત ઈન્ટ્રા-વિલેજ રોડ કોડિંગ અને ગ્રેડિંગ સિસ્ટમ પર જાહેર પરામર્શમાં ભાગ લેવા માટે સમગ્ર ભારતના નાગરિકો, સ્થાનિક સમુદાયો, પંચાયતી રાજ સંસ્થાઓ, નિષ્ણાતો, પ્રેક્ટિશનરો અને હિતધારકોને આમંત્રિત કરે છે.

ભારત સરકાર 'ગ્રામીણ ભારત' દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં લાખો નાગરિકોના જીવનમાં પરિવર્તન લાવવા માટે એક અગ્રણી પગલું ભરી રહી છે. દેશમાં પ્રથમ વખત, ગામડાઓની અંદરના દરેક આંતરિક રસ્તાને કોડ અને ગ્રેડ આપવા માટે એક પ્રમાણિત ડિજિટલ સિસ્ટમ હશે. આ પહેલની પરિકલ્પના અને નેતૃત્વ પંચાયતી રાજ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું છે અને તેને સમગ્ર સરકારના અભિગમ (હોલ-ઓફ-ગવર્નમેન્ટ એપ્રોચ) દ્વારા લાગુ કરવામાં આવશે, જેમાં બહુવિધ મંત્રાલયો, વિભાગો અને એજન્સીઓ સાથે મળીને કામ કરશે.

પ્રસ્તાવિત ઈન્ટ્રા-વિલેજ રોડ કોડિંગ અને ગ્રેડિંગ સિસ્ટમ પર એક જાહેર પરામર્શ દસ્તાવેજ તૈયાર કરવામાં આવ્યો છે, અને સિસ્ટમને આખરી ઓપ આપવામાં આવે તે પહેલાં મંત્રાલય નાગરિકો, સ્થાનિક સમુદાયો અને હિતધારકો પાસેથી સૂચનો અને પ્રતિભાવો (ફીડબેક) મંત્રાવે છે.

જે સમસ્યાનું નિવારણ કરવામાં આવી રહ્યું છે:

ભારત પાસે વિવિધ સરકારી યોજનાઓ હેઠળ વિકસિત થયેલું એક વ્યાપક ગ્રામીણ રોડ નેટવર્ક છે. જો કે, ગામડાઓની અંદરના આંતરિક રસ્તાઓ ક્યારેય વ્યવસ્થિત રીતે દસ્તાવેજીકૃત કે મેપ (નકશા પર અંકિત) કરવામાં આવ્યા નથી, જેના કારણે કેટલાક પડકારો ઉભા થાય છે:

તબીબી કટોકટી (મેડિકલ ઈમરજન્સી) નો સામનો કરી રહેલી એમ્બ્યુલન્સોને ઘણીવાર સાચી ગલી કે રસ્તો શોધવામાં મુશ્કેલી પડે છે.

ટપાલ કર્મચારીઓ (પોસ્ટલ વર્કર્સ) અને કુરિયર સેવાઓ ગામના ચોક્કસ સરનામાં સુધી સચોટ રીતે પહોંચવામાં અસમર્થ રહે છે.

સરકારી અધિકારીઓ પાસે રસ્તાની જાળવણી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસના આયોજન માટે કોઈ વિશ્વસનીય ડેટાબેઝ નથી.

ફાયર બ્રિગેડ અને પોલીસ વાહનો જેવી કટોકટીની સેવાઓ ગંતવ્ય સ્થાન શોધવામાં કિંમતી સમય ગુમાવે છે.

ડિજિટલ નકશા (ડિજિટલ મેપ્સ) અને નેવિગેશન એપ્લિકેશન્સ ગામડાઓની અંદર સચોટ લાસ્ટ-માઈલ કનેક્ટિવિટી પ્રદાન કરવામાં અસમર્થ છે.

રસ્તાની યોગ્ય ઓળખ વિના મનરેગા (MGNREGA), પીએમજીએસવાય (PMGSY), અને પીએમજીવાય (PMGY) જેવી યોજનાઓનું અસરકારક રીતે નિરીક્ષણ અથવા અમલીકરણ કરી શકાતું નથી.

હાલમાં વિવિધ એજન્સીઓ અલગ-અલગ નામકરણ પદ્ધતિઓનો ઉપયોગ કરે છે, સ્થાનિક સીમાચિહ્નો (લેન્ડમાર્ક્સ) નો અનૌપચારિક રીતે ઉપયોગ થાય છે, એક જ રસ્તો અલગ-અલગ રેકોર્ડમાં બહુવિધ નામો હેઠળ દેખાઈ શકે છે, અને આધુનિક જીઓસ્પેશિયલ ટેકનોલોજી સાથે તેનું મર્યાદિત સંકલન છે. આના પરિણામે ઘણીવાર મૂંઝવણ ઊભી થાય છે, પ્રયાસોનું પુનરાવર્તન થાય છે અને જાહેર સંસાધનોનો બિનકાર્યક્ષમ ઉપયોગ થાય છે.

વિઝન અને ઉદ્દેશ્યઃ

આ પહેલનું વિઝન એ છે કે ભારતના દરેક ગામની અંદરના દરેક રસ્તાનું એક અનન્ય (યુનિક), ઓળખી શકાય તેવું નામ અને કોડ હોવો જોઈએ, જે સાઈનેજ (સંકેત બોર્ડ) દ્વારા દ્રશ્યમાન હોય, ડિજિટલ નકશા પર શોધી શકાય તેવો હોય અને રાષ્ટ્રીય ડેટાબેઝ સાથે લિંક થયેલો હોય.

ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારોમાં 'ઈઝ ઓફ લિવિંગ' (જીવનની સુગમતા) માં સુધારો કરવાનો છે, જેથી તબીબી, ટપાલ, વહીવટી, વ્યાપારી અને કટોકટીની સેવાઓ ગામના કોઈપણ સરનામે ઝડપથી, સચોટ રીતે અને કોઈ પણ મૂંઝવણ વિના પહોંચી શકે.

એક વાક્યમાં કહીએ તોઃ જો કોઈને શોધી શકાશે, તો જ તેની સેવા કરી શકાશે.

જાહેર પ્રતિભાવ માટેના મુખ્ય ક્ષેત્રોઃ

મંત્રાલય પ્રસ્તાવિત રોડ કોડિંગ સિસ્ટમ, ડીજીપીન (DIGIPIN) સંકલન, એક સામાન્ય પ્લેટફોર્મ તરીકે ગ્રામ માનચિત્ર (Gram Manchitra) અને PMGSY કોડિફિકેશન પર જાહેર ઈનપુટ્સ માંગે છે.

ભાગીદારોને તેમના વિચારો શેર કરવા માટે આમંત્રિત કરવામાં આવે છે કે શું પ્રસ્તાવિત ગ્રેડિંગ અને કોડિંગ સિસ્ટમ (મુખ્ય રસ્તાઓ, ક્રોસરોડ્સ વગેરે) તેમના ગામની જરૂરિયાતોને અનુરૂપ છે, શું પ્રસ્તાવિત સિસ્ટમ PMGSY ના કોર નેટવર્ક સાથે સુસંગત છે, અને શું તેમના વિસ્તારમાં એવા કોઈ ચોક્કસ પડકારો છે જેને આ સિસ્ટમ, DIGIPIN, ગ્રામ માનચિત્ર અથવા MGSY કોડિફિકેશન દ્વારા હલ કરવા જોઈએ. આ સાથે, ગ્રામ માનચિત્ર દ્વારા રોડ કોડિંગ, DIGIPIN ફાળવણી અને સ્ક્યુઆર કોડ ફાળવણીમાં સમુદાયની ભાગીદારી કેવી રીતે સુનિશ્ચિત કરવી, અને બહેતર સુલભતા તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર આયોજન માટે સાઈનેજ, DIGIPIN સંકલન, ગ્રામ માનચિત્ર અને સ્ક્યુઆર ક્યુઆર (ઊઇ) કોડ્સમાં કેવી રીતે સુધારો કરી શકાય તે અંગેના સૂચનો પણ આમંત્રિત છે.

આ ભાગીદારી ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં રહેતા નાગરિકો, પંચાયતી રાજ સંસ્થાઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સ્થાનિક સમુદાયો અને ગ્રામ્ય સ્તરના હિતધારકો, શિક્ષણવિદો, સંશોધકો, આયોજકો અને ક્ષેત્રના નિષ્ણાતો, નાગરિક સમાજ સંગઠનો (સિવિલ સોસાયટી ઓર્ગેનાઈઝેશન્સ) અને વિકાસ પ્રેક્ટિશનરો, સરકારી અધિકારીઓ અને ફિલ્ડ ફંક્શનરીઝ, તેમજ ગ્રામીણ શાસન અને સેવા વિતરણને મજબૂત કરવામાં રસ ધરાવતી કોઈપણ વ્યક્તિ માટે ખુલ્લી છે. તમારો પ્રતિભાવ મહત્વપૂર્ણ છે કારણ કે તમારા સૂચનો ગામના રસ્તાઓની ઓળખ, ડિજિટલ મેપિંગ, સેવા વિતરણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર આયોજન, કટોકટી પ્રતિભાવ અને શાસન માટે રાષ્ટ્રીય સ્તરે પ્રમાણિત ફ્રેમવર્ક તૈયાર કરવામાં મદદ કરશે, જ્યારે જાહેર ભાગીદારી એ સુનિશ્ચિત કરશે કે પ્રસ્તાવિત સિસ્ટમ વ્યવહારુ, સમાવેશી અને સ્થાનિક વાસ્તવિકતાઓને અનુરૂપ રહે.

# ભારત વિશ્વની ત્રીજી સૌથી શક્તિશાળી લશ્કરી ઉડ્ડયન શક્તિ

## વૈશ્વિક હવાઈ શક્તિમાં ૨૦૨૨ પછી પાંચમી વખત IAF એ ચીનના PLAAF ને પાછળ છોડી દીધું

નવી દિલ્હી,

વર્લ્ડ ડિરેક્ટરી ઓફ મોર્ડન મિલિટરી એરક્રાફ્ટ (WDMMA) ગ્લોબલ એર પાવર્સ રેંકિંગમાં ભારત ૨૦૨૬ માટે વિશ્વની ત્રીજી સૌથી શક્તિશાળી લશ્કરી ઉડ્ડયન શક્તિ તરીકે ઉભરી આવ્યું છે, જ્યારે દેશ દ્વારા લશ્કરી ઉડ્ડયન શક્તિનું મૂલ્યાંકન કરવામાં આવે છે ત્યારે ફક્ત યુનાઈટેડ સ્ટેટ્સ અને રશિયા પાછળ છે. જોકે, વ્યક્તિગત સેવા શાખા રેંકિંગમાં, ભારતીય વાયુસેના (IAF) વૈશ્વિક સ્તરે છઠ્ઠા સ્થાને છે, જ્યારે ચીનની પીપલ્સ લિબરેશન આર્મી એર ફોર્સ (PLAAF) તેની પાછળ સાતમા સ્થાને છે.

૨૦૨૨ પછી આ પાંચમી વખત છે જ્યારે IAF એ PLAAF ને પાછળ છોડી દીધું છે અને એકંદરે છઠ્ઠી વખત છે જ્યારે તે ફક્ત યુએસ એરફોર્સ, યુએસ નેવી, રશિયન એરફોર્સ, યુએસ આર્મી અને યુએસ મરીન કોર્પ્સ પાછળ છે.

રેંકિંગમાં યુનાઈટેડ સ્ટેટ્સને એક જ એન્ટ્રી તરીકે ગણવામાં આવતું નથી. તેના બદલે, દરેક લશ્કરી ઉડ્ડયન શાખાને અલગથી ક્રમ આપવામાં આવે છે, જેનો અર્થ છે કે યુએસ એરફોર્સ, યુએસ નેવી, યુએસ આર્મી અને યુએસ મરીન કોર્પ્સ દરેકને પોતાનું વ્યક્તિગત સ્થાન મળે છે.

પરિણામે, ભારત એકંદરે છઠ્ઠા સ્થાને છે. તે ચાર યુએસ શાખાઓ અને રશિયન વાયુસેના પાછળ છે. જો કે, જ્યારે રેંકિંગની ગણતરી વ્યક્તિગત સેવા શાખાઓ દ્વારા નહીં, દેશ દ્વારા કરવામાં આવે છે, ત્યારે અમેરિકાના તમામ લશ્કરી ઉડ્ડયનને એક તરીકે ગણવામાં આવે છે, ત્યારે ભારત ફક્ત યુનાઈટેડ સ્ટેટ્સ અને રશિયા પછી વૈશ્વિક સ્તરે ત્રીજા સ્થાને આવે છે.

IAF ને વિશ્વના સૌથી મજબૂત વાયુસેનાઓમાંનું એક બનાવે છે

WDMMA IAF ના કુલ કાફલામાં ૧,૭૧૬ વિમાનો મૂકે છે. લડવૈયાઓ કાફલાનો સૌથી મોટો હિસ્સો બનાવે છે, જેમાં સાત પ્રકારના ૫૪૨ વિમાનો છે, જેમાં હજુ પણ મૈગ-૨૧નો સમાવેશ થાય છે, જે સપ્ટેમ્બર ૨૦૨૫ માં નિવૃત્ત થયું હતું.



હેલિકોપ્ટર ૪૯૮ વિમાનો સાથે બીજા ક્રમે છે, જે કાફલાના લગભગ ૩૦% હિસ્સો ધરાવે છે. આ સેગમેન્ટમાં ૨૨૨ Mi-17 હેલિકોપ્ટર છે, ત્યારબાદ ૧૧૧ HAL ધ્રુવ અને રુદ્ર હેલિકોપ્ટર છે.

IAF ના ઉચ્ચ રેટિંગ પાછળનું એક મુખ્ય પરિબળ તેની પ્રભાવશાળી ઓપરેશનલ રેન્જ છે. ભારતીય પાઈલટ્સ નિયમિતપણે વિશ્વના કેટલાક કઠોર ભૂપ્રદેશમાં ઉડાન ભરે છે, જેમાં હિમાલયની પાતળી, ઠંડી હવાથી લઈને હિંદ મહાસાગર પર લાંબા દરિયાઈ પેટ્રોલિંગનો સમાવેશ થાય છે. મુખ્ય વાયુસેનાઓ સાથે સંયુક્ત કવાયતોમાં નિયમિત ભાગીદારી તેની યુક્તિઓ અને ઓપરેશનલ તૈયારીને પણ તીક્ષ્ણ રાખે છે.જી-૪૦૦ ટ્રાયમ્ફ એર ડિફેન્સ સિસ્ટમ સાથે જોડાયેલ ઈન્ટિગ્રેટેડ એર કમાન્ડ એન્ડ કંટ્રોલ સિસ્ટમે ભારતની એરસ્પેસનું સંચાલન કરવાની રીત બદલી નાખી છે.

બ્રહ્મોસ અને એસ્ટ્રા મિસાઈલો સહિત સ્વદેશી સિસ્ટમોના સમાવેશ, નવા સેન્સર અને ઈલેક્ટ્રોનિક યુદ્ધ ક્ષમતાઓ સાથે, IAF ને વધુ મજબૂત બનાવ્યું છે અને તેની આત્મનિર્ભરતામાં વધારો કર્યો છે.

જોકે ચીનના PLAAF પાસે સ્પષ્ટ સંખ્યાત્મક ફાયદો છે, ભારતના આશરે ૧,૭૧૬ ની તુલનામાં ૩,૭૦૦ થી વધુ વિમાનો છે, અને તેણે ગતિમાં J-20 સ્ટીલ્થ ફાઈટર જેવા અદ્યતન પ્લેટફોર્મનો સમાવેશ કર્યો છે, WDMMA રેંકિંગ એ વાત પર ભાર મૂકે છે કે ફક્ત કાચા આંકડાઓ ઓપરેશનલ શ્રેષ્ઠતામાં ભાષાંતર કરતા નથી.

યુએસ દળો રેંકિંગમાં આગળ રહેવાનું ચાલુ રાખે છે

યુનાઈટેડ સ્ટેટ્સ એરફોર્સ ૨૪૨.૯ ના કમાન્ડિંગ ટ્રુઈ સ્કોર સાથે રેંકિંગમાં પ્રભુત્વ મેળવવાનું ચાલુ રાખે છે. તેના કાફલામાં ફાઈટર-હેવી કમ્પોઝિશન છે, જેમાં તેના વિમાનોનો ૩૨% હિસ્સો લડાયક વિમાનોનો છે. હેલિકોપ્ટર USAF કાફલાનો માત્ર ૪% હિસ્સો બનાવે છે, જ્યારે ટ્રાન્સપોર્ટનો હિસ્સો ૧૪% છે, su IAF થી તદ્દન વિપરીત છે, જ્યાં હેલિકોપ્ટર અને ટ્રાન્સપોર્ટનો મળીને કાફલાનો ૪૬% હિસ્સો છે.

અમેરિકન લશ્કરી ઉડ્ડયન રેંકિંગના ઉપરના છેડે પ્રભુત્વ ધરાવે છે, જેમાં યુએસ નેવી બીજા સ્થાને છે અને રશિયન વાયુસેના ત્રીજા સ્થાને છે, ત્યારબાદ યુએસ આર્મી અને યુએસ મરીન કોર્પ્સ અનુક્રમે ચોથા અને પાંચમા સ્થાને છે.

# ચીનમાં જૂતાની ફેક્ટરીમાં ભીષણ આગ લાગતાં ઓછામાં ઓછા ૨૮ લોકોના મોત

## મધ્ય ચીનમાં રહેણાંક મકાનમાં આગ લાગવાથી પાંચ લોકોના મોત

બીજિંગ,

મીડિયા સૂત્રો દ્વારા સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગુરુવારે પૂર્વ ચીનમાં એક જૂતાની ફેક્ટરીમાં લાગેલી ભયાનક આગમાં ઓછામાં ઓછા ૨૮ લોકોના મોત થયા હતા. આ ઘટના ફુજિયન પ્રાંતના ક્વાનઝોઉમાં સ્થિત જિનજિયાંગ શહેરમાં બની હતી. આગ બપોરના સમયે લાગી હતી અને ઝડપથી ફેક્ટરીની ઈમારતમાં ફેલાઈ ગઈ હતી. ઓનલાઈન શેર કરાયેલા વીડિયોમાં નજીકના માળખા સુધી પહોંચતા પહેલા ફેક્ટરીમાં ભારે જ્વાળાઓ અને ધુમાડો જોવા મળ્યો હતો.

ચીનના કટોકટી વ્યવસ્થાપન મંત્રાલયે જણાવ્યું હતું કે તેણે બચાવ કામગીરીનું નિરીક્ષણ કરવા અને કટોકટી પ્રતિભાવને ટેકો આપવા માટે એક સંયુક્ત કાર્યકારી ટીમ ઘટનાસ્થળે મોકલી છે. પીડિતોને શોધવા અને પરિસ્થિતિને નિયંત્રણમાં લાવવા માટે અગ્નિશામકો અને બચાવ ટીમોને તૈનાત કરવામાં આવી હતી.

ઈમારતના નીચલા સ્તરોને આગ લાગી રહી હોવાથી લોકો બારીઓ પાસે અને છત પર સલામતી શોધતા જોવા મળ્યા હતા.

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે અધિકારીઓને બચાવ કાર્ય હાથ ધરવા અને અસરગ્રસ્તોને મદદ કરવા માટે દરેક શક્ય પ્રયાસો કરવાનો નિર્દેશ આપ્યો. તેમણે આગના કારણની સંપૂર્ણ તપાસ કરવાની પણ હાકલ કરી અને જવાબદાર લોકોને જવાબદાર ઠેરવવા અધિકારીઓને સૂચના આપી, રાજ્ય સંચાલિત શિન્હુઆ સમાચાર એજન્સી અનુસાર. અધિકારીઓ આ ઘટનાની તપાસ ચાલુ રાખી રહ્યા છે, જ્યારે આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી પુષ્ટિ મળી નથી. સત્તાવાર અહેવાલો અનુસાર, ૬ જુલાઈના રોજ મધ્ય ચીનમાં એક રહેણાંક મકાનમાં આગ લાગવાથી ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થયા હતા, જ્યારે અન્ય એક વ્યક્તિ ઘાયલ થઈ હતી.

આ ઘટના હેનાન પ્રાંતની રાજધાની ઝેંગઝોઉમાં બની હતી. કટોકટી ટીમોએ આગ પર કાબુ મેળવ્યો હતો અને બાદમાં આગને કાબુમાં લીધી હતી.

રાજ્ય સંચાલિત શિન્હુઆ ન્યૂઝ એજન્સીએ અહેવાલ આપ્યો છે કે ઘાયલ વ્યક્તિને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો અને તાત્કાલિક સારવાર મેળવ્યા બાદ તેની હાલત સ્થિર છે.

અધિકારીઓએ આગનું કારણ નક્કી કરવા માટે તપાસ શરૂ કરી છે. પીડિતો અથવા ઘટનાની આસપાસના સંજોગો વિશે કોઈ વધુ વિગતો જાહેર કરવામાં આવી નથી. અધિકારીઓ ઘાતક આગનું કારણ સ્થાપિત કરવા માટે કામ કરી રહ્યા છે ત્યારે તેમની તપાસ ચાલુ રાખી રહ્યા છે.

મે મહિનામાં, મધ્ય ચીનમાં ફટાકડા ઉત્પાદન સુવિધામાં થયેલા વિસ્ફોટમાં ૩૭ લોકોના મોત થયા હતા, જે તેને તાજેતરના વર્ષોમાં દેશની સૌથી ઘાતક ઔદ્યોગિક આપત્તિઓમાંની એક બનાવે છે.

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં-પાલીતાણા**
**બી.એન્ડ ડી. રજી નં.૧૬૩/૨૦૨૬**

**શ્રી પ્રવિણકુમારસિંગ હરિપ્રતાપસિંગ**
**રહે, વાળુકડ, તા.પાલીતાણા.** ......અપીલવાળા

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રાર અને**
**તલાટી-કમ-મંત્રીશ્રી, વાળુકડ ગ્રામ પંચાયત કચેરી,**
**મુ.વાળુકડ, તા.પાલીતાણા, જિ.ભાવનગર** ........સામાવાળા

**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી પ્રવિણકુમારસિંગ હરિપ્રતાપસિંગનો પુત્ર વેદાંશસિંગ પ્રવિણકુમારસિંગનો જન્મ તા. ૨૬/૦૫/૨૦૨૧ના રોજ મોજે. વાળુકડ તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના પુત્રના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના પુત્રના જન્મ અંગેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, વાળુકડ ગ્રામ પંચાયત કચેરી, મુ.વાળુકડ, તા.પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૦૩-૦૭-૨૦૨૬

**કોર્ટનો સિક્કો** **સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા**

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં-પાલીતાણા**
**બી.એન્ડ ડી. રજી નં.૧૨૧/૨૦૨૬**

**શ્રી રૂપાભાઇ વશરામભાઇ ગુજરાતી**
**રહે, સેંજળીયા, તા.પાલીતાણા,** ......અપીલવાળા

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રાર અને**
**તલાટી-કમ-મંત્રીશ્રી, સેંજળીયા ગ્રામ પંચાયત કચેરી,**
**સેંજળીયા, તા.પાલીતાણા, જિઃભાવનગર** ........સામાવાળા

**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી રૂપાભાઈ વશરામભાઈ ગુજરાતીનો પુત્ર અશોકભાઈ રૂપાભાઈ ગુજરાતીનો જન્મ તા.૦૩/૦૪/૧૯૮૧ના રોજ મોજે. સેંજળીયા, તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના પુત્રના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે.જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના પુત્રના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, સેંજળીયા ગ્રામ પંચાયત કચેરી, સેંજળીયા, તા. પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૧૦-૦૭-૨૦૨૬

**કોર્ટનો સિક્કો** **સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા**

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં-પાલીતાણા**
**બી.એન્ડ ડી. રજી નં.૧૭૩/૨૦૨૬**

**શ્રી વિપુલભાઇ ધરમશીભાઇ બાંભણિયા**
**રહે, પીપરડી-૨. તા.પાલીતાણા.** ......અપીલવાળા

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રાર અને**
**તલાટી-કમ-મંત્રીશ્રી, જાળીયા(અમ) ગ્રામ પંચાયત કચેરી,**
**મુ.જાળીયા(અમ), તા.પાલીતાણા, જિઃભાવનગર** ........સામાવાળા

**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી વિપુલભાઈ ધરમશીભાઈ બાંભણિયાની પુત્રી પ્રાર્થના વિપુલભાઈ બાંભણીયાનો જન્મ તા.૨૮/૦૮/૨૦૨૦ના રોજ મોજે. જાળીયા(અમ), તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીની પુત્રીના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમની પુત્રીના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, જાળીયા(અમ) ગ્રામ પંચાયત કચેરી, મુ.જાળીયા(અમ), તા પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૦૩-૦૭-૨૦૨૬

**કોર્ટનો સિક્કો** **સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા**

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં-પાલીતાણા**
**બી.એન્ડ ડી. રજી નં.૧૭૪/૨૦૨૬**

**શ્રી જમાલભાઇ ઇશકભાઇ સમા**
**રહે, ડુંગરપુર, તા.પાલીતાણા.** ......અપીલવાળા

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રાર અને**
**તલાટી-કમ-મંત્રીશ્રી, ડુંગરપુર ગ્રામ પંચાયત કચેરી,**
**મુ.ડુંગરપુર, તા.પાલીતાણા, જિઃભાવનગર** ........સામાવાળા

**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી જમાલભાઈ ઈશકભાઈ સમાનો પુત્ર મહમદભાઈ જમાલભાઈ સમાનો જન્મ તા.૧૦/૧૨/૧૯૯૨ના રોજ મોજે. ડુંગરપુર, તા. પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના પુત્રના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના પુત્રના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, ડુંગરપુર ગ્રામ પંચાયત કચેરી, મુ.ડુંગરપુર, તા.પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૦૩-૦૭-૨૦૨૬

**કોર્ટનો સિક્કો** **સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા**

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં-પાલીતાણા**
**બી.એન્ડ ડી. રજી નં.૧૩૪/૨૦૨૬**

**શ્રી મધુબેન ઉકાભાઇ રંગપરા તે**
**હીરજીભાઇ ખોડાભાઇ ગુજરાતીના પત્ની**
**રહે, સેંજળીયા, તા.પાલીતાણા** ......અપીલવાળા

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રાર અને**
**તલાટી-કમ-મંત્રીશ્રી, જામવાળી-૧ ગ્રામ પંચાયત કચેરી,**
**મુ.જામવાળી-૧, તા.પાલીતાણા, જિ.ભાવનગર** ........સામાવાળા

**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી મધુબેન ઉકાભાઈ રંગપરાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૫ના રોજ મોજે. જામવાળી-૧.તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રી ના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, જામવાળી-૧ ગ્રામ પંચાયત કચેરી, મુ.જામવાળી-૧, તા.પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૧૦-૦૭-૨૦૨૬

**કોર્ટનો સિક્કો** **સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા**

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં-પાલીતાણા**
**બી.એન્ડ ડી. રજી નં.૮૯/૨૦૨૬**

**શ્રી અનંતરાય હરજિભાઇ જોષી**
**રહે, ગાયત્રી મંદીર પાસે, બહારપરા, પાલીતાણા** ......અપીલવાળા

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રાર અને**
**તલાટી-કમ-મંત્રીશ્રી, વડાળ ગ્રામ પંચાયત કચેરી,**
**વડાળ, તા.પાલીતાણા, જિઃભાવનગર** ........સામાવાળા

**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી અનંતરાય હરજિભાઈ જોષીનો પુત્ર શ્રી ભાવેશભાઈ અનંતરાય જોષીનો જન્મ તા.૨૪/૦૪/૧૯૮૬ના રોજ મોજે.વડાળ, તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના પુત્રના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના પુત્રના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, વડાળ ગ્રામ પંચાયત કચેરી, તા.પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૧૦-૦૭-૨૦૨૬

**કોર્ટનો સિક્કો** **સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા**

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં-પાલીતાણા**
**બી.એન્ડ ડી. રજી નં.૧૩૯/૨૦૨૬**

**શ્રી શંભુભાઇ ભોળાભાઇ રાઠોડ**
**રહે.પીપરડી-૨, તા.પાલીતાણા** ......અપીલવાળા

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રાર અને**
**તલાટી-કમ-મંત્રીશ્રી, પીપરડી-૨ ગ્રામ પંચાયત કચેરી,**
**મુ.પીપરડી-૨, તા.પાલીતાણા, જિઃભાવનગર** ........સામાવાળા

**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી શંભુભાઈ ભોળાભાઈ રાઠોડની પુત્રી ખુશાલીબેન શંભુભાઈ રાઠોડનો જન્મ તા.૨૬/૦૭/૨૦૧૨ના રોજ મોજે.પીપરડી-૨, તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીની પુત્રીના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમની પુત્રીના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, પીપરડી-૨ ગ્રામ પંચાયત કચેરી, મુ.પીપરડી-૨, તા. પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૧૦-૦૭-૨૦૨૬

**કોર્ટનો સિક્કો** **સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા**

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં-પાલીતાણા**
**બી.એન્ડ ડી. રજી નં.૧૮૩/૨૦૨૬**

**શ્રી ગુલામહુસેન ઇરશાદહુસૈન સૈયદ**
**રહે.પરીમલ સોસાયટી, સીપાઇજુમાતની વાડીની સામે, પાલીતાણા.** ......અપીલવાળા

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રાર અને**
**ચીફ ઓફિસરશ્રી નગરપાલીકાપાલીતાણા**
**તા.પાલીતાણા, જિઃભાવનગર** ........સામાવાળા

**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી ગુલામહુસેન ઈરશાદહુસૈન સૈયદનો જન્મ તા. ૧૯/૦૪/૧૯૭૦ના રોજ પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેઓના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણાનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૦૭-૦૭-૨૦૨૬

**કોર્ટનો સિક્કો** **સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા**




LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર આવૃત્તિ 8 તા. ૧૧-૦૭-૨૦૨૬, શનિવાર
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર
બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫




# ખોડલધામના ચેરમેન નરેશભાઈ પટેલના જન્મ દિવસની શહેરના અનાથ બાળકોને ભોજન અને ભેટ સાથે ઉજવણી









ભાવનગર,તા.૧૧

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે ખોડલધામ જિલ્લા સમિતિ, ભાવનગર દ્વારા સેવા અને સંવેદનાથી ભરપૂર એક વિશેષ કાર્યક્રમનું લીલા ગ્રુપ ઓફ કંપનીઝના એમડી કોમલકાંત શર્મા અને પૂર્ણિમાબેન શર્મા સહીત આગેવાનોની ઉપસ્થિતિમાં સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જન્મદિવસની ઉજવણી માત્ર ઉત્સવ પૂરતી સીમિત ન રહેતા, સમાજના વંચિત વર્ગ સુધી તેનો લાભ પહોંચે તેવા ઉમદા હેતુથી ભાવનગર સ્થિત તાપીબાઈ વિકાસ ગૃહ ખાતે નિવાસ કરતા અનાથ બાળકો સાથે આ દિવસની અર્થપૂર્ણ અને પ્રેરણાદાયી ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે કાર્યક્રમનો મંગલ પ્રારંભ લીલા ગ્રુપ ઓફ કંપનીઝના એમડી કોમલકાંત શર્મા સહિતના અન્ય સામાજિક આગેવાનોના હસ્તે દીપ પ્રાગટ્ય




તસવીર : ધવલ વાજા

કરીને કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત તમામ મહાનુભાવોએ નરેશભાઈ પટેલને તેમના જન્મદિવસ નિમિત્તે દીર્ઘાયુ અને સ્વસ્થ જીવનની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. આ વિશેષ પ્રસંગે તાપીબાઈ વિકાસ ગૃહના અનાથ બાળકોને પ્રેમપૂર્વક ભોજન પ્રસાદ કરાવવામાં આવ્યો હતો તેમજ તેઓને ઉપયોગી એવી શુભેચ્છા ભેટ અર્પણ કરીને બાળકોના ચહેરા પર સ્મિત રેલાવવાનો સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ પવિત્ર સેવાયજ્ઞમાં વિવિધ સામાજિક, શૈક્ષણિક અને સેવાકીય ક્ષેત્રના અગ્રણી મહાનુભાવોએ પોતાની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિ નોંધાવી કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. આ કાર્યક્રમમાં કોમલકાન્ત શર્મા, પૂર્ણિમાબેન શર્મા ઉપરાંત ડો. જે.પી. મૈયાણી, અશોકભાઈ કોટડીયા, રીતેશભાઈ લખાણી, ભુપતભાઈ પરમાર, માધુભાઈ વાઘાણી, પ્રણવભાઇ વૈદ્ય, ભરતભાઈ મોરી, હેમંતભાઈ ભટ્ટ, ખોડાભાઈ જાખણીયા, ડો. માલતીબેન મહેતા, ડો. તૃપ્તિબેન શ્રીધરાણી તથા રાનીબેન ચૌધરી જેવા અગ્રણીઓ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમે સેવાભાવનાનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

**લીલા ગ્રુપ ઓફ કંપનીઝના એમડી કોમલકાંત શર્મા અને પૂર્ણિમાબેન શર્મા, રમેશભાઈ મેંદપરા, ડો. જે.પી. મૈયાણી, અશોકભાઈ કોટડીયા, રીતેશભાઈ લખાણી, ભુપતભાઈ પરમાર, માધુભાઈ વાઘાણી, પ્રણવભાઇ વૈદ્ય, ભરતભાઈ મોરી, હેમંતભાઈ ભટ્ટ, ખોડાભાઈ જાખણીયા, ડો. માલતીબેન મહેતા, ડો. તૃપ્તિબેન શ્રીધરાણી તથા રાનીબેન ચૌધરી સહીતની ઉપસ્થિતિમાં ખોડલધામ જીલ્લા સમિતિ ભાવનગર દ્વારા તાપીબાઇ વિકાસ ગૃહ ખાતે સેવા અને સ્નેહની ઉજવણી**

# ભાવનગરમાં અશાંત ધારાની કડક અમલવારી: મિલકત ભાડે આપવા મામલે વધુ એક આરોપી વિરુદ્ધ કાર્યવાહી

## ગેરકાયદેસર રીતે ખરીદાયેલી મિલકતો પણ ખાલી કરાવાઈ

ભાવનગર,તા.૧૧

ભાવનગર શહેરમાં 'અશાંત ધારા'ની કડક અમલવારી કરવામાં આવી રહી છે. અગાઉ આ કાયદાના ભંગ બદલ ભાવનગર જિલ્લાનો પ્રથમ અને રાજ્યનો બીજો ગુનો નોંધી કુલ ૦૬ આરોપીઓ સામે કાર્યવાહી કરાઈ હતી, જેના પરિણામે ગેરકાયદેસર રીતે ખરીદાયેલી મિલકતો પણ ખાલી કરાવાઈ હતી.

તાજેતરમાં ઘોઘા રોડ પોલીસ મથકમાં અશાંત ધારા એક્ટની કલમ-૬(ડી) અને ભારતીય ન્યાય સંહિતા મુજબ નવો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જેમાં મિલકત માલિક ભરતકુમાર કોઠારી (રહે.ઈસ્કોન મેગાસીટી) અને ભાડુઆત દિલશાદબેન શાહ (રહે.સ્નેહ મિલન સોસાયટી) સામે ફરિયાદ નોંધાઈ હતી. આ કેસની તપાસ પેરોલ ફર્લો સ્કવોડના પીએસઆઈ વી.બી. ચૌધરી ચલાવી રહ્યા છે અને પંચનામા સહિતની કાનૂની પ્રક્રિયા પૂર્ણ કરી છે.

આ સઘન તપાસ દરમિયાન ભાડુઆત તરીકે વધુ એક શખ્સ પરવેઝભાઈ નઝીરભાઈ બુખારી (રહે. નવાપરા, આશીયાના પાર્ક) નું નામ ખૂલતાં પોલીસ દ્વારા તેની સામે પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કામગીરીમાં પીએસઆઈ વી.બી. ચૌધરી સાથે સ્ટાફના ભયપાલસિંહ ચુડાસમા, પ્રદીપસિંહ ગોહીલ, ચંદ્રસિંહ વાળા, બળદેવભાઇ મકવાણા અને હરપાલસિંહ જાડેજા જોડાયા હતા.



**અશાંતધારાનો ભંગ કરનાર સામે કડક કાર્યવાહી કરાશે**

**આથી તમામ નાગરિકોને જણાવવામાં આવે છે કે, ભાવનગર શહેર વિસ્તારમાં સરકાર દ્વારા જાહેરનામું બહાર પાડી અશાંત વિસ્તાર તરીકે જાહેર કરેલ વિસ્તારમાં કોઈ પણ પ્રકારના અશાંત ધારાના કાયદાનો ભંગ કે ઉલ્લંઘન જણાય આવ્યે તેની માહિતી જિલ્લા પોલીસને જણાવી શકે છે.તેની તપાસ કરી કાયદાકિય કાર્યવાહી કરવા ભાવનગર જિલ્લા પોલીસ કટિબધ્ધ છે.**

# હાદાનગરમાં નજીવી બાબતે યુવાન અને તેના પિતરાઈ ભાઈ પર હુમલો

ભાવનગર,તા.૧૧

શહેરના હાદાનગર વિસ્તારમાં ગત રાત્રે ઘર પાસે ઉભા રહેવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીમાં મારમારીનો બનાવ બન્યો હતો, જેમાં બે યુવાનોને ગંભીર ઈજાઓ થયાની બોરતળાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર, હાદાનગરની શિવ શક્તિ સોસાયટીમાં રહેતા પરેશભાઈ ભરતભાઈ આલ ઉ.વ.૩૨ ગત રાત્રે તેમના દાદાના ઘર પાસે ઉભા હતા. તે સમયે પાડોશમાં રહેતા શામળાભાઈ શેલાણાએ ત્યાં ઉભા રહેવાની ના પાડી ગાળો ભાંડી હતી. વાત વણસતા શામળાભાઈએ પરેશભાઈને લાફો ઝીંકી દીધો હતો. ત્યારબાદ તેમના પુત્ર મિલન શામળાભાઈ, અલ્પેશ જબરાભાઈ અને મુન્નાભાઈ કુકાભાઈ પણ ત્યાં ઘસી આવ્યા હતા.

અલ્પેશે પરેશભાઈના માથામાં લાકડીનો ઘા ઝીંક્યો હતો અને મુન્નાભાઈએ ઢીકાપાટુનો માર માર્યો હતો. ઝઘડો જોઈને વચ્ચે પડેલા પરેશભાઈના પિતરાઈ ભાઈ તુષારને પણ મુન્નાભાઈએ માથામાં લાકડી ફટકારી દેતા તે લોહીલુહાણ થયો હતો. બૂમાબૂમ થતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા, જેથી હુમલાખોરો જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં પરેશભાઈને માથામાં ૨ અને તુષારભાઈને ૯ ટાંકા આવ્યા હતા. આ મામલે ભોગ બનનારની ફરિયાદના આધારે બોરતળાવ પોલીસે ૪ શખ્સો સામે બી.એન.એસ. કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ અને જી.પી.એ. ૧૩૫ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**બોરતળાવ પોલીસ મથકમાં ૪ શખ્સો સામે ફરિયાદ નોંધાવાઈ**

# તિલકનગરમાં જમવા બાબતની જૂની અદાવતમાં યુવાન પર જીવલેણ હુમલો

## મિત્રોએ જ છરી અને લોખંડના પાઈપ વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી, ઘોઘારોડ પોલીસમાં ૫ શખ્સો વિરુદ્ધ ગુનો દાખલ

ભાવનગર,તા.૧૧

શહેરના તિલકનગર વિસ્તારમાં અગાઉની બોલાચાલીની અદાવત રાખી એક યુવાન પર તેના જ મિત્રો દ્વારા છરી અને પાઈપ વડે હુમલો કરાયાની ઘટના સામે આવી છે. જેની ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની વિગત મુજબ તિલકનગરના મહાવીરનગર આડોડીયાવાસમાં રહેતા નિતેશભાઈ બીપીનભાઈ રાઠોડ (ઉ.વ.૩૨) ગઈકાલે બપોરે મેલડી માતાના મંદીર પાસે બેઠા હતા. ત્યારે તેમના મિત્ર વિકાસ મકવાણાએ કામના બહાને તેમને પોતાની બાઈક પર બેસાડી આંગણવાડી પાસે લઈ ગયો હતો. ત્યાં અગાઉથી હાજર આકાશ, મેહુલ અને અમૃતે થોડા દિવસ પહેલાં જમવા બેઠા હતા ત્યારે થયેલી માથાકૂટનો ખાર રાખીને ગાળો બોલવા લાગ્યા હતા.

નિતેશભાઈએ વિરોધ કરતા ઉશ્કેરાયેલા વિકાસે લોખંડનો પાઈપ અને મેહુલે કપાળના ભાગે છરીના ઘા ઝીકી દીધા હતા. અમૃતે પણ છરી વડે પીઠ અને ગાલ પર હુમલો કર્યો હતો, જ્યારે આકાશે ઢીકાપાટુનો માર માર્યો હતો. બૂમાબૂમ થતા લોકો ભેગા થઈ ગયા હતા, જેથી ચારેય હુમલાખોરો ભાગ્યા હતા, પરંતુ અમૃતનો ભાઈ હકો ત્યાં આવીને નિતેશભાઈને વધુ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ગયો હતો.૧૦૮ મારફતે લોહીલુહાણ હાલતમાં યુવાનને સર.ટી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો,આ ઘટના અંગે નિતેશભાઈએ ઘોઘારોડ પોલીસ મથકમાં પાંચેય શખ્સો વિકાસ, આકાશ, મેહુલ, અમૃત અને હકો વિરુદ્ધ બી.એન.એસ. કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એ. ૧૩૫ હેઠળ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.




# ભાવનગર સુધી લંબાવાશે અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ વે

## ૩ મહિનામાં કામગીરી શરૂ કરવા કેન્દ્રીય રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીનો નિર્દેશ, બે કલાકમાં અમદાવાદથી ભાવનગર પહોંચી જવાશે


પ્રતિકાત્મક તસ્વીર

અમદાવાદ,તા.૧૧

અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વેને ભાવનગર સુધી લંબાવવાની કામગીરી આગામી ૩ મહિનામાં શરૂ કરાશે. તેવો નિર્દેશ કેન્દ્રીય રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ આપ્યો છે.આ એક્સપ્રેસ-વે શરૂ થતાં જ સામાન્ય ટ્રાફિકમાં બે કલાકમાં અમદાવાદથી ભાવનગર પહોંચાશે. હાલ આ મુસાફરીમાં ચાર કલાક જેટલો સમય થાય છે.

કેન્દ્રીય રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ રાજ્યના નેશનલ હાઈવેના કામોની સમીક્ષા માટે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકના પ્રેઝન્ટેશનમાં મુખ્યત્વે વડોદરા-મુંબઈ નેશનલ હાઈવે-૪૮ના સિક્સ લેન, મોરબી-સામખિયાળી માર્ગ પરના સામખિયાળી-માળિયા સેક્શન પરના કામો, રાજકોટ-ગોંડલ-જેતપુર રોડ, અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ-વે, અમદાવાદ-ગોધરા-ઈન્દોર રોડ તેમજ જામનગર-અમૃતસર એક્સપ્રેસ-વે, પાલનપુર-સામખિયાળી કોરિડોર અને અમદાવાદ-શામળાજી સિક્સ લેન પ્રોજેક્ટ્સની વિગતો આપી હતી. અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વે ભાવનગર સુધી લંબાવાથી ભાવનગરની કાયા પ્લાંટ થશે ધંધા રોજગાર વધશે અને અમદાવાદની આવી જવાથી વેપાર ઉદ્યોગને પણ ફાયદો થશે.

અલાઈનમેન્ટમાં આવતા વૃક્ષોનું તે જ રોડ પર અન્યત્ર ટ્રાન્સપ્લાન્ટ કરીને રોડ વિસ્તરણ થાય તે માટે પણ નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત પાલનપુર-સામખિયાળી કોરિડોરની કામગીરીની ગતિ વધારવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા અનુરોધ કરાયો હતો.